
કુમાર

આવતી કાલનાં નાગરિકોનું પત્ર

સોળમા સદીના મધ્યકાળમાં રાવ જોધાજીએ બંધાવેલો



જોધપુરનો ૪૦૦ વર્ષજૂનો કિલ્લો : ફોટો· મદનમોહન શર્મા

તંત્રી · રવિશંકર રાવળ


સપ્ટેમ્બર ૨૧૩ ૧૯૪૧

સંપાદક · બચુભાઈ રાવત




કુમાર પ્રત્યેક અંગ્રેજી મહિનાની પંદરમી તારીખે બહાર પડે છે

મુદ્રક·બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક–રવિશંકર રાવળ, કુમાર પ્રિન્ટરી. કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક રૂ. ૬, બ્રહ્મદેશના રૂ. ૬॥, પરદેશના ૧૨ શિ., છૂટક દસ આના: મુંબાઇમાં: કુમાર ઑફિસ, ૧૩૬–૧૪૨ મેડોઝ સ્ટ્રીટ મુંબાઈ–૧; તથા બીજા એજન્ટો: આર.આર શેઠની કં., પ્રિન્સેસ સ્ટ્રીટ ને રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબાઇ–૨



રસાસ્વાદ

કલાકાર : શ્રી પી. આર. રૉય · એમના પરિચય માટે જુઓ અંદર



હરીફાઇનું પરિણામ

ડાબી બાજુ ઉપરથી અનુક્રમે (૧) 'સરાણીઓ'–બાબુ ભણસાલી (મહુવા) પહેલું ઇનામ; (૨) 'સૂર્યમંદિર ઉદેપુર'–આર. એમ. મિસ્ત્રી (નડીઆદ) નોંધપાત્ર; (૩) 'ગામ બહાર'–કૃષ્ણ પરીખ (મુંબાઇ) નોંધપાત્ર; (૪) 'ઘર તરફ'–નવનીત શાહ (અમદાવાદ) બીજું ઇનામ; (૫) 'નિદ્રાને ખોળે'–હાસમ સુતાર (નડીઆદ) ત્રીજું ઇનામ; (૬) 'જલતરંગ'–મદનમોહન આર શાહ (અમદાવાદ) નોંધપાત્ર.

ધ્રુવને

• સ્રગ્ધરા •

ઘૂમે નક્ષત્રમાળા, અનવરત અશેષે ઘૂમે સર્વ તારા,
ઘૂમે સ્વર્ગંગ, ઘૂમે ગ્રહ ઉપગ્રહ ને સૂર્ય સોમે નિરાળાઃ
બ્રહ્માંડે એક એમાં અવિચલ ધ્રુવ! તું શાન્ત એકાન્ત ખૂણે
અન્તર્ધ્યાને વિરાજે સુનીતિસુત, અહો બદ્ધ પદ્માસનસ્થ!
સ્પર્શે સ્થાને ન તારે રજ તમ ગુણના ચિત્તવૃત્તિ સમીર,
હૈયે તારે અલિપ્તે અવિરત ઝળકે સચ્ચિદાનંદ-દીપ.
રાગ્ર ના, કાળ ના, ના પ્રકૃતિગતિ ત્યહીં, હે પ્રશાન્ત પ્રસન્ન!
વાંછું એ સ્થૈર્ય તારું વિમલહૃદય હે સિદ્ધઆદર્શ! દિવ્ય.

કિન્તુ મારે નસીબે અનવરત હજી વિશ્વમાં ઘૂમવાનું
આશા તૃષ્ણા પ્રયત્ને અડગ, પરમ આદર્શને પામવાને.
તું મારું લક્ષ્ય; કિન્તુ નહિ જ વિરમું જો થાઉં ના પૂર્ણકામ.
સિદ્ધિ ના–સાધ્ય ના–તો ધ્રુવપદ કહીં? હું માનું છું આટલું કે
તું જેવો પ્રાણ રાખું દૃઢ અફર પછી તુચ્છ છે સ્થૈર્ય અન્ય;
છો મારે લાખ તારા સમ રઝળવું સોત્કંઠ આદર્શપન્થ.

પારાશર્ય

સામયિક ચિંતન

તમે કેવા છો ?
વ્યવહારદક્ષ કે વિચારદક્ષ ?

તમે એક સમયસાધક વ્યવહારૂ માણસ છો કે માત્ર સ્વપ્નદર્શી અને આદર્શવાદી જ છો? તે બરાબર જાણવું હોય તો માનસશાસ્ત્રીઓએ ઠરાવેલી નીચેની કેટલીક ચિકિત્સા કરી જુઓ.

અ—'કાં ભાઈ? કેમ છો?'

બ—આવો, સારૂં છે.

આટલી વાતચીત એક મહત્ત્વપૂર્ણ નમૂનો છે. આ સાદા પ્રશ્નોમાં તો તમારા સ્વભાવની અને નસીબની ચાવી સમાયેલી છે. સોમાં નવાણું જણા તેમાંનું એક જ વાક્ય ઉચ્ચારશે. એ કયું? તમારી જાતને જ પૂછો કે તમે તમારા પિછાનદારને પહેલે જ તબક્કે આવકારો છો, કે જરા જેટલો વિલંબ કરી તેને પ્રથમ પૂછવાની તક આપો છો? એ જરા જેટલી પળમાં ચારિત્ર્યની કિંમતી કસોટી છે.

ઉપલા સંવાદમાં પ્રશ્ન પૂછનાર 'અ' વર્ગવાળા સ્વભાવતઃ વ્યવહારપીઢ બનેલા હોય છે અને તેમનામાં તુરત વર્તન કરવાની ટેવ છે. પણ અક્કડ રહેલા 'બ' ભાઈ ઘણે ભાગે કલા-માનસ (આર્ટિસ્ટિક ટેમ્પરામેન્ટ) વાળા હોય છે. તેમનામાં આદર્શપ્રેમીઓ, સ્વપ્નદ્રષ્ટાઓ, કવિઓ વગેરે સમાઈ જાય છે.

વળી, બહુ જ થોડા માણસો સ્પષ્ટ રૂપે એક જ વર્ગના હોય છે. આપણે બધા એ બંને વર્ગનું સંમિશ્રણ ધરાવીએ છીએ. પછી તેમાંના એકનો અંશ ચડતો હોય કે કમી હોય.

હવે તમારા પર એક બીજો પ્રયોગ કરી જુઓ. તમારામાં કયો અંશ ચડિયાતો છે તેની એ એક વિચિત્ર કસોટી છે.

તમારા બંને હાથ ભીડો અને આંગળાં સામસામા ગાળામાં ભરાવો. તદ્દન સહજપણે ને જરા યે પ્રયત્ન કર્યા વગર જ એ કરજો. ને પછી જુઓ કે કયો અંગૂઠો ઉપર રહે છે.

ક્રિયાપરાયણ માણસનો જમણો અંગૂઠો જ ઉપર આવવાનો; અને વિચારપરાયણ માણસનો ડાબો અંગૂઠો ઉપર રહેવાનો. એનું કારણ ન પૂછવું. કોઈ નહિ કહી શકે. પણ એ અજમાવી જુઓ અને તમને બરોબર પરિણામ આપશે.

જમણા અંગૂઠાવાળાનું મગજ વ્યવહારૂ બાબતો ઉપર ચોંટેલું છે અને તે પ્રાપ્ત પણ કરી શકે છે. તેવો માણસ ફતેહમંદ ધંધાશાળી હોય છે. ફુરસદના દિવસે તેનો સમાગમ સરસ નીવડે છે. દેખાવમાં તે જીવનનો ખૂબ લાભ ઉઠાવતો જણાય છે, પણ તે સાથે રસવૃત્તિના અંતરા પ્રસાદોથી તે હમેશાં વંચિત રહે છે.

ડાબો અંગૂઠો ખુદ જીવનનું ચિંતન કરે છે. અપાર્થિવ, અમર્ત્ય એવી ઝંખનાઓને લીધે દુનિયાદારીની નજરે તો એ નિષ્ફળતા જ પ્રાપ્ત કરે છે. 'તરત દાન'નું પુણ્ય મેળવનાર વ્યવહારૂની પેઠે તેનું ગાડું સરળ ચાલતું નથી. છતાં તેના માટે સાવ અશક્ય એવાં સત્યોની સમીપ તે પહોંચી ગયો હોય છે. સહાનુભૂતિ અને સચ્ચાઇમાં તે વધી જાય છે અને કાયમ વિશ્વાસપાત્ર હોય છે.

આવી બાબતના પ્રયોગો માટે માનસશાસ્ત્રીઓએ દસ પ્રશ્નો ઘડી કાઢ્યા છે. તેનો પ્રામાણિક જવાબ મળે તો દરેક જણ પોતાનો ખરો વર્ગ સમજી શકે. ધારો કે નીચેના બધા પ્રશ્નોના જવાબ 'હા' આવે તો તમારા ઘડતરના મસાલામાં સ્વપ્નદર્શીનું તત્ત્વ પ્રબળ છે એમ માનવું. પ્રામાણિક 'નકાર' થાય તો જરૂર તમે એક વ્યવહારદક્ષ પુરુષ છો.

(૧) તમારી ઓળખાણનું મંડળ ખાસ પસંદગીનાં જ પાત્રોનું બનેલું છે?

(૨) તમને વાતવાતમાં ઓછું આવે છે અથવા દુઃખ લાગે છે?

(૩) તમને એકલાં જ કામ કરવું ગમે છે?

(૪) લોકોને કામ કરતાં જોઇ તેમનામાં જોડાઇ જવાનું તમને મન થાય ખરૂં?

(૫) તમે બેઠાબેઠા તરંગો કરો છો?

(૬) તમે જે કામ લઇ બેસો તેમાં અતીવ મશગુલ થઇ જાઓ છો ખરા?

(૭) તમને રાક્ષસો પકડવા આવતા હોય અને તમે નાસતા હો એવાં સ્વપ્ન આવે ખરાં?

વ્યવહારદક્ષ માણસમાં બીજો એ પણ ફેર છે કે તે કોઇ પણ વાતનો નિર્ણય તુરત કરી લે છે; તરંગવશ માણસ શું કરવું તે ઘણીવાર કહી શકતો નથી ને પ્રસંગના વળ જોયા કરે છે.

દષ્ટિભેદની પણ એક કસોટી છે. જેથી એકમાં લોઢા જેવું નિશ્ચયીપણું જણાય છે, જ્યારે બીજામાં બધું ય સ્વીકારવાની વિશાળ દષ્ટિ પણ જુદી પડે છે. તરંગવાદીને બેચાર વિરોધી વાતોનો સામનો કરવો પડે તો તે બધાંને આવકારે અને બંનેની સત્યતા જુએ; પણ તેનો પ્રતિદ્વંદ્વી તો એકને હિસાબમાં રાખી નકામા બધાને બાદ કરી નાખે છે.

લ્યો ત્યારે; હવે આ પૂરૂં કરતાંકરતાં પણ તમારા સ્વભાવની પરીક્ષા કરનારો એક પ્રયોગ છેવટનો કરી લ્યો. આ લેખ વાંચતાંવાંચતાં તમને, તમે પોતે 'અ' વર્ગમાં છો કે 'બ' વર્ગમાં, તેના વિચાર આવ્યા હશે જ; તેમજ તમારા મિત્રો ઉપર આ પ્રયોગનું શું પરિણામ આવે છે તે જોયું હશે. તમે ચોખ્ખેચોખ્ખા 'અ' વર્ગના સભ્ય હશો તો આ કસોટી તમારા પર લગાડવાનું તમને ભાગ્યે જ સૂઝ્યું હશે.

(ડબલ્યુ. શેફર્ડના અંગ્રેજી લેખ ઉપરથી).

★

જીવનની કિંમત-મૃત્યુ

દુનિયામાં કોઈ પણ ચીજ સુંદરમાં સુંદર રૂપ વાળી હોય તો તે મૃત્યુ છે. મૃત્યુ એ અણમોલ ચીજ છે. સ્વતંત્રતા

મરણુ માંહ્ય જવું જીવી ધ્યેય જો પુરુષના પુરુષાર્થ અજેય તો.

મેળવવા માટે મૃત્યુની ભેટ હમેશાં સ્વાતંત્ર્યવેદી પર ધરવી જ જોઇએ. આજે માણસ એકેએક વસ્તુ કરવા તૈયાર હોય છે, એકેએક ચીજ પ્રાપ્ત કરવા તે તલપાપડ થાય છે, પણ એક જ ચીજ માટે તે તૈયાર નથી હોતો; અને તે ચીજ છે મૃત્યુ માણસ મોત પસંદ કરવા કરતાં હલકામાં હલકું કામ કરવા તૈયાર થઈ જશે. એ વૃત્તિ ન હોવી જોઇએ. ધ્યેયને ખાતર જાન ફના કરવી એ શૂરવીરોનું કામ છે.

આજે આપણામાં એક મર્દમાં હોવી જોઈતી શક્તિ નથી. જેનામાં સાહસ નથી, જેનામાં તાકાત અને કામ કરવાની દઢતા નથી તે પોતાની જાતને મનુષ્ય કહેવડાવવા લાયક નથી. ઇગ્લૅન્ડમાં આજે બોમ્બ પડી રહ્યા છતાં ય ત્યાંના લોકો જરા પણ ડગ્યા વિના ધૈર્ય અને બહાદુરીથી એ સહી રહ્યા છે અને પોતાનાં રોજિંદાં કામો સ્વાભાવિકપણે કર્યે જાય છે. એ શક્તિ આપણામાં નથી. મોતને ભેટવાની તાકાત નથી. જ્યાં સુધી એ શક્તિ પ્રાપ્ત નહિ થાય ત્યાંસુધી સ્વરાજ્ય લેવાની વાતો કરવી નકામી છે. બજારમાં સોના-ચાંદીની ચીજ ખરીદવા જાઓ છો અને તમને જોઈતી ચીજ કિંમત આપી તમે ખરીદી લો છો. તેમ સ્વરાજ્ય લેવું હોય તો તેની પણ પૂરેપૂરી કિંમત આપવી જોઇએ.

મનુષ્યમાં શરીરબળ અને માનસિક બળ એ બે ચીજો હોવી બિલકુલ જરૂરી છે. એકાન્તમાં બેસી તમારા હૃદયને તમે પૂછી જોજો કે એ બે ચીજો તમારામાં છે? ન હોય તો તે મેળવવા પ્રયત્ન કરો. પણ આજે આપણને એ ચીજો હોવી જોઇએ છતાં ન હોવા બાબત શરમ આવતી નથી.

અમદાવાદમાં છ લાખની વસતિમાં વ્યાયામ કરતા ત્રણ હજાર નવજુવાનો છે. તે ખૂબ થોડા છે. છ લાખની વસતિમાંથી એક લાખ યુવાનો નીકળી પડવા જોઇએ કે જે અમદાવાદની આબરૂ લૂંટાતી બચાવી શકે. ગુજરાતમાં ભારે સાહસ છે અને મોટી શક્તિઓ છે, પણ તે બીજે માર્ગે ચડી ગઈ છે 'લીધા-દીધા'માં સાહસ અને શક્તિ વપરાતી રહી છે. આજે નવજવાને નવજવાન બન્યે જ છૂટકો છે. ગુજરાતીઓને આજે કોઈ ચીજ ખોવાઈ જાય એવી લાગતી હોય તો તે પૈસા છે, આબરૂ નથી. આ સ્થિતિમાં સબડી રહેલો સમાજ કેવી રીતે ઉન્નત થઈ શકે?

મારા ઉપર ગુજરાત-કાઠિયાવાડનો ભારે ઉપકાર છે. જ્યારે સરકારે મને મૃત્યુદંડને પાત્ર ગણ્યો, મને માણસ તરીકે જીવવા માટે નાલાયક ગણ્યો ત્યારે એ જ ગુજરાતની ભોમે મને આશ્રય આપ્યો. મારૂં એ ઋણ ફેડવા આજે હું મથી રહ્યો છું. મારે ફક્ત સો નવજવાનની જરૂર છે કે જેઓ 'સેવા અને પ્રેમ'ની મુદ્રા ધારણ કરે. મારી યોજનાનો ઉદ્દેશ માણસમાં જે ખરો 'મનુષ્ય' રહેલો છે અને જે અત્યારે સૂતેલો છે તેને જગાડવાનો છે.

કેવળ વ્યાયામશાળાઓ અને અખાડાઓ ખોલ્યે નહિ વળે. માદરે વતન માટે મરી ફીટવાની અને ભારત મૈયાની ગુલામીની બેડીઓ તોડવાની તમન્ના સેવવી જોઇએ.

(સરદાર પૃથ્વીસિંહ)

★

આપણા જીવનની ઊણપ

રઘુભાઇની સાથે વાતો કરતાં એક દિવસ અમે આપણા દેશના વહાણવટા પર વિચાર દોડાવવા લાગ્યા. અને મને વધારે સ્પષ્ટ લાગ્યું કે આપણો આવડો મોટો દરિયો ને આપણે પરદેશી સ્ટીમરોથી જ ચલાવવું પડે! ત્યારપછી તો રાત્રે ઘણાંઘણાં સ્વપ્નાં આવ્યાં ને આપણા જુવાનો આ દિશામાં કેમ વધારે ને વધારે ઝંપલાવે એવા મનસૂબા કર્યાં આ દિશામાં આપણી પરદેશી સરકાર, આપણી ગરીબાઈ વગેરે અનેક કારણો પડયાં છે એ હું સમજું છું, પણ આપણામાં આવા જીવન માટે જે વેગ ને સાહસ આવવાં જોઇએ એ નથી એનું મને તો ભારે દુઃખ છે. હિમાલય આપણો અને તેની શોધખોળ કરે જર્મનીવાળા અને ફ્રાંસવાળા. એ લોકો ચડે, પડે, ખરે, છતાં ય પાછા ચડે. આપણા કરોડો લોકો દર વર્ષે હિમાલયની યાત્રા કરે. પણ આપણે કોઈ એની તપાસ પાછળ મરવાના ખરા?

આપણા દેશજીવનનાં આવાં અનેક ક્ષેત્રો આજે પડયાં છે ત્યાં આપણે ઝંપલાવવું જોઇએ અને આપણી વીર્યવત્તા ત્યાં ખીલવવી જોઇએ. આપણા લોકોમાં આવો વીર્યોદ્રેક કેવી રીતે આવે? જુઓને, આજે તો આપણા બે શિક્ષકોને ચાર દિવસ મુસાફરીએ નીકળવું પડે ત્યારે આપણે ત્યાં ટાઢ વાય છે. દેશ-પરદેશોમાં આવાં સાહસોમાં ઝંપલાવવું એ જાતે જ કેળવણી છે. અને આપણી આખી પ્રજા આજે આ કેળવણીથી વંચિત રહે છે. સિપાહી થવું, વિમાની થવું, ઉત્તર ધ્રુવની સફરોમાં જવું, હિમાલય પર ચડનાર મંડળીમાં જવું, ભારતવર્ષ ફરતો જે અફાટ સાગર પડયો છે તેમાં અનેક સ્થાને ડૂબકીઓ મારવી, ભારતના ડુંગરાઓને આપણા પગ તળે કાઢી નાખવા,—આવાં આવાં સાહસ આપણામાં કયારે આવે? આવાંઆવાં કામો માટે આપણું લોહી ઉછાળા મારી રહેવું જોઇએ. આપણા દેશના રખડુ ગણાતા છોકરાઓને આ માર્ગે લીધા હોય તો ભારે ચમત્કાર કરે એમાં મને શંકા નથી.

પણ આવા વિચારો આજે ૫૪ વર્ષે આવે તેનું શું થાય? આ ખેપ તો હવે ખલાસ થવા આવી. (નાનાભાઇ)

માનવતાની સમુત્ક્રાંતિ ભણી વહેતી જગતની વણઝારનાં એક વિરલ પ્રવાસી

ગઈ કાલનો નકશો આજે ફરી જાય, આજનો સમ્રાટ આવતી કાલે સામાન્ય માણસ બની જાય, પરમ દિવસની સરકાર આજે બંદીવાન બની જાય અને આજનું નગર આવતી કાલે ભસ્મીભૂત થઈને ઉજ્જડ વેરાન બની જાય એવી, સર્જન અને સંહારની અકળ લીલા આજે પૃથ્વી પર ખેલાઈ રહી છે. કોઈ પણ ચીજ આજે સલામત નથી, સ્થિર નથી. આજનો મહાન સિદ્ધાંત આવતી કાલે પામર બની જાય છે; આજે ઉત્થાન પામેલા આદર્શનું આવતે અઠવાડિયે કરુણ અધઃપતન થાય છે. રાષ્ટ્રીયતા, સંસ્કાર ને સંસ્કૃતિની ભયાનક અથડામણો ને જબ્બર ટક્કરો થઈ રહી છે. જાણે મનુનો મન્વંતર બદલાતો હોય એવાં ચિહ્નો દેખાય છે.

છતાં, મૂલ્ય અને મહત્તાના આ ચલિત જમાનાથી અસ્પૃશ્ય રહીને, સંહારના આ તાંડવથી જરા યે થડક્યા વિના, માનવતાની સમુત્ક્રાંતિ ભણી જતી વણઝારમાં પોતાનો અંશ પૂરનાર વિરલ વણઝારાઓ—એ અખંડ જીવનયાત્રીઓ નિજ શ્રદ્ધાની જ્યોતને અજવાળે પોતાનો માર્ગ કરી રહ્યા છે, પોતાની મજલ કાપી રહ્યા છે. મૃત્યુને પણ મારનારા આ અમર યાત્રાળુઓના સંઘમાં રાષ્ટ્ર, જાતિ કે સંસ્કૃતિના ભેદભાવ આપમેળે ઓગળી ગયા હોય છે.

અનુભવજન્ય આત્મશ્રદ્ધાની મશાલને અજવાળે નિજ માર્ગ કાપતી આવી એક વિભૂતિ, શ્રીમતી સોફિયા વાડિયાની જીવનરેખા દોરવાનો અહીં નમ્ર પ્રયત્ન છે.

ઇ. ૧૯૦૧ના સપ્ટેમ્બરની ૧૩મી તારીખે યુનાઇટેડ સ્ટેટ્સના કોલંબિયા પ્રાંતના બોગોટા પરગણામાં જન્મ; પ્રાથમિક શિક્ષણ પારિસમાં અને ઉચ્ચ શિક્ષણ ન્યૂ યૉર્કમાં; ઇ. ૧૯૨૩માં થીઑસોફીનો પ્રથમ પરિચય. ઇ. ૧૯૨૮ના સપ્ટેમ્બરની ૧૪મી તારીખે લંડનમાં જાણીતા થીઑસોફિસ્ટ શ્રી બી.પી. વાડિયા સાથે લગ્ન; અને ૧૯૨૯ના મે મહિનામાં હિંદુસ્તાનમાં આગમન. બસ; હકીકતની દૃષ્ટિએ આટલી જરૂરી સામગ્રી.

પરંતુ મનુષ્ય માત્ર હકીકતોનો બનેલ નથી. એ, સંજોગોમાંથી અકસ્માત જન્મેલું પ્રાણી નથી; પૂર્વજન્મોનાં સંચિત કર્મોનું ફળ અને એની સિદ્ધિ તથા નિષ્ફળતાઓ સાથે લઈને અવતાર પામેલ આત્મા છે.

પશ્ચિમમાં યુરોપિયન માબાપને પેટે જન્મ, પારિસનું પ્રાથમિક ઘડતર અને ન્યૂ યૉર્કના યૌવનસંસ્કાર—એને પરિણામે આપણે કલ્પના કરી શકીએ એવાં નમણાં રૂપલાવણ્ય, સંસ્કારિતા અને પ્રતિભાનો વિરલ સંગમ એ એમની સહજ સિદ્ધિ છે. છતાં આપણે જો એમને જોઈએ તો કહ્યા વિના માની ન શકીએ કે આ બાઈ હિંદી નથી; એટલાં એ સર્વાંગે હિંદી બની ગયાં છે.

થીઑસોફી સાથે એમનો પ્રથમ સંસર્ગ તો ૧૯૨૩માં થયો, છતાં એઓ જન્મથી જ શાકાહારી છે. અને આનું કારણ એમનું સ્વાભાવિક આંતરિક વલણ જ છે.

૧૯૨૩માં થએલા થીઑસોફીના સંસર્ગની સ્પષ્ટ અસર તો એઓ ૧૯૨૯માં હિંદ આવે છે ત્યારે સમગ્ર સ્વરૂપે પ્રકાશી ઊઠે છે. મને સ્પષ્ટ યાદ છે એ ૧૯૩૦ની સાલ. અમે વડોદરામાં એમને યુવકસંઘના આશ્રયે બે ભાષણો આપવા નોતર્યાં હતાં. એમણે વડોદરા કૉલેજના સૅંટ્રલ હૉલમાં ગીતા વિષે પહેલું વ્યાખ્યાન આપ્યું: 'ધ રિફ્યુજ ઑફ ધ સોલ' અને બીજું 'મેન્સ ઇટર્નલ ફે.' તે વખતની મારી લાગણી એવી છે કે જો આંખ મીંચી દઈએ અને એ વ્યાખ્યાન સાંભળીએ તો એમ જ લાગે, કે જેણે જીવનભર ગીતાનું મનનચિંતન કર્યું છે અને ગીતાના મર્મને જે પચાવી ગઈ છે એવી કોઈ આર્ય કુલનારી પુષ્પોની કુમાશથી અને આર્યદર્શનના ગાંભીર્યથી ગીતાનો સંદેશ સુણાવી રહી છે.

અને બીજે વર્ષે હું એમને જ્યારે ફરી મળ્યો ત્યારે, જાણે મારી કલ્પના અવતાર પામી હોય તેમ, મેં એમને સંપૂર્ણ હિંદી પહેરવેશમાં જોયાં.

ઈ. ૧૯૨૩માં થએલો થીઑસોફીનો પ્રથમ સંસર્ગ તો એમના જીવનનું એક મહત્ત્વનું સીમાચિહ્ન છે. કોઈ પણ ફિલસૂફીને મનુષ્ય જ્યારે પોતાના જીવનમાં પચાવવા અને પ્રકટ કરવા મથે છે ત્યારે એ તત્ત્વો સાથેનો એનો સંસર્ગ માત્ર બૌદ્ધિક નથી હોતો, માત્ર ભાવાવેશ ઉપર પણ એ અવલંબિત નથી હોતો. એ હોય છે સહજ જ્ઞાન ઉપર સ્થાપિત આત્મિક સંસર્ગ. આવી અવસ્થામાં શ્રદ્ધા માત્ર જ્ઞાન ઉપર અથવા દર્શન ઉપર મંડિત નથી હોતી, પણ શ્રદ્ધા એ સાક્ષાત્કારનું સ્વાભાવિક પરિણામ હોય છે. એટલે થીઑસોફીનો સ્વીકાર અને એની સાધનાનો સાક્ષાત્કાર એ સોફિયા માટે જીવન જેવી અને જેટલી સહજ અને અનિવાર્ય વસ્તુ બની ગઈ. બાકી ઘણી વ્યક્તિઓ આજે પચાસ

મેધા માતૃત્વ ને માનવતાની ત્રિવેણી સમાં

શ્રીમતી

સોફિયા વાડિયા



પચાસ વર્ષથી થીઑસોફીના સંસર્ગમાં છે, છતાં એમનો જીવનવિકાસ પરિમિત છે, સામાન્ય છે. આપણને એમ લાગે છે કે એવી વ્યક્તિઓનો સંબંધ એ ફિલસૂફી સાથે બૌદ્ધિક છે. એમણે હજી એને પચાવીને સાક્ષાત્ નથી કરી. આનો જવાબ પૂર્વજન્મના સિદ્ધાંતના દષ્ટિબિંદુથી આબાદ આપી શકાય તેમ છે. આવી વ્યક્તિઓ પાસે પૂર્વજન્મોનાં સંચિત કર્મોની મૂડી ગરીબ હોય છે અને આ જન્મનો પ્રયત્ન પણ પાંગળો હોય છે. પરંતુ કોઈ વિરલ વિભૂતિ જન્માને સભાન થતાં વિશ્વની કોઈ દિવ્ય શક્તિનો જાણ્યે અજાણ્યે સ્પર્શ પામે છે અને એનાં પૂર્વજન્મોનાં કર્મો પોતાનું સંચિત એને ખોળે ધરે છે. આવી રીતે એ પોતાના પૂર્વજન્મોની સિદ્ધિ વિષે જાગૃત થતાં અપૂર્વ વેગે એ આપોઆપ જીવનશક્તિ બની જાય છે. એનાં પ્રયત્ન અને પુરુષાર્થ પાંગળાં નહિ પણ પ્રેરણાદાયી બને છે.

સોફિયાની થીઑસોફીની વાત કરતી વખતે એક બીજી વાત પણ સ્પષ્ટ કરવાની જરૂર અનિવાર્ય છે. ઇ. ૧૮૭૫માં મૅડમ એચ.પી. બ્લૅવેટ્સ્કીએ સર્વ ધર્મના વિજ્ઞાનનું અને સર્વ વિજ્ઞાનના ધર્મનું એકીકરણ કરતી એક અપૂર્વ સમન્વયભરી અને ભવ્ય સામંજસ્યવાળી સંપૂર્ણ જીવનની સાધના થીઑસોફીને નામે જગત આગળ મૂકી. પરંતુ એમના મૃત્યુ બાદ એમના શિષ્યોમાં મતભેદનો એક મોટો વંટોળ ઊઠ્યો અને ઈ. ૧૯૦૯માં એ ફિલસૂફીના મૂળ સ્વરૂપને વફાદાર શિષ્યોના મંડળે મિસિસ બેસંટ વગેરેથી છૂટા પડી અમેરિકામાં લૉસ એન્જેલિસમાં 'ધ યુનાઇટેડ લૉજ ઑફ થીઑસોફિસ્ટ્સ'ની સ્થાપના કરી.

હિંદુસ્તાન જાણે છે કે શ્રી બી. પી. વાડિયા અને બિશપ ઍરૂંડેલ ડૉ. ઍની બેસંટના ડાબા-જમણા હાથ હતા. શ્રી વાડિયા થીઑસોફીના પ્રચાર અર્થે અઘારથી અમેરિકાના પ્રવાસે ગયા. ત્યાં એ 'ધ યુનાઇટેડ લૉજ ઑફ થીઑસોફિસ્ટ્સ'ના પરિચય ને સંસર્ગમાં આવ્યા અને એમણે થીઑસોફીના એ બંને ભિન્ન ભિન્ન વર્ગો વચ્ચેના મતભેદનો તટસ્થતાપૂર્વક અભ્યાસ કર્યો, જેને અંતે એમને 'ધ યુનાઇટેડ લૉજ ઑફ થીઑસોફિસ્ટ્સ'વાળા મંડળની વિચારધારા વધારે સાચી લાગી; અને ત્યાંથી જ એમણે થીઑસોફિકલ સોસાએટીના સભ્ય તરીકેનું પોતાનું રાજીનામું, તે વખતનાં સોસાએટીનાં પ્રમુખ ડૉ. ઍની બેસંટ ઉપર મોકલી આપ્યું.

શ્રી સોફિયા પણ તે વખતે અમેરિકામાં હતાં. ઈ. ૧૯૨૩માં એઓ પણ 'ધ યુનાઇટેડ લૉજ ઑફ થીઑસોફિસ્ટ્સ' અને શ્રી બી. પી. વાડિયાના પરિચયમાં આવ્યાં. અને જાણે પોતાની કોઈ ખોવાઇ ગએલી વસ્તુ પાછી મળી હોય એમ, તેમણે થીઑસોફીને પોતાની કરી પોતાના ગયા જન્મનું અધૂરૂં રહેલું કામ પાછું શરૂ કર્યું. ૧૯૨૮માં ઈંગ્લંડમાં બી. પી. વાડિયા સાથે એમનું લગ્ન થયું અને ઈ. ૧૯૨૯ના મેમાં હિંદ આવીને એ જ વર્ષના નવેમ્બરની ૧૭મી તારીખે એ બંનેએ મુંબાઇમાં 'ધ યુનાઇટેડ લૉજ ઑફ થીઑસોફિસ્ટ્સ'ની હિંદમાં પ્રથમજ સ્થાપના કરી.

'લૉજ'ની સ્થાપના બાદ શ્રી સોફિયાએ ઇ. સ. ૧૯૩૦માં 'ધી આર્યન પાથ' નામનું માસિક શરૂ કર્યું. આ માસિકને આજે બાર વર્ષના સતત પરિશ્રમે કરીને એમણે પૂર્વ અને પશ્ચિમના સાંસ્કૃતિક ને આધ્યાત્મિક આદર્શો ને તત્ત્વજ્ઞાનના અપૂર્વ સમન્વય તથા સમભાવી ચર્ચા, અભ્યાસ અને પ્રચારનું સુંદર સાધન બનાવ્યું છે.

શ્રી સોફિયાની બીજી વિશિષ્ટતા એ છે કે એ ભારતની તમામ સાહિત્યિક, સાંસ્કારિક અને કલાવિષયક પ્રવૃત્તિઓ તેમજ હિલચાલોથી માહિતગાર રહે છે. આ વલણને પરિણામે એમને એવું લાગ્યું કે ભારતની આવી બધી પ્રવૃત્તિઓનું જો એકીકરણ કરવામાં આવે, વિવિધ પ્રાંતોની સંસ્કારિતાની પરસ્પર આપ લે કરે તથા એક-બીજીને સારી રીતે સમજીને નિકટ આવે, અને પછી એ સર્વ પ્રવાહોના સમુચ્ચયમાંથી પ્રગટ થતી ભારતીય સંસ્કારિતાના સ્વરૂપને જો પશ્ચિમ આગળ એમની જ ભાષામાં મૂકી શકાય તો એક મોટું કામ થવાની સંભાવના છે. આ લાગણીથી પ્રેરાઇને એમણે ઇ.સ. ૧૯૩૩માં સદ્ગત કવિવર રવીન્દ્રનાથ ટાગોર, સર રાધાકૃષ્ણન્, શ્રીમતી સરોજિની નાયડુ, શ્રી રામાનંદ ચૅટરજી વગેરેની સહાય અને સહકારથી આંતરરાષ્ટ્રીય સંસ્થા પી. ઇ.એન. (P.E.N.)નું ભારતીય કેન્દ્ર મુંબાઇમાં સ્થાપ્યું, અને આ કેન્દ્રના મુખપત્ર તરીકે 'ધી ઇન્ડીઅન પી.ઇ.એન.' નામે માસિક અંગ્રેજીમાં શરૂ કર્યું. આ કેન્દ્ર જાણીતા ગ્રંથકારોની એક વગદાર કાર્યવાહક સમિતિ ચલાવે છે.

આ 'પી.ઈ.એન.' સંસ્થાનાં જગતમાં જુદાંજુદાં લગભગ ૪૫ ઉપરાંત કેન્દ્રો છે. વિશ્વના લેખકોમાં સહકાર અને બંધુભાવના કેળવવાં ને કલમનું સ્વાતંત્ર્ય સાચવવું એ આ સંસ્થાનો હેતુ છે. આ આંતરરાષ્ટ્રીય 'પી.ઇ.એન.' ની બાર્સીલોનામાં મળેલી ૧૯૩૫ની કોંગ્રેસમાં અને બુઆનો આરીસમાં મળેલી ૧૯૩૬ની કોંગ્રેસમાં હિંદના પ્રતિનિધિ તરીકે શ્રી સોફિયાએ હાજરી આપી હતી અને હિંદી સંસ્કૃતિની વિશિષ્ટતા ઉપર અંગ્રેજી અને ફ્રેન્ચમાં વ્યાખ્યાનો આપીને સમસ્ત વિશ્વના સાહિત્યકારોનું ધ્યાન ખેંચ્યું હતું. ૧૯૩૫માં પારીસમાં મળેલી વિશ્વના લેખકોની સ્વતંત્ર પરિષદમાં પણ હિંદના પ્રતિનિધિ તરીકે એમણે ફાળો આપ્યો હતો.

થીઑસોફિસ્ટ તરીકે સર્વ ધર્મ તરફ એમને સમભાવ છે. પરંતુ બધા ધર્મોનાં બાહ્યકરણો ને પાછળથી થએલા અધઃપાતને એઓ નીરક્ષીરન્યાયે જુદાં કરીને સર્વ ધર્મનાં શુદ્ધ મૂળતત્ત્વોને એના મૌલિક સ્વરૂપે પ્રગટ કરે છે.

૧૯૩૪માં પૂનામાં મળેલી અખિલ ભારતીય ફિલૉસોફિકલ કૉંગ્રેસ વખતે તેમજ ૧૯૩૬માં મુંબાઇમાં અને ૧૯૩૭માં કલકત્તામાં મળેલી 'પાર્લામેન્ટ ઑફ રીલીજીઅન્સ'ની પરિષદોમાં એમણે જુદાજુદા ધર્મોનાં મૂળ તત્ત્વોનો સમન્વય કરીને એનાં મૌલિક તત્ત્વોનું જે અદ્ભુત એકીકરણ કરી બતાવ્યું હતું તે સ્મરણીય બની રહેશે. એમને વિષે બીજું પણ એક આશ્ચર્ય છે. હિંદુ, બૌદ્ધ, મુસલમાન, યહૂદી, શીખ, પારસી, બ્રાહ્મોસમાજ, આર્યસમાજ, રોટરી કલબ, રામકૃષ્ણ મિશન તેમજ સામાજિક અને વિદ્યાર્થીઓની સંસ્થાઓમાં એમણે વ્યાખ્યાનો આપ્યાં છે; અને છતાં કોઇ ઠેકાણે વિચારોનો પૂર્વગ્રહ કે એની અથડામણનું નામનિશાન મળ્યું નથી. દરેક ઠેકાણે એમણે માનવતા અને એનો ઉદ્ધાર, વિશ્વબંધુત્વ અને એનો સ્વીકાર તથા માનવમાં રહેલી દિવ્ય વિભૂતિનો સાક્ષાત્કાર એ સર્વ ધર્મનાં મૂળતત્ત્વોનું એવું નેક ને નિખાલસ પ્રગટીકરણ કરી બતાવ્યું છે કે શ્રોતાઓને સમભાવ, સંવાદિતા ને સદ્ભાવના સિવાય બીજી લાગણી જ ન થાય.

આ બધાં વ્યાખ્યાનોમાંથી થોડાંકનો સંગ્રહ 'ધ બ્રધરહૂડ ઑફ રીલીજીઅન્સ'ને નામે મુંબાઇના ઇન્ટરનૅશનલ બુક હાઉસ લિ.એ પ્રસિદ્ધ કર્યો છે. એની બહુ નાની છતાં બહુ જ મહત્ત્વની પ્રસ્તાવના ગાંધીજીએ લખીને એ પુસ્તકની અગત્ય અને મહત્તા સિદ્ધ કર્યાં છે.

શ્રી સોફિયા પુરાતન ભારતનાં પક્ષપાતી અને પૂજારી છે. પુરાતન આર્યાવર્તનાં ગૌરવ અને મહિમા ફરીથી પ્રગટે એ એમનું સ્વપ્નું છે. એમની આ લગનીનો એક દાખલો છે. ૧૯૩૭માં મ્હૈસૂર યુનિવર્સિટીએ ત્રણ વ્યાખ્યાનો આપવા એમને નોતર્યાં. આ નિમંત્રણના ઉત્તર રૂપે એમણે બૅંગ્લોરમાં ત્રણ પ્રવચનો કર્યાંઃ (૧) ડેમોક્રસી—એ સ્પિરિચ્યૂઅલ પ્રિન્સિપલ, (૨) ડયૂટી ઑફ

આત્મશ્રદ્ધા

છે પ્હાડ ઊંચો, ખડકો કઠોર,
ટૂકો ઝઝૂમી, પગથી ય ઝાંખી,
ને ખીણ ઊંડીઃ પણ વીર યાત્રી!
ડગે થવું છે દ્દઢ ને ચકોરઃ
આંતરૃદૃષ્ટિ કરી નીરખ ત્યાં જો હસે આત્મશ્રદ્ધા.

દેશળજી પરમાર

સાબરમતીનાં પૂર

મધરાતના મારા સ્વપ્નમાં ભંગાણ પડ્યું. સાગર જેવો ઘુઘવાટ કાને પડતાં હું પથારીમાંથી બેઠી થઈ ગઈ. બહાર જઈને જોયું તો સાબરમતીમાં પાણી ચઢતું હતું. પરંતુ 'પાણી ચઢતું હતું' એ શબ્દો ખરી વસ્તુસ્થિતિના પ્રમાણમાં કેટલા મોળા—ફિક્કા લાગે છે! એ શબ્દોથી નદીના તે વખતના સ્વરૂપનો કદી ખ્યાલ આવી જ ન શકે. શરૂઆતમાં ઊલટતું પૂર જોઈ મને વિચાર આવ્યો કે આ સહસ્ર ઘોડાને રથે ચઢી, અતિ વેગવાન ગતિએ સાબરમતી કયા મનોરથની સિદ્ધિને અર્થે દોડી રહી છે? તેના ઘોડાઓને મોઢે કેટલાં ફીણ વળ્યાં હતાં! ઘોર અંધારી રાત હતી. ઘનશ્યામ વાદળથી નભ છાઈ રહ્યું હતું. વચ્ચેવચ્ચે ઝીણા વરસાદનાં નાનાં ઝાપટાં પડી જતાં હતાં.

ઘોડાઓની હાર પૂરી થતાં અગણિત હાથીઓનું ટોળું જાણે દોડવા માંડ્યું. મદોન્મત્ત હાથીઓ નિરંકુશપણે ધસ્યે જ જતા હતા. રોજની ગરીબડી, વાંકીચૂંકી દેહ ધારતી સાબરમતી આજે કોઇ મહાન સામ્રાજ્ઞીના ઠાઠથી દોડતી હતી. કવિ કાલિદાસે નદીનો ત્વરિત પ્રવાહ જોઈ ગાયું છે કે

तरंगभ्रूभंगा क्षुभितविहगश्रेणि रसना ।
विकर्षन्ति फेनं वसनमिव संरंभशिथिलम् ॥

પરંતુ આજની સાબરમતીને તે વર્ણન પણ ઊણું પડે. આ તો યુદ્ધે ચઢેલી રણચંડી હતી; દીર્ઘકાળના અસહ્ય વિયોગ પછી પ્રીતમને મળવાની અસંયમિત ઘેલછાથી દોડતી પ્રિયા હતી; સૈંકડો વર્ષોનાં ગુલામી જંજીર તોડી સ્વતંત્રતાને માર્ગે દોડતી સાક્ષાત્ મુક્તિ હતી!

સાબરમતી ક્રોધાવિષ્ટ હતી કે આનંદના અતિરેકથી મત્ત બની હતી? હવે હાથીને બદલે જાણે તેનાં પાણી ઉપર પર્વતો ઊછળવા લાગ્યા! આપણી સાદી, શાંત, સૌમ્ય, ડાહી, ઠાવકી, ગુજરાતી ગૃહિણીના પ્રતીક રૂપ, નિત્યની સાબરમતી તે જ આ? જે હંમેશાં, લાખો માણસોની તરસ છિપાવવાની ચિંતામાં ને ચિંતામાં સુકાઇ જતી સાબરમતી, તેના ઉરમાં પણ આવાં પૂર ચઢે ખરાં? જેનામાં લાગણી રૂપી એક પણ મોજું કદી આવતું નથી, તેના હૃદયસાગરમાં આવું ભયાનક તોફાન ઊઠે ખરૂં? પણ નજર સમક્ષ જે બની રહ્યું છે, તેને વિષે શંકા પણ કેમ આણી શકાય?

પરંતુ સાબરમતી! તું માનવી કરતાં વધુ ભાગ્યશાળી છે. તારા ઉરના આવેગને તું, તારા પ્રવાહને અનેકગણો વધારીને, વહેવડાવી શકે છે. પણ અમારા માનવહૃદયમાં જ્યારે આવું જ પૂર ચઢે છે ત્યારે તેનું વહન કરાવવા માટે અમારી પાસે તારા જેવો વિશાળ પટ ક્યાં છે?

વિનોદિની નીલકંઠ

ધ સિટિઝન ટુ ધ સ્ટેટ અને (૩) ડ્યૂટી ઑફ ધ સ્ટેટ ટુ ધ સિટિઝન. આ ત્રણે વ્યાખ્યાનો 'પ્રેપરેશન ઑફ સિટિઝનશિપ'ને નામે પુસ્તકાકારે પ્રસિદ્ધ થયાં છે. એમાં પ્રાચીન આર્યાવર્તના વિચાર, સિદ્ધાંત અને દર્શનને ખૂબ સમભાવ અને સમન્વયપૂર્વક પ્રગટ કરવામાં આવ્યાં છે, મનુસ્મૃતિ અને કૌટિલ્ય અર્થશાસ્ત્રનાં દર્શનો અને પ્રમાણોને બહુ જ સંવાદીરીતે સન્નિષ્ઠાપૂર્વક આજની સમસ્યાના ઉકેલ સાથે ગૂંથવામાં આવ્યાં છે.

વિશ્વમાં આજ કેટલાં બધાં પરસ્પર વિરોધી બળો કામ કરી રહ્યાં છે! અહંકાર સ્વાર્થ અને લોભને ખાતર યુરોપનું સંહારતાંડવ, જુઠ્ઠાણાં દગલબાજી ને કાવતરાંઓની ભયંકર રાજરમત, માનવ બુદ્ધિની અમાનવી વેશ્યાવૃત્તિ, આવેશ, લાગણીવશતા અને અજ્ઞાનનો વેપાર, અને બીજી બાજુ સમાનતા, વિશ્વબંધુત્વ, પ્રેમ, અહિંસા અને સત્યની પ્રતિષ્ઠાના પ્રયત્નો.

કોલાહલ, સંહાર, અવિશ્વાસ અને અનિશ્ચિતતાની અઘોર અંધારી રાત્રે પણ આત્મશ્રદ્ધાનો દીપક લઇને, પ્રેમ ને સમભાવને વીંઝણે રડતી માનવતાને શાતા આપવા નીકળેલા રડ્યાખડ્યા માનવપ્રવાસીઓ ધીરે–અતિ ધીરે પણ પોતાનો માર્ગ કરી રહ્યા છે. એવાં પ્રવાસીઓમાં મેધા, માતૃત્વ અને સરસ્વતીનું સ્મરણ કરાવતાં આવાં એક પ્રવાસી શ્રીમતી સોફિયાનું પણ સ્થાન છે.

'Point out the 'way'—however dimly, and lost among the lost as does the evening star to those who tread their path in darkness.'

'The voice of the Silence' નું આ સૂત્ર એમની જીવનસાધનાનો મર્મ છે અને એમની જીવનસિદ્ધિનો સંદેશ છે.

કિસનસિંહ ચાવડા

મોડાસામાંથી મળેલાં પ્રાચીન શિલ્પ



ત્રણેક ફૂટ ઊંચી, રાખોડી રંગના પથ્થરની આ મૂર્તિ એટલી સ્વાભાવિક છે કે પ્રથમ જોવા જનારને કોઇ સજીવ યોગી ભભૂત ચોળી વીરાસન વાળી બેઠો હોય એવો સચોટભ્રમ ઉત્પન્ન કરે છે.

ઉત્તર ગુજરાતમાં મોડાસા ખૂબ જૂનું ગામ છે. આઇને અકબરી, મીરાતે સિકંદરી, મીરાતે અહમદી વગેરે મુસલમાન યુગનાં ઇતિહાસોમાં એના ઉલ્લેખો આવે છે. તે પહેલાંના કાળનો ઉલ્લેખ જૂના ગુજરાતી કાવ્ય 'કહાનડદે પ્રબંધ'માં છે. દંતકથાઓ ને પુરાણકથાઓમાં પણ એ ચમકે છે.

ગામમાં આજે પણ જે કેટલીક જૂની હવેલીઓ ઊભી છે તેની રચના ધ્યાન ખેંચે તેવી છે.

એક કાળે ત્યાં જૈનો, નાગરો અને ગાયકો (ગાંધર્વો)-ની વસ્તી ખૂબ હતી, આજે તો એ ત્રણેમાંથી એકેનું નામનિશાન નથી. મરાઠાઓ ને મુસલમાનોએ ત્રણત્રણ વખત આ ગામ લૂટ્યું છે ને બાળ્યું છે. મુસલમાનોના આગમન પહેલાં ત્યાં સ્વતંત્ર રાજપુત રાજ્ય હતું, અને ભૌગોલિક દૃષ્ટિએ એની રાજકીય અગત્ય જોઈ અંગ્રેજોએ ઈડરના રાજા પાસેથી લગભગ સવાસો વર્ષ પહેલાં એ મેળવી લીધું છે. મારવાડ અને રાજપુતાનાની સીમ પર એ આવેલું છે. અમદાવાદથી ડુંગરપુર, કેસરિયાજી જવાનો સરિયામ માર્ગ ત્યાં થઇને છે. ગુજરાતનો ડુંગરપુર સાથેનો વેપારધંધો મોડાસાની મારફતજ ચાલે છે.

મોડાસામાં મુસલમાની સમયની કેટલીક ઇમારતો છે, એક જૂનો કિલ્લો છે, કિલ્લામાં ખંડિયેર મહેલો છે, ઉપરાંત બીજી ઇમારતો પણ છે. ગામની ભાગોળે દરેક ધોરી રસ્તા પર વાવ છે. આવી એક વાવને કૂવામાં ફેરવી નાખવામાં આવી ત્યારે તેમાંથી કેટલીક સુંદર મૂર્તિઓ તથા સંખ્યાબંધ કોતરકામવાળી શિલાઓ અને કુંભીઓ નીકળેલી. દુ:ખની વાત છે કે આજે આપણી કલાની બૂઝ એવી મરી ગઇ છે કે એ મૂર્તિઓને એ કૂવામાં જ અંદરના ભાગમાં જડી દેવામાં આવી! 'કુમાર'ના તંત્રી શ્રી રવિશંકર રાવળે આ મૂર્તિઓ જોઇ ત્યારે કહેલું કે કૂવાનું ચણતર તોડીને પણ એ બહાર કાઢવી જોઇએ. એ મૂર્તિઓનું મૂલ્ય તેઓ એટલું આંકતા હતા કે ચણતર તોડવાનું ખર્ચ પણ તેમણે માથે લેવાનું કહેલું! પણ હજી એ મૂર્તિઓ કૂવામાં જ છે. એના ફોટોગ્રાફ લેવાનું પણ અશક્ય છે!

દસેક વર્ષ પહેલાં મ્યુનિસિપાલિટીએ જૂના કિલ્લાની એક વધારાની તૂટી પડેલી પાંખમાંથી પથ્થરો કઢાવેલા, ત્યારે પણ અસંખ્ય શિલ્પવાળા શિલાખંડો નીકળેલા. એ બધાનો ઉપયોગ સડકો બાંધવામાં થયો! કળાકારીગરીની સમજદાર મ્યુનિસિપાલિટી હોત તો એ પ્રાચીન થાપણમાંથી સંગ્રહાલય ઊભું કરી શકત ને પોતાની પ્રતિષ્ઠામાં વધારો કરત.

આવા બીજા પણ દાખલાઓ છે. ઘરોના પાયાનું ખોદકામ થતાં ઘણી વખત સુંદર કોતરકામવાળા પથ્થરો ને મૂર્તિઓ નીકળે છે. એક શ્રીમંતના ઘર આગળ ખોદકામ થતાં આવી ઘણી મૂર્તિઓ દેખાઇ હતી, પણ વખતે એ મૂર્તિઓને મંદિરમાં પધરાવવાને નામે કંઇ ખરચ કરવું પડશે એ બીકે એમણે એ ખોદકામ બંધ રખાવ્યું ને મૂર્તિઓને ત્યાંની ત્યાં જ દાટી દીધી!

આજે મૂર્તિની મૂર્તિ તરીકે કિંમત નથી, પણ કલાના નમૂના તરીકે, પ્રાચીન સંસ્કૃતિના અવશેષ તરીકે, ઇતિહાસના એક અણલખ્યા પ્રકરણ કે પૃષ્ટ કે લીટી તરીકે કિંમત છે. એ જ દૃષ્ટિએ આજે આ સામગ્રી રજૂ કરવા પ્રેરાયો છું.

ગઈ સાલ ચોમાસામાં મોડાસામાં એક નોંધપાત્ર બનાવ બન્યો. જેઠ મહિનામાં માઝુમ નદીમાંથી, સબલપુર * ના જમણા હાથ પર આવેલા ઊંડા ધરામાંથી બે સુંદર મૂર્તિઓ નીકળી! એક છે વિષ્ણુની ને બીજી છે માનવ ગરુડની. વિષ્ણુની મૂર્તિ કાળા લીસા પથ્થરની

* એ મોડાસાની પડખે જ આવેલું એક નાનકડું પરૂં છે. વસતિ હજી હમણાં વસવા માંડી છે. તે ઈડર સ્ટેટને તાબે છે. અને તે રાજ્યે સબલપુર તાલુકાની કચેરી પહેલાં મોડાસા ગામમાં હતી, ત્યાંથી સબલપુરમાં ખસેડી, ત્યાં વસતિ વસાવવા પ્રયત્ન શરૂ કર્યો છે!

દિવંગત ગુરુદેવને

• અનુષ્ટુપ •

મૃત્યુ તો તમને લેવા આવ્યું, માન્યું લઈ ગયું;
તેણે ઓલી જહીં સુધી ત્યાં તો ભોંઠું પડી ગયું.

આશ્ચર્યે તે: 'અરે કયાં એ?' વદીને નીરખે પૂંઠે,
હૈયેહૈયે તમારી એ નિહાળે છબી જે ઊઠે.

ભવ્ય એ જિંદગાનીની પાસમાં વામણું બન્યું,
જીતવા આવિયું તેની પતાકા જયની થયું.

તેજે જે પ્રજ્જ્વળી ઊઠયાં સૂર્ય તારા નિહારિકા,
તેજેથી સળગે નિત્યે એ જ જે પ્રાણની શિખા,

મથ્યું એ ફૂંકથી તેની ઓલવી નાખવા જ એ,
લાખલાખ શિખા થૈ ત્યાં પ્રકૃતિ માનવી વિષે
વિરાજે એ અને હસે.

આવ્યું'તું જિંદગી લેવા, આપી ગ્યું અમરત્વ એ.

પ્રહ્લાદ પારેખ

અને ચારેક ફૂટ ઊંચી છે. ગરુડની મૂર્તિ ત્રણેક ફૂટ ઊંચી છે ને રાખોડી રંગના પથ્થરની બનાવેલી છે. તે રંગ એટલો સ્વાભાવિક છે કે અમે તે પ્રથમ જોવા ગયા ત્યારે એ મૂર્તિ છે એમ જાણતા હોવા છતાં, ખરેખર કોઇ બાવો ભભૂત ચોળીને વીરાસન વાળી બેઠો હોય એવું લાગેલું! આવો સચોટ ભ્રમ ઉત્પન્ન કરી શકે એવું પૌરુષભર્યું એનું સર્જન છે. પૂરા માનવ કદની, બેઠેલા રૂપની એ મૂર્તિ એક સુંદર શિલ્પ છે.

એક પગ ઊભડક લઇ હાથ જોડી ગરુડ બેઠો છે. તેના મોં પર શરણાગત ભક્તની પ્રબળ છતાં મૃદુલ છાયા છે. આંખોમાં શાંત હાસ્ય છે અને એક રમાડવાનું મન થઇ આવે તેવો નાજુક શરીરનો નાગ તેની ડોકે વીંટળાઇને, જાણે સંગીતના તાનમાં લટ્ટુ બની ઢળ્યો હોય તેમ વંકી ડોક કરી, ગરુડના જોડાએલા હાથની અડોઅડ જામ્યો છે. એ નાગની ડોકના મરોડમાં કલાકારનો એક વિજય છે. ગરુડના મોંનો સમસ્ત સીનો, એની રૂવાબદાર બેઠક, હાથપગનાં આંગળાંમાંથી નીતરતું કૌવત, માથા પર બેઠા ઘાટની ઓળેલી જટા ને તેમાં છોગાં જેમ ફરકતી નાગના બચ્ચાની ફણા, ભરાવદાર મૂછો ને ગુચ્છાદાર દાઢી, પીઠે ઢળેલી અધખૂલેલી પણ ભારે પાંખો,—આ બધો દેખાવ નજરે થંભાવી દે છે ને મુખમાંથી 'અહો!'કાર નીકળી જાય છે!

હવે વિષ્ણુની મૂર્તિ જોઇએ. શંખ, ચક્ર, ગદા ને પદ્મથી સજ્જ વિષ્ણુ અહીં ઊભા છે. એમના મુખમંડલ પર અનેરી પ્રતિભા છે. હોઠનું મરકતું હાસ્ય, પહોળી આંખની પલકમાં પૃથ્વીને માપી લેતી હોય તેવી દૃષ્ટિ, મરોડદાર નાક, હાથની આંગળીઓની મનોહર મુદ્રાઓ ને બાહુઓની સુંદર રચના—આ બધું આકર્ષક છે. જમણા હાથમાં પકડેલા શંખનું શિલ્પ એવું સજીવ લાગે છે કે જાણે હમણાં જ હાથ ઊંચો કરી એ ફૂંકશે એવી પ્રતીતિ થયા વગર નથી રહેતી. પ્રભાવભરી ઢબે પડેલી ગદાની અણી ધરતીને અડી રહે છે તે જાણે પદ્મસ્થ બુદ્ધના ઢળેલા હાથની આંગળી ધરતીને આશિષ અને આશ્વાસન દેવા અડકી રહી હોય એવું લાગે છે! મૂર્તિના માથા પરનો બેઠા ઘાટનો મુકુટ પ્રાચીન વેશભૂષાના અભ્યાસીઓને કદાચ ઉપયોગી થઈ પડે. મૂર્તિની ચોતરફ ઉપર ને નીચે, જમણી ડાબી બાજુએ, નાનીનાની મૂર્તિઓ છે. તેમાં, પગની બંને બાજુએ બે બે મૂર્તિઓ છે. એક ગંધર્વયુગલ છે, તે ગાનવાદનમાં અને નૃત્યમાં મસ્ત છે. તેના મોં પર સંગીતની તૃપ્તિ સ્પષ્ટ દેખાય છે. ડાબા પગની બાજુએ બે પુરુષાકારો છે, તેમાંની એક ઊભેલી મૂર્તિ આપણને પરિચિત લાગે છે; કારણ કે જે માનવ ગરુડની મૂર્તિ આપણે જોઇ, તે જ અહીં ઊભેલી સ્થિતિમાં કોતરેલી છે: બરાબર તે જ. એ જ ચહેરો, એ જ દાઢી, એ જ મૂછો, એ જ આંખો અને એ જ જટા. ફેર માત્ર એટલો કે ત્યાં એને આપણે બેઠેલા રૂપમાં જોઇ, અહીં ઊભેલા રૂપમાં છે.

આ બંને શિલ્પને ટપી જાય એવી એક ત્રીજી મૂર્તિ તે જ ધરામાંથી આ વર્ષે મે મહિનામાં નીકળી છે. એ છે વરાહની. શ્રીમદ્ ભાગવતમાં વિષ્ણુના દસ અવતારોની કથાઓ લખેલી છે, તેમાં વરાહની વાર્તા આમ છે: 'હિરણ્યાક્ષ નામનો દૈત્ય (દિતિનો પુત્ર) બહુ પ્રજાપીડક નૃપતિ હતો. તેણે દેવોને હરાવ્યા ને વિષ્ણુની સાથે યુદ્ધ માગ્યું. વિષ્ણુએ વરાહનું રૂપ લીધું ને હિરણ્યાક્ષના ત્રાસથી પાણીમાં ડૂબેલી પૃથ્વીને પોતાની આગલી દાઢની અણી વડે પાણી પર લઈ આવ્યા. હિરણ્યાક્ષે વિષ્ણુના સૂવર રૂપની મશ્કરી કરી. જવાબમાં વરાહે કહ્યું: 'અમે વનમાં ફરનારા સૂવર છીએ, તારા



વરાહ-મૂર્તિના શિલ્પનો સંપૂર્ણ ખ્યાલ આપતાં તેનાં ડાબાં-જમણાં પાસાં. જમણી બાજુના ચિત્રમાં પૃથ્વી દેવીની પ્રતિમા સ્પષ્ટ જણાય છે. ડાબી તરફના ચિત્રમાં તેના આગલા-પાછલા બંને પગ આગળ અનુક્રમે ચક્ર અને શંખ તથા જમણા ચિત્રમાં તેના પગો વચ્ચે ગદા જણાય છે.



જેવા કૂતરાને શોધીએ છીએ.' આ સાંભળી નાગ જેમ રમતાં રમતાં તેના રમાડનાર પર ક્રોધ કરે તેમ હિરણ્યાક્ષે ક્રોધ કર્યો. બંને વચ્ચે, એક ગાયને માટે વઢતા બે સાંઢ જેવું યુદ્ધ થયું. ઋષિઓથી વીંટાએલા બ્રહ્મા તે જોવા આવ્યા. વરાહના હાથમાંથી ગદા પડી ગઇ. પછી તેણે ચક્ર વડે રાક્ષસનો નાશ કર્યો.'

આટલી કથા જાણ્યા પછી આ શિલ્પ સરળતાથી સમજાઈ જાય છે. મૂર્તિના છેક નીચલા ભાગ પર દરિયાનાં મોજાં જેવી ઊંચીનીચી અર્ધવર્તુલાકાર લીટીઓ પાડેલી છે, તે દરિયાના પાણીનો ખ્યાલ આપે છે. તેની ઉપર કાચબો કોર્યો છે. એ કાચબાનું મોં ને ડોક અતિ મનોરમ છે. કાચબાની ડોકની બરાબર ઉપર માનવ અર્ધ શરીર છે. સુકોમળ એનું મોં છે ને એણે પ્રણત ભાવથી હાથ જોડેલા છે. એ મુખની ઉપર શેષ નાગ સાત ફણાઓનું છત્ર કરી ઊભો છે. હાથ જોડી રહેલા માનવના શરીરનો બાકીનો ભાગ અને શેષનાગનું શરીર બંને એક જ છે. તે એમ સૂચવે છે કે એ માનવ એ શેષનાગનું જ સ્વરૂપ છે, ને એ રૂપે શેષ વિષ્ણુના પરાક્રમની સ્તુતિ કરે છે.

આ શેષની ફણાઓની ઉપર વરાહનું પ્રભાવશાળી મોં આવેલું છે. આમ, પાણી ઉપર કાચબાની ડોક, તે ઉપર માનવ મુખ, તે ઉપર શેષફણાઓનું અર્ધગોળ છત્ર, તે ઉપર વરાહનું તીક્ષ્ણ દંતુશળવાળું મુખ—કલ્પના સુંદર છે, ને તેથી યે સુંદર એ કલ્પનાની સિદ્ધિ છે. નાગનું શરીર વરાહની છાતી નીચે થઇને જાય છે, ને પાછળ નાગની પૂંછડી તથા વરાહની ટચુકડી પૂંછડીની શિલ્પકારે સુંદર ગાંઠ વાળી છે—શેષ અને વિષ્ણુની એકતા, એકરૂપતા સૂચવવા હોય તેમ. એ ગાંઠનું શિલ્પ આકર્ષક છે અને ગાંઠની કલ્પના મધુર વિનોદથી ભરેલી છે.

વરાહ વિષ્ણુનો અવતાર છે એમ સૂચવવા વિષ્ણુનાં ચાર ચિહ્નો—શંખ, ચક્ર, ગદા ને પદ્મ શિલ્પમાં ગોઠવેલાં છે. વરાહના આગલા જમણા પગની નીચે ચક્ર છે, છાતી નીચે, પગોની વચમાં ને શેષના શરીરને પડખે આડી ગદા કોતરેલી છે, પાછલા જમણા પગની નજીક શંખ મૂકેલો છે ને પૂંછડીઓની ગાંઠ નીચે કમળ જમાવેલું છે.

વરાહની પીઠ પર સાજ બિછાવેલો છે, તેમાં તપ કરવા બેઠેલા દેવોની (દેવગણ યુદ્ધ જોવા આવેલો તે સૂચવવા?) હારોની હારો કોતરેલી છે. તે બતાવે છે કે વરાહ-વિષ્ણુના આધારે બધા દેવો છે. દેવોના સર-નશીનસમા બ્રહ્મા એ પીઠ પર બેઠેલા છે. વરાહનાં પગના સાથળ, કપાળ, કાન, દાઢ, મોં વગેરે અનેક જગ્યાએ દેવોના આકારો કોતરેલા છે.

વરાહની ડાબી બાજુએ ત્રિભંગી કરીને ઊભેલી એક મનોહર નારીમૂર્તિ છે. તેનો જમણો હાથ ઊંચો થએલો છે, ને તે વરાહના લાંબા મુખની દાઢને સ્પર્શે છે. આ નારીમૂર્તિ તે પૃથ્વીદેવીની પ્રતિમા છે. તેના પગ કાચબા-ની પીઠ પર છે ને તે શેષને તથા વરાહને ટેકવીને ઊભેલી છે. વરાહે પૃથ્વીને દાઢ પર ચડાવી પાણી પર લાવીને મૂકી એમ ભાગવતમાં કહ્યું છે તે અહીં પ્રત્યક્ષ છે.

વરાહના મોં પર વિજયનો મત્ત મુસ્કેરાટ છે. એના વિશાળ કાન, કૌવતદાર શરીર, પગનો ગતિશીલ મરોડ વગેરે અનુપમ છે. વરાહનો તીણો દંતૂશળ એની ઊર્ધ્વતાથી આપણામાં ઊર્ધ્વ વિચાર પ્રેરે છે.

હાથી, ઘોડા, ગાય, બળદ, વાઘ વગેરે પ્રાણીઓની પ્રતિમાઓ હિંદુ શિલ્પમાં જોવામાં આવે છે, પણ વરાહની આવી સુંદર પ્રતિમા ક્યાંયે જોયાની મને ખબર નથી.

ત્રણે મૂર્તિઓ એક જ જગ્યાએથી નીકળી છે.

મોડાસામાંથી મળેલાં પ્રાચીન શિલ્પ (રમણુલાલ સોની)







ડાબી બાજુથી: (૧) વરાહ-મૂર્તિનું એક વધુ દૃશ્ય; (૨) એ મૂર્તિના આગલા ભાગમાં આવેલી, વરાહાવતાર વિષ્ણુનું સ્તવન કરતી શેષનાગની મૂર્તિ સ્પષ્ટ કરતું દૃશ્ય. (૩) મોડાસામાંથી મળેલી વિષ્ણુની મૂર્તિ.

વિષ્ણુ–વરાહની મૂર્તિઓ તો એક જ જાતના પથ્થરની છે તથા ત્રણે વિષ્ણુભક્તિથી પ્રેરાઇને બનાવાએલી છે. જે જગ્યાએથી આ મૂર્તિઓ નીકળી છે તે માઝૂમ નદીના ધરાની ઉપરના ભાગમાં, નદીના બાકામાં ક્યાંક ક્યાંક કુંભી જેવા બેચાર કોતરેલા, અર્ધકોતરેલા પથ્થરો પડેલા દેખાય છે. ત્રણે મૂર્તિઓને એક બાજુએ પાણીના વહેણ-નો ઘસારો લાગેલો છે તથા તેઓ ક્યાંક સહેજ ખંડિત થએલી છે. મૂર્તિભંજકોના હાથમાંથી મૂર્તિઓને બચાવ-વાને આ ધરામાં તે ઉતારી દેવામાં નહિ આવી હોય?

કદાચ આવી બીજી મૂર્તિઓ પણ હજી ત્યાંથી નીકળે. શિલ્પકારે વિષ્ણુના બીજા અવતારોની પણ મૂર્તિઓ કેમ નહિ ઘડી હોય? એ હાથ ને એ કલ્પના એક વરાહ અવતારને જ શિલ્પમાં ઉતારીને બેસી કેમ રહે?

આવી મૂર્તિઓ પ્રાચીન કલાકારીગીરીની સૂચક છે. એ રીતે તેનું મૂલ્ય છે અને એ રીતે જ તેને જોવી જોઇએ. ઈડર રાજ્યની હદમાંથી એ નીકળી છે, રાજ્યનું પોતાનું શોધખોળખાતું પણ છે, પરંતુ તે ખાતાએ આ મૂર્તિઓની કશી ખબર લીધી નથી. આ મૂર્તિઓ સારીરીતે સાચવવી જોઇએ ને સબલપુરમાં જ સુંદર રીતે, સૌને જોવા મળે તે રીતે રાખવી જોઇએ. આજે તો એને બનાવટી આંખો બેસાડી દઈ કદરૂપી બનાવી દીધી છે, કુદરતી રાખોડી પથ્થરના ગરુડને કાળા લપેડા કરી કાળા અને બિહામણા બનાવી દીધા છે. વરાહ ને વિષ્ણુને તેલથી માલિશ કરી મૂળ પથ્થરની કુમાશ ઉડાડી દીધી છે. વળી વાઘા પહેરાવી, તિલક ટપકાં કરી એ ત્રણે મૂર્તિઓના અસલ કલાસ્વરૂપને ઢાંકી દીધું છે.

કોઈ વિદ્વાન આ મૂર્તિઓના રચનાકાળના નિર્ણયમાં માર્ગદર્શન કરશે?

રમણુલાલ સોની



મોડાસાનો જૂનો કિલ્લો



માઝૂમ નદીમાં પડેલો જંગી પથ્થર

વ્યવસ્થિત રહેવાની ઘેલછા

મૂળ લેખક
શ્રી અનંત કાણેકર

કોઈ પણ વસ્તુ જ્યાંથી લીધી હોય ત્યાં જ બરોબર ફરીથી મૂકવાની અને બધું વ્યવસ્થિત રાખવાની કેટલાક લોકોને જાણે ઘેલછા જ લાગી હોય છે. એ લોકોની જિંદગીનો ઘણોખરો સમય એ વસ્તુનો ઉપયોગ કે ઉપભોગ કરવાને બદલે એને ઠેકાણાસર સારીરીતે મૂકવામાં જ પસાર થાય છે. હું તો એમ માનું છું કે કોક દિવસ સુર્ય જો જરાક એકાદ બાજુ તરફ ઝૂકેલો જણાય, તો આવા લોકો આકાશમાં ઊડી સૂર્યને પણ ઠેકાણાસર રાખવાનો પ્રયત્ન કર્યા વગર ન રહે!

મને પોતાને આવા લોકો સામે ગુસ્સો ચડવાનું તો કારણ એ છે કે આવો એક હદ ઉપરાંત વ્યવસ્થિત રહેતો માણસ હાલ મને મારા હાથ નીચે કામ કરવા મળ્યો છે. એના આ વિચિત્ર વ્યવસ્થિતપણાથી બધાં કામ તો જોકે કોઈપણ જાતની ગરબડ વિના થઇ શકે છે, પણ તેથી મારી જે દશા થાય છે તે કહેવા બેસું તો ખૂટે જ નહિ. એક જ વાત કહું. તે તમે સાંભળશો એટલે મારી કેવી શોચનીય અવસ્થા થઇ હશે એનો તમને ખ્યાલ આવશે. મારા ગજવામાં માત્ર એકબે રૂપિયા બાકી હતા ને કંઇ કારણસર મેં તે ટેબલ પર કાઢી મૂક્યા હતા. તે એમ ને એમ ટેબલ પર પડ્યા રહેવા દઇ હું જરા બહાર ગયો અને થોડી વાર પછી પાછો આવીને જોઉં છું તો રૂપિયા કબાટમાં અને ઉપર તાળું; અને કૂંચી એ 'વ્યવસ્થિત' ભાઇના ખિસ્સામાં' અને ઑફિસનો વખત પૂરો થઇ ગએલો, એટલે ભાઇસાહેબ તો 'વખતસર' ઘેર ચાલ્યા ગએલા! અને ગુસ્સે થઇએ પણ કોના પર? પૈસા કોઇ ચોરી ન જાય એવા શુભ હેતુથી ભાઇએ પૈસા ઠેકાણે મૂકી દઇ મારા પર ઉપકાર કર્યો હતો. ચા પીવા પૂરતા પણ મારા ગજવામાં પૈસા ન હોવાથી ચાની આશાએ હું એક મિત્રને ત્યાં ગયો, તો એ ભાઇ ઘરમાં ન હતા અને એમની પત્ની પાસે ચા માગવાની હિંમત મારામાં હતી નહિ. એટલે ધીરેધીરે પાણી પીવાની વાતોથી મેં શરૂઆત કરી. પણ બાઇ બિચારી હતી બહુ સરળ ને સીધી, એટલે એણે ઠંડા પાણીનો લોટો મારી આગળ લાવી મૂક્યો. 'શરદીથી મારૂં ગળું બગડી ગયું છે અને ડૉક્ટરે ઠંડું પાણી પીવાની મના કરી છે;' એવીએવી ઘણી વાતો જ્યારે મેં એને સંભળાવી ત્યારે કાંઇક મારો ખરો મુદ્દો એના મગજમાં પેઠો ને આખરે એણે મને ચા બનાવી આપી.

આ 'વ્યવસ્થિત' માણસ આવ્યો ત્યાર પહેલાં તો હું ઘણો જ સુખી હતો. સર્વ જાતના કાગળ, ચોપડીઓ, ખડિયા, અવારનવાર સીંગદાણાનાં પડીકાં અને બીજી ઘણી ચીજો શા લહેરથી મારા ટેબલ પર પડેલી રહેતી! અને બધી ચીજો આંખ આગળ હોવાથી મને કોઇ પણ જાતની ઉપાધિ ન હતી. જ્યારે જે કરવાનું મન થાય ત્યારે તે કરવાનું. અને હવે? હવે મારા ટેબલ પર સીંગ તો ક્યાંથી જ દેખાય? મારી નજર ક્યાંક બીજી તરફ વળે કે ભાઇ ટેબલ સાફ કરી મૂકવાના જ! વળી, એ માણસને કાઢી મૂકવાનો વિચાર કરૂં તો માણસ બહુ જ મહેનતુ અને પ્રામાણિક છે. એટલે હવે તો મને મારી જાતની જ શરમ આવે છે અને એને કાઢી મૂકવાને બદલે હું જ જરાજરા વ્યવસ્થિત થતો જાઉં છું!

આનંદની વાત એટલી જ છે કે ઑફિસમાંથી ઘેર આવ્યા પછી આ માણસનો મને કંઇ ત્રાસ નથી. અને ઑફિસના વ્યવસ્થિતપણાનું બધું વેર હું ઘેર વાળી લઉં છું. મારા ઘરમાં પ્રવેશ કરો, એટલે આંખને ઘણો જ આનંદપ્રદ દેખાવ નજરે પડવાનો. કાઢી મૂકેલાં મોજાં, આમતેમ હવા ખાતાં બ્રશ ને જોડા, ખુરશીઓ પર આરામ કરી રહેલા મેલા કોટ, બિછાના પર તબિયતથી પડેલા ધોબીને ત્યાંથી ધોવાઇને આવેલા સુટ ને બીજી કેટલી યે ચીજો, દુનિયામાં બીજે ક્યાંય ન મળતું સ્વાતંત્ર્ય મારી ઓરડીમાં અનુભવે છે. વળી મોટામોટા લેખકોના ગ્રંથ, ટુથ બ્રશ ને બિસ્કિટના ડબ્બા મારી ઓરડીમાં મિત્રભાવે એક જ સ્થળે રહેતા હોય છે! મારા આ આનંદી સંસારનું વર્ણન મારા એક પરણેલા મિત્ર આગળ મેં જ્યારે કર્યું, ત્યારે એને બહુ અદેખાઇ થઇ આવી ને તપી જઇને એ મને કહેવા લાગ્યો: 'દીકરા, જ્યાંસુધી પરણ્યો નથી ત્યાં સુધી જ આ વાતો. એક વાર બૈરૂં તો લાવ; પછી જોઇશું તું અવ્યવસ્થિત રહે છે!' એ ભાઇના આ શબ્દો સાંભળ્યા ત્યારે જ મને સમજાયું કે બીષ્મ જેવા પુરાણપ્રસિદ્ધ આમરણ ન પરણવાનો નિશ્ચય શા માટે કર્યો હશે'

આ વ્યવસ્થિત લોકો કેટલીકવાર બહુ સાદી વાતો પણ સમજી શકતા નથી. દાખલા તરીકે પૈસા



આ અંકની ચિત્રપ્લેટો તરીકે આપેલી સુંદર કૃતિઓના સર્જક

કલાકાર શ્રી પી. આર. રૉય

આ તરુણ કલાકારે હિંદના એકેએક પ્રદર્શનમાં પોતાની શક્તિ અને પ્રતિભાથી કલાનિષ્ણાતોનું ધ્યાન ખેંચ્યું છે; અને એકે વર્ષ એવું નહિ ગયું હોય કે જેમાં એને ઉચ્ચ પ્રતિનું ઇનામ કે માન મળ્યું નહિ હોય. એનું બચપણ બહુ કઠોર અનુભવોથી ભરપૂર વીત્યું હતું. તેનામાં કંઇક પ્રતિભા હશે એવું કોઇ સ્વીકારતું જ નહોતું, એટલે તેની કેળવણી લગભગ રખડી ગયા જેવી હતી અને કોઇએ તેની દરકાર કરી નહોતી. પરંતુ પોતાની ધગશથી જ તેણે ચિત્રકળાનો નાદ કેળવ્યો અને ઘણી મુસીબતો વેઠીને લખનૌની કળાશાળામાં પ્રવેશ મેળવ્યો. ઘરનાં બધાંની ઇચ્છા તેને નોકરીએ વળગાડી દેવાની હતી, એટલે તેના આ નવીન પ્રસ્થાનમાં ઘરની કશી મદદ મળી નહોતી અને છેવટે તેને વિસારી દીધા જેવું કર્યું હતું. લખનૌની ચિત્રશાળામાં ભાઇશ્રીએ સાત વર્ષ અભ્યાસ કર્યો. ત્યાંના હેડમાસ્તર શ્રી બીરેશ્વર સેનની તાલીમને જ તેની પ્રગતિ ખરેખરી આભારી છે એવું તે સ્વીકારે છે. ઈ.સ. ૧૯૩૫માં તેને કલકત્તાના મેટ્રો થીએટરમાં ભીંતચિત્રો કરવાની તક મળી અને બીજાં પણ એકબે કામ મળ્યાં. આ કામ સમૂહકૃતિઓ તરીકે થયાં હતાં. ઈ. સ. ૧૯૩૭માં લખનૌ પાછા આવી કંઇક કામ શોધવા મહેનત કરી, પણ જણાયું કે પ્રજાને રીઝવ્યા સિવાય કંઇ જ નહિ બને. આ ખ્યાલ પૂરેપૂરો સમજાયો તો ખરો, પણ તેમાં યે કેટલીક આપદાઓ હતી. ઉત્કર્ષનું પ્રભાત જોતાં પહેલાં તેને ઘણી યાતનાઓ અને પરિશ્રમનો ભાર વહેવો પડ્યો. પણ તેણે પોતાની કળામાં અટળ શ્રદ્ધા ટકાવી રાખી અને તેની ઉપાસના તેને યોગ્ય રૂપમાં ફળી. પછી તો કલા-વિવેચકોએ તેનાં ચિત્રોની પ્રશંસા કરી, પ્રદર્શનોએ માનચાંદ આપ્યાં અને મિત્રો તેમજ શ્રીમંતોએ તેનાં ચિત્રો ખરીદીને તેની કલાને અપનાવી. કલકત્તા, મ્હૈસુર, દિલ્હી, અમૃતસર, સીમલા, મુંબાઈ વગેરે હિંદનાં શહેરોમાં તેને મળેલાં પારિતોષિકોનો હારડો બહુ લાંબો છે, અને હજુ તો તે યુવાનીને ઉંબરેથી ફક્કડ તબિયતે લાંબી મજલ ખેંચી શકે તેમ છે. તેની કળા માટે ઘણું ઉજ્જવળ ભાવી સરજાયું છે. તેણે હમણાં તો લખનૌને જ પોતાનું કેન્દ્ર બનાવ્યું છે.

તિજોરીમાં ડેકાણાસર મૂકવાની વાત. એમને એટલું યે સમજાતું નથી કે ઘરમાં કદાચ ચોર પેસે તો એ બીજું બધું મૂકી દઇને તિજોરી જ ફોડવાનો? મુંબાઇના એક મોતીના પ્રખ્યાત વેપારી વિષે હું એક વાત જાણું છું. મોતીની અત્યંત મૂલ્યવાન ચીજો, એ મોતી રાખવાની તિજોરીમાં રાખવાને બદલે કોઇકોઇ વાર ટેબલ પરના શાહીચૂસ કાગળ નીચે કે કોઇ વાર કોઈ કૅલૅંડર પછવાડે મૂકી દેતો. કારણ એટલું જ કે ચોર આવી જગ્યા કોઈ દિવસ શોધતો નથી.

મારું અવ્યવસ્થિતપણું એક છેડે છે તો મારા બીજા એક મિત્રનું વ્યવસ્થિતપણું છેક બીજે છેડે છે! બધી ચીજો જાણે ફોટો પડાવવા ગોઠવી મૂકી ન હોય! ચોપડીઓની અભરાઇ પર પુસ્તકો હારબંધ ગોઠવી મૂકેલાં, અને દરેક પુસ્તક પર એક જ રંગના કાગળનું ચડાવેલું પૂઠું. ઘસીઘસીને ચળકતો બનાવી દીધેલો પાણીનો લોટો એક ખૂણામાં, અને એના પર એનાથી યે વધારે ચળકતું પ્યાલું. હું તો એમાંથી પાણી પીતાં પણ બીઉં છું: ન કરે નારાયણ ને આપણી આંગળીથી ડાઘો પડ્યો તો! તેવી જ કપડાંની વ્યવસ્થા. ગડી ખૂલી જાય તો બનાવો હતી તેવી ને તેવી! પણ આ વ્યવસ્થિત રહેવાની ઘેલછાથી થયું છે એવું, કે એ અંદરથી તદ્દન મૂર્ખો અને બહારથી ઓલિયા જેવો થઇ ગયો છે! ચોપડીઓની હાર બગડી ન જાય અને ચોપડીનાં પાનાં મેલાં ન થાય એટલા ખાતર એ ખાસ કંઇ વાંચતો જ નથી, તેથી મનથી તો એ નિર્બુદ્ધ રહ્યો છે; અને ચોખ્ખાં કપડાંની ખૂલેલી ગડી ફરી વાળી હતી તેવી વ્યવસ્થિત બનાવવામાં એનો ઘણોખરો વખત જતો હોવાથી એના શરીર પર ઘણેભાગે મેલાં કપડાં જ હોય છે, અને તેથી એ ઓલિયા જેવો લાગે છે.

કોઇપણ ચીજની ઘેલછા તો ખરાબ જ છે. પછી ભલે ને તે વ્યવસ્થિત રહેવા માટેની હોય!

(ગરાડી ઉપરથી)

વસન્ત જોષી

હડકવા જે કૂતરાને લાગ્યા પહેલાં માણસને લાગે છે

કોણ જાણે શાથી આજકાલ કૂતરાને હડકવા લાગ્યાની માન્યતા અમારા ગામમાં બધે ફરી વળી હતી. અનાજના પાકની, ફળફૂલની અને પક્ષીઓના સંવનનની ઋતુ બેસે છે. તાવતરિયો, અછબડા કે શીતલામાનો વાવર પણ નિયમસર આવે છે ને જાય છે. જગતમાં ગાંડાઓની પણ ઋતુઓ આ નિયમબદ્ધ સંસારમાં કેટલાક નિષ્ણાતોએ નિર્ણીત કરી છે કે ઉનાળામાં આંબાવાડિયાની કેરીઓ હિલોળે ચઢે છે એની સાથે વૈશાખી વા વાતાં ગાંડાઓનાં મગજ પણ ચગે છે! આવો કશો નિયમ પ્રાણીજીવનમાં પણ હશે? નહિ તો પછી કૂતરાને દેખી બધાં ભડકતાં કેમ ફરે છે? હજી કાલે જ મકન પટેલનો પરણેલો પસ્તેલો દીકરો સતિયો મીરત ઇસ્પિતાલમાં જઈ દવા કરાવી આવ્યો ને ભગવાન લેખે સારું તો થઈ ગયું, પણ ભોગજોગે લાકડાભેગો થયો હોત તો તેના બાપનું મોંઘું રતન ધૂળભેગું થઇ જાત ને? અને પેલી શવલીની રતનને હડકાયું કૂતરું કરડતાં ધૂતપાપેશ્વર મહારાજે મંત્રબળથી જ સૂતી બેઠી કરેલી: એના જ ભણકારા ઘેરઘેર સૌના મગજમાં રણક્યા કરતા હતા. દૂરથી કોઈ કૂતરું આવતું દેખ્યું કે લોકો હાથમાં લાકડી ઘુમાવી તેને દૂર ભગાડવા માટે તૈયાર જ હોય! કોઇ કૂતરી ઉંદરડો માર્યાથી ભોંકતી હોય, કે કાટવાળો પદાર્થ આરોગવાથી ઓકતી હોય તો ગામના કેટલાક પરગજુ જુવાનો ડાંગે ડાંગે એના શ્વાસ કાઢી નાખે. કૂતરાં પાળનારના પડોશીઓ તો ખાસ ચોંકીને ચાલતા. તેઓ ઘરથી બહાર પગ મૂકતાં અગાઉ બૂમ મારતા: 'અલ્યા ફલાણાભાઇ ઢીંકણાભાઇ, તમારા ટીપુડાને સાંકળે બાંધજો જરા.' રખેને તેમને વળગી પડે! અમારા જેવા શ્વાનપાલકોનાં કૂતરાં છૂટાં ન મૂકવા તથા હડકાયાં કૂતરાંની સંગતમાં ન આવવા દેવા ખાસ નોટીસો ને મોઢામોઢ ચેતવણી અપાઇ ચૂકી હતી. કૂતરાંના કહેવાતા હડકવા સાથે માણસોનો આ જુદી જ તરેહનો હડકવા જાણે ગામભરમાં ધૂમ મચાવી રહ્યો હતો.

આથી, અમારા જૉલી—બહાર પોતાના મિત્રોની સાથે રમવાના રસિયા જૉલી—ને હમણાં શૃંખલાબદ્ધ કરી રાખવામાં આવ્યો હતો. તેથી તે ખૂબ અકળાતો, મુંઝાતો, ઉંઆવ, ઉંઆવના ચિત્કારો નાખતો પોતાનો સખત વિરોધ જાહેર કરતો. પણ એ કશું ન ગણકારતાં હૈયું કઠણ કરી અમારે તેને બાંધી જ રાખવો પડતો. ઘરના સઘળા પ્રત્યે મારી મના છતાં એક દિવસ મારી ભત્રીજીએ તેનો રૂપાળો છતાં દયામણો ચહેરો ને ઘડીઘડીમાં મીંદડી જેવી મીંચકારાતી છૂટકારો ઇચ્છતી આંખો જોઇ, તેની મૂક ભાષા જાણે સમજી ગઈ હોય એમ, છેક સંધ્યાકાળે તેને જરા ટહેલવા છોડી મૂક્યો. આ વાતની જાણ થતાં હું બહુ ગુસ્સે થયો. અને મારા નોકર કુબેરને જૉલી શોધી લાવવા કહ્યું. કુબેરે થોડીવારમાં તેને એક મોટા લૂગડાના ડૂચા વડે પકડી ઘેર આણી સાંકળે બાંધ્યો.

પણ દરરોજનો જૉલી આજ jolly (આનંદી) રહ્યો ન હતો. તે તરત જ તેની ફાટીતૂટી ગોદડી પામતાં લેટી પડ્યો. તેના શ્વાસની ધમણ જોરબંધ ચાલતી હતી. તે આમ ઘડીવાર પડી રહ્યો. તે બીમાર પડ્યો એટલે તેની રમતગમતનાં હમેશનાં સાથી, ઘરનાં બધાં છોકરાંએ પણ તેને વછોડ્યો. આખો દિવસ દરવાજાનું રક્ષણ કરતાં ભસભસ કરતો જૉલી આજે મૌનવ્રત લઈ રહ્યો હતો. ગાય આવી કે બકરીનું બચ્ચું આવ્યું, કાળો ડગલો પહેરી કોઇ સાહેબ આવ્યો કે હાથમાં ટબલું લઇ મેરવાળી માળાઓ પહેરી સાંઈ આવ્યો, વાળવા ઢેડી આવી કે માથે ટોપલો મૂકી શાકવાળો આવ્યો: તેમનું સ્વાગત તેના ભસવાથી પ્રથમ તો અવશ્ય થવાનું જ. પછી પિછાન પડતાં તેના સ્વભાવ મુજબ પૂંછડી પટપટ હલાવી જે કંઇ તેમની પાસે હોય તે પોતાનું કરવાની દાનતથી કૂદી કૂદી તે ઉછળતો. આગળ બે પગ લંબાવી શરીર પર ટટાર થઇ જતો. ચકલી, કબૂતર કે કાબરને તો એ આંગણાંમાં બેસવા દે જ શાનો?

આવો જૉલી આજ નિશ્ચેતન હતો. તેથી ઘર આખામાં જાણે સૂનકાર ભરાઇ ગયો હતો. જૉલી તરફ ટગર ટગર જોઇને હું દુ:ખથી ગભરાઇ ઊઠ્યો. એની મોટી દયામણી રોતી આંખો મારું હૈયું ચીરી નાખવા લાગી. જાણે કે એકાન્તમાં દુ:ખ ભોગવવાને એને નર્યો એક ખૂણે નાખી મૂક્યો હોય, એમ એકલતાની લાગણી પ્રકટ કરતી તેની આંખો મને વીંધવા લાગી.

છૂટતાંવેંત તે ભસતો ભસતો પગથિયાં ને દરવાજો કૂદી સંધ્યાની મધુર પ્રકાશરેલમાં નહાવાને નીકળી પડ્યો, ને દોડ્યો ભાગોળ ભણી. સંધ્યાકાળે ગામની ભાગોળનો રંગ મધુરવી લહેરે જીવનને રંગમય કરે એવો ન્યારો હોય છે. તેની ધૂળમાં છોકરાં રમતાં હોય છે. ગોધણી ને ભતવારી ધણ સાથે પાછાં વળતાં હોય છે. પનિહારીઓ છેલ્લો ઘડો કુવાના પાણીમાં ડુબાડતી રાતરમણાના વિચારોમાં ગરક હોય છે. નવરાઓનો તો તળાવપાળે ચોરો હોય જ. સારૂં ગામ કામે કે વગર કામે એ ટાણે ભાગોળે ભરાયું હોય છે. તો પછી બિચારા જૉલીને તે ઘરમાં સાંકળે બંધાઇ ગોંધાઈ રહેવાનું કેમ ગમે? તીરને વેગે ધસતો, ઓહ્વ–આંઉ, ઓહ્વ–આંઉ ભસતો તે પાદરે આવીને દોડતાં ગલુડિયાંની પાછળ પડી રમવા લાગ્યો.

ગામમાં હડકવાની બીક નિર્દોષ બાળકોમાં પણ એવી જોરપૂર્વક બેસાડેલી કે તેઓ જૉલીને ભસતો જોતાં 'ઓ માડી રે!' કરતાં જે હાથ આવ્યો તે ઊંચા ઓટલે ચઢી ગયાં. પાસે હવામાં ઊડતી મગતરી વીણવા આવેલું અબાબીલ પક્ષી, જૉલીને પોતાના પર તરાપ મારતો જોઈ, માળામાં ઘૂસી જઇ તિરસ્કારયુક્ત ચિત્કાર કરવા લાગ્યું. સૂરજનાં અંતિમ કિરણોમાં પાંખો સમારવા ઊડતાં પતંગો ચળકતી પાંખો ફફડાવી ઊડતાં હતાં તેની સંગે રમવા જૉલી ઠેકડા મારવા લાગ્યો. દૂરથી માંખીઓના ઝુંડનો ગમગણાટ સાંભળી ગાંડાની જેમ દિશાભાન વિના તે આમતેમ જોરથી દોડવા લાગ્યો.

એટલામાં એકે રાડ નાંખી: 'ભુરા ભગતડાનો જાલિડો હડકવાયે નંખાણો. મારો સાળાને.'

બધા ભયભીત થઈ નાસભાગ કરવા લાગ્યા. કેટલાકે ડાંગ હાથમાં તોળી. સઘળાને નાસભાગ કરતા જોઇ એક જુવાન બોલ્યો: 'ભાગો છ શું એં! એને માર્યા વના ન મેલું.' ને સનનન કરતી ડાંગ વીંઝી.

પરંતુ આ બધાને રમતખેલ સમજતા જૉલીએ તેને આબાદ ચુકાવી, અને જીત્યાનું ગૌરવ હૈયે લેતો હોય એમ મારનારની સામે હરખભેર દોડ્યો.

પણ તે સાથે તો મારનારે ભોંય માપી! તેની સાથે રહીસહી હિંમત પકડનાર પણ હિંમત છોડી નાઠા. દૂરથી રહ્યારહ્યા સુરક્ષિત સ્થાને ઊભેલા કેટલાક નામર્દોએ પથ્થરના પ્રહાર કરવા શરૂ કીધા. તેને ચૂકવતો ને મારવા આગળ આવનારની સામે થતો જૉલીનો આનંદ હવે ગભરાટ ને ગુસ્સામાં પલટાઇ ગયો હતો. પથ્થરના વરસતા વરસાદમાંથી એક તેના પેટમાં અને એક આગલા જમણા પગે ચોંટ્યો તેવો જ તે લાગલો 'ચિઆઉં, ચિઆઉં, ચિઆઉં' કરતો ને લંગડાતો ઘર તરફ નાઠો. તેની કારમી ચીસ તેની શોધમાં ગયેલા મારા નોકર કુબેરે દૂરથી સાંભળી. તેણે સફાળા તે તરફ દોડી, જોરથી ઝાપટ મારી તેને કાળિયામાં વિંટાળી દીધો અને ઊંચકી ઘેર આણ્યો. પણ પછી પગને ચાંટતો વેદનાની ચીસ મારતો નર્યો બેભાન જેવો થઇ તે પડ્યા. મેં તેના વાગેલા પગે હળદર મીઠું ખદખદાવી ભર્યું ને પાટા બાંધ્યા. નાના બાળક જેમ તે વારેવાર છળી ઊઠતો, પણ પાછું માથું ઝુકાવી દઇ પડી રહેતો.

કુકડાએ છડી પૂકારી. દૂરથી પ્રભાતિયાંના સ્વર આવ્યા. જગતસમસ્ત પશુપંખીના જાગવાં સાથે હું પણ જાગ્યો. ઊઠતાંવેંત અમારો કુબેર કહેવા લાગ્યો: 'ભાઈસા'બ, રાતભર જાંલીડાએ રડીઆ જ કીધું છે.'

મેં કહ્યું, 'માંદો છે ને? કદાચ રાતે બિચારાને ટાઢ પણ વાઇ હશે અને ઘા પર કળતર થતી હશે. તમને કોઇને એને ઓઢાડવાનું યે ના સાંભર્યું.'

તરત જ હું બહાર આવ્યો. જૉલી છેક આડો પડી ગયો હતો અને તણાઈ જતો હતો. રાતે બાંધેલા પાટા જેમના તેમ હતા. પણ તેની સન્મુખ લીલુંછમ થઇ ગએલો દૂધનો પડીઓ મેં પડેલો દીઠો! એનો શ્વાસ ઘૂંટાતો હતો. તેના સઘળા શરીરની હાડપિંજરની રચના ઊછળી રહી હતી. ગાયગમણ સાથે કુતરાનું કાઢતાં ફળીના કેટલાક ભાવુક લોકો જૉલીને વાસી ખીચડીથી માંડીને તાજા પકવાન ધરી જતાં. તે મુજબ કોઇ આ ધરી તો નહિ ગયું હોય? તેમ છતાં શ્રદ્ધા ન રહેવાથી મેં પૂછ્યું: 'આ દૂધ એને કોણે મૂક્યું છે?'

'કોણ જાણે, શેઠ!'

'તો કોણ મુઆં'નું એ?' પડીઆમાં ઝેરની ઝાંખી થતાં હું જોરથી કકળી ઊઠ્યો: 'કોઇ બદમાશે મારા જૉલીને ઝેર દીધું છે રે. નખ્ખોદ જાય એનું. બિચારા કૂતરાએ એનું શું બગાડ્યું?' મારી આંખે તમ્મર આવ્યાં ને બેશુદ્ધ સમાણો હું ઢળી પડતો રહી ગયો.

થોડી વારે બાલભાનુના પ્રકાશે તડકાનો સોનેરી રંગ ચમકી ઊઠ્યો. જૉલી તેની સામે જોઇ રહ્યો. એણે અત્યંત અનુગ્રહથી કરુણ (અનુ૦ આગળ પાન ૩૩૦)

વહેલી પરોઢે મંદિરના જાગૃત બનેલા વાતાવરણે મારી ઊંઘ હરી લીધી. દાતણપાણી કરી હું પણ ઊપડવાની તૈયારી કરવા લાગ્યો. મહંતે મજૂરની ગોઠવણ કરાવી આપી. રસ્તામાં આવનાર ગામો વિષે પૂછતાં જણાયું કે શોટેશ્વરથી શંખેશ્વર ચાર ગાઉ અને પંચાસર નવ ગાઉ છેટાં છે. પંચાસર આટલું ઢૂંકડું હશે તેની મને કલ્પના યે નહોતી, એટલે જે સ્થળ જોવા માટે હું લાંબા સમયથી તલસી રહ્યો હતો ત્યાં આજ ને આજ જઇ પહોંચવાનો મેં નિશ્ચય કર્યો. પંચાસરમાં ઊતરવા માટે મહંતે મને કહ્યું કે ત્યાં પરશોતમપુરી મંદિરમાં મહંત ભાવગિરજીની પાસે જઇ મારૂં નામ આપજો એટલે તમારા માટે બધી ગોઠવણ થઇ જશે. મજૂરને મારાં ગાંસડાંપોટલાંનો ભાર સુપ્રત કરી અને શોટેશ્વરના માયાળુ મહંત પ્રત્યે આભાર વ્યક્ત કરી મળસ્કાના પાંચ વાગ્યાને શુમારે હું પંચાસરને પંથે પડ્યો.

ડાબે હાથે પૂર્વ દિશામાં પ્રાગડના દોરા ફૂટતા હતા ને તેના આછા પ્રકાશમાં મુંજપુરની જામી મસ્જિદના મીનારા એક આકર્ષક છાયાચિત્ર બની રહેતા હતા. શોટેશ્વરની આ પારની દુનિયા કંઇક જુદી જ જણાતી હતી. સોલંકીઓનાં જમાનાને વટાવી જઈ બારસો વર્ષ પાછળ રહી ગએલા ચાપોત્કટો (ચાવડા)ના સમયમાં આવી પહોંચ્યાનો ભાસ હવે મને થવા લાગ્યો. અલબત્ત આ પ્રદેશ વઢિયાર જ હતો; પણ વઢિયારની લાક્ષણિક એવી કેરડા ને ઝારાનાં ઝુંડની ગેરહાજરી સ્પષ્ટ હતી અને ચાણસ્મા, કંબોઈ, દેલમાળ તથા વાઘેલના માર્ગમાં ઠેકઠેકાણે મળતી સોલંકી સ્થાપત્યની દહેરીઓ, સરોવરો આદિ એ કાળને દષ્ટિ સામે મૂર્તિમંત બનાવતી વસ્તુઓને બદલે હવે સપાટ પથરાએલું મેદાન અને તેની એકતાનતા (monotony) માં ક્યાંક ક્યાંક વિક્ષેપ નાખતાં પ્રાચીન ગામોના ઊંચા ટેકરા તે જ આ પ્રદેશની નૈસર્ગિક સમૃદ્ધિ. આ સર્વ, સ્મરણપટમાં સૂતી પડેલી, ગુર્જરવીર વનરાજ ચાવડાના પ્રારંભિક જીવનના રોમાંચક પ્રસંગોની કાલ્પનિક સૃષ્ટિને જીવંત બનાવતાં હતાં. પુણ્યસલિલા પ્રાચી સરસ્વતીને કાંઠે સાડા પાંચસો વર્ષ લગી જે મહાન ગુર્જર સંસ્કૃતિ પાંગરી હતી તેનાં બી, હું જે ભૂમિ ઉપર પગ માંડી રહ્યો હતો તેમાં રોપાયાં હતાં. અણહિલ્લવાડ પત્તન જેવી વિદ્યા, કલા અને રાજકારણની એ મહા નગરીનું તેમજ સાડા છ સૈકા સુધી હિંદી ઇતિહાસના મધ્ય યુગને જેણે દીપાવ્યો છે તે નગરીના સ્થાપક વનરાજ ચાવડા (ચાવડાને બદલે હું ચાપોત્કટ શબ્દ વાપરવાનું પસંદ કરીશ) નું વ્યક્તિત્વ ગુજરાતના પ્રાચીન અને મધ્યકાલીન ઇતિહાસ વચ્ચે સીમાચિહ્ન સમું ઊભેલું છે. વનરાજની પેલી પારનો(તેની પૂર્વેનો)ગુજરાતનો ઇતિહાસ માત્ર ઉત્કીર્ણ લેખો અને સિક્કાઓને આધારે જ લખાગો છે, અને તેની આ પારનો ઇતિહાસ ગ્રંથસ્થ સાહિત્યને આધારે રચાયો છે. આ ચાપોત્કટ વનરાજના વડવાઓ એક દિવસે આ ભૂમિ ઉપર રાજ્ય કરતા હતા. શુભ્રદેહા રૂપેણને કાંઠે ઇ. સ. ૬૯૬ સુધી પુરી પંચાસર એમની પાટનગરી રહી હતી. આ પુરીની આસપાસ ઇતિહાસના જે તાણાવાણા વણાયા છે તેની એક આછી ઝાંખી પંચાસર પહોંચ્યા પૂર્વે આપણે કરી લઈશું.

પંચાસરની પુરાતનતા

ઉત્તર ગુજરાતના આ પ્રદેશ ઉપર પુરાતન કાળમાં ધર્મારણ્યનાં વનો ઢળેલાં હતાં. મહાભારતમાં એનું નામ મળે છે અને સ્કંદ પુરાણમાં તો ધર્મારણ્ય નામનું એક આખું પ્રકરણ જ મળી આવે છે. (ધર્મારણ્યના ઇતિહાસ માટે જુઓ કુમારના અંક ૧૯૫–૯૬માં આવેલા આ લેખમાળાના હપતા.) જૈન સાહિત્યમાં આ પ્રદેશના પ્રાચીનતમ શહેરનું નામ લાકખારામ મળે છે અને તે પાંચમા સૈકામાં હયાત હોવાનું જણાય છે. હિંદુ સાહિત્યમાં આ પ્રદેશનાં પ્રાચીનતમ નગરોનાં નામો તરીકે આનર્ત્તપુર (વડનગર) અને મોઢેરકપુર (મોઢેરા) ગણાવ્યાં છે; પંચાસરનું નામ ક્યાંય જણાતું નથી. ઈ. સ. ૬૯૬માં પંચાસરનો નાશ થયો હતો એટલે આ નગરીની આવરદા ઓછામાં ઓછી બસોચારસો વર્ષ જેટલી તો જરૂર રહી હશે. આનર્ત્તપુરની પ્રાચીનતા ઇ.સ. ૫૪૪ના જેટલી તો (વલ્લભીના ધ્રુવસેનના એક તામ્રપત્રમાં એની નોંધ મળવાથી) ચોક્કસપણે સિદ્ધ થઇ ચૂકી છે

ભૂતકાળની શોધમાં

નીકળેલા એક અકિંચન તરુણે

અને પંચાસર પણ એની તથા મોઢેરાની હરોળનું ખરૂં.

શ્રીમાલનો વારસો

પંચાસરના વિનાશની ૫૫ વર્ષ પૂર્વે ચીની યાત્રાળુ હ્યુ-એન-સંગ વલભીથી આનર્ત્તપુર ગયો હતો, પણ તેની નોંધમાં પંચાસરનું નામ નથી આવતું. એનું કારણ એ હશે કે વલભીથી આનર્તપુરના સીધા માર્ગ ઉપર એ શહેર આવતું નહોતું. પંચાસરના પ્રદેશ વિષે નોંધવા જેવી હકીકત તો એ છે કે તે વલભી રાજ્યથી અતિ નજીક હોવા છતાં તેના ઉપર મૈત્રકો (વલભીના રાજાઓ)-એ કેમ આધિપત્ય સ્થાપિત નહિ કર્યું હોય? જોકે મધ્ય અને પૂર્વ ગુજરાત તેમને તાબે હતાં. આ પ્રદેશમાંથી વલભીનાં તામ્રપત્રો મળ્યાં નથી; તેમ વલભીનાં મળેલાં તામ્રપત્રોમાં આ પ્રદેશના એક પણ સ્થળનું નામ મળ્યું નથી. આ બધી વિચારણા એવું સૂચન કરે છે કે પંચાસરનો નાશ થયા પૂર્વેના સૈકાઓમાં આ પ્રદેશ વલભીને તાબે ન હોઇ તેના ઉપર કોઇ અન્ય રાજ્ય-

ઓખામંડળમાંથી ચાવડાઓ ઉત્તર-દક્ષિણ કેવી રીતે ગયા તે દર્શાવતો નકશો.



સત્તા શાસન ચલાવતી હશે. એ રાજ્યસત્તા તે કઈ હશે? ચાલુ માન્યતા પ્રમાણે બીજા સૈકાથી શ્રીમાલમાં ગુર્જરોનું રાજ્ય રહ્યું હતું, એટલે આ પ્રદેશ એમને તાબે રહ્યો હશે એમ માનવા સહેજે આપણું મન પ્રેરાય; પણ ઐતિહાસિક પ્રમાણો આ ચાલુ માન્યતાની વિરૂદ્ધ જાય છે, હ્યુ-એન-સંગના પ્રવાસ પૂર્વે એટલેકે ઈ. સ. ૬૪૧ની પહેલાં ભિલ્લમાલમાં ગુર્જરોનું રાજ્ય નહોતું. આ બનાવની માત્ર ૧૨ વર્ષ પૂર્વે, ઇ. સ. ૬૨૯માં (ભિલ્લમાલનાં રહેવાસી હોવાથી) ભિલ્લમાલકાચાર્ય કહેવાતા મહાન જ્યોતિષી બ્રહ્મગુપ્તે પોતાના ગ્રંથ બ્રહ્મસ્ફૂટ સિદ્ધાંતમાં શક સંવત ૫૫૦માં ચાપવંશી વ્યાઘ્રમુખ રાજાનું રાજ્ય હોવાનું જણાવ્યું છે. આમ, ભિલ્લમાલને આંગણે ઈ. સ. ૬૨૯માં ચાપ કે ચાવડા વંશનું રાજ્ય તથા ઇ. સ. ૬૪૧માં ગુર્જર વંશનું રાજ્ય હોવાનાં પ્રમાણો મળે છે. ચાપ અને ગુર્જર વંશો એક ન હતા એમ અવનિજનાશ્રય પુલકેશીના નવસારીના તામ્રપત્રમાં કરેલા આ બંને નામોના સ્વતંત્ર ઉલ્લેખ ઉપરથી જાણવા મળે છે. એટલે આપણે એમ માનવું પડે છે કે ઈ. ૬૨૯ અને ૬૪૧ના વચગાળામાં ચાપોત્કટોને ઉચ્છેદી ગુર્જરોએ તેમનું સ્થાન લઈ લીધું હતું. એ ચાપોત્કટો ભિલ્લમાલથી પંચાસર આવેલા અને ત્યાં એમણે પોતાનું સ્વતંત્ર રાજ્યસ્થાપેલું.આમાન્યતાસંબંધે થોડાક પુરાવાઓઆછે:

(૧) ફાર્બસ ગુજરાતી સભાના હસ્તલિખિત પુસ્તક નં. ૪૮–૮માં વનરાજના પિતાનું રાજ્ય ભિલ્લમાલમાં હોવાનું લખેલું છે. (૨) પાટણ સંઘવીના પાડાના પ્રાચીન ગ્રંથભંડારમાં ચંદ્રપ્રભ ચરિત્રની પ્રતમાં વનરાજના મંત્રી ઠક્કુર નિન્નનું જીવનચરિત્ર આપેલું છે અને તેમાં એમ પણ જણાવેલું છે કે તેના પૂર્વજો શ્રીમાલમાં વનરાજના પૂર્વજોના મંત્રી હતા. (૩) સરસ્વતીપુરાણના ૧૮મા સર્ગમાં લખ્યા પ્રમાણે ચાપોત્કટો અર્બુદારણ્યથી અણહિલપુરપાટણ આવ્યા હતા. અર્બુદારણ્ય તે આબુના પૃષ્ઠભાગમાં આવેલ વન હતું, જેમાં શ્રીમાલ વસેલું હતું.

સુરાષ્ટ્રમાં ચાપોત્કટો

આ ઉપરાંત પંચાસરમાં ચાપોત્કટોના આગમનની વિગતને એક બીજું પાસું પણ છે. તે એ કે ચાપોત્કટો સોમનાથ પાટણથી પંચાસર આવ્યા હતા. પ્રબંધચિંતામણિમાં વનરાજના પુત્ર યોગરાજ સંબંધે એક પ્રસંગ લખેલો છે. તેના કુંવર ક્ષેમરાજે યોગરાજને વિનંતિ કરી કે 'સોમેશ્વરપત્તનમાં બીજા દેશનાં વહાણો તોફાનથી ઘસડાઈ આવ્યાં છે ને તેમાં કરોડોનું દ્રવ્ય છે; તો આપ આજ્ઞા કરો તો તે લૂટી લઇએ.' યોગરાજે ના પાડી, છતાં ક્ષેમરાજ પોતાના બીજા બે ભાઇઓને લઈ ત્યાં ગયો અને એ માલ લૂટી લઈ પાટણ આવ્યો. એ જોઈ યોગરાજે કહ્યું કે 'બીજાં રાજ્યોના રાજાઓ, સૌ રાજાઓની પ્રશંસા કરતી વખતે ગુર્જરદેશમાં ચોરોનું રાજ્ય છે એવી મસ્કરી કરે છે, ત્યારે આપણા પૂર્વજો વિષે કઈક ગ્લાનિ અને દુઃખ થાય છે. તમે પૂર્વજોનું એ કલંક વિસ્તારીને તાજું કર્યું છે.' આ વચનો ઉપરથી જણાય છે કે પ્રભાસ અને દીપપત્તન (દીવ)ના ચાપોત્કટો તે યોગરાજના પૂર્વજો હતા. એ જબરા ચાંચિયા હતા ને છેક સોકોત્રા સુધી તેમણે થાણાં સ્થાપ્યાં હતાં. યોગરાજે પોતાના પૂર્વજોની આ ચાંચિયાગીરી પ્રત્યે ઈશારો કરેલો છે. પણ હાલના વિદ્વાનો માને છે તેમ તેઓ ધાડપાડુ કે ચોર નહોતા. અને ચાવડાનું મૂળ ચૌરા કે ચોટ્ટા શબ્દમાં નથી, પણ ચાપોત્કટ છે અને તેનો અર્થ 'જબરા તીરંદાજ' એવો થાય છે, ચોર નહિ. અને ચાંચિયાગીરી તો મોટામોટા શહેનશાહોએ પણ કરી છે.

પ્રભાસના ચાપોત્કટોનું રાજ્ય નાઘેર એટલેકે કાઠિયાવાડને દક્ષિણ દરિયાકાંઠે માંગરોલથી માંડી મહુવા સુધી પ્રસરેલું હતું. સોમનાથ જે અખૂટ સમૃદ્ધિ માટે પંકાતું તે આ રાજવીઓને જ આભારી હોવાનું કહેવાય છે. નાઘેરમાં આ લોકો મીઆણીથી આવ્યા હતા. ત્યાંનો પ્રભાત ચાવડો લોકકથાઓમાં બહુ પ્રસિદ્ધિ પામ્યો છે. ક્યાંક તેને ઉજ્જેનના વિક્રમાદિત્યનો સગો તો ક્યાંક ઘુમલીના સાલકુમાર જેઠવાનો સમકાલીન કહ્યો છે. વળી મીઆણીમાં ચાપોત્કટો ઓખામંડળથી આવેલા હતા. ત્યાં ચાવડાપાદરમાં તેમની રાજધાની હતી. બેટશંખોદ્ધાર પણ તેમનો જ હતો. પાંચમા–છઠ્ઠા સૈકાના આ બનાવો છે. ઓખામંડળમાં આ પ્રજા દરિયામાર્ગે ક્યાંક પરદેશથી આવી હતી. કચ્છમાં લાખા ફુલાણીની પૂર્વે તેમનું જ રાજ્ય હતું. ત્યાં તેમની પાટનગરી લાખીઆર વીઅરા હતી.

ચાપોત્કટોના જે કંઈ ઇતિહાસ નોંધપોથીઓ અને પ્રબંધાદિમાં મળે છે તેના ઉપર વિચાર કરતાં એમ જણાય છે કે ગુપ્ત સત્તાના અસ્તકાળે, વલભીના સ્થા-

પનની લગભગ પરદેશથી પહેલવહેલા એ લોકો ઓખા-મંડળમાં આવી વસેલા જબરા વહાણવટી તેમજ ચાંચિયા હતા. એમની એક શાખા કચ્છને માર્ગે શ્રીમાલ પહોંચી અને બીજી મીઆણી થઈ પ્રભાસપાટણ ગઈ. પછી પંચાસરને આંગણે બંને શાખાઓ ભેગી મળી ને એમની એક શાખાએ વઢવાણમાં પણ રાજ્ય સ્થાપ્યું. (જુઓ નકશો) વઢવાણ શાખાના ચાપોત્કટ રાજા ધરણી-વરાહનું ઇ. ૯૧૪નું તો એક તામ્રપત્ર પણ પ્રાપ્ત થયું છે.

શંખેશ્વર

અગિયાર વાગતાં તો હું શંખેશ્વરને ગોંદરે આવી પહોંચ્યો. રસ્તાની જમણી બાજુ લોટેશ્વરમાં જોએલી તેવી વિષ્ણુની ચારેક ફૂટ લાંબી શ્વેત આરસની પ્રતિમા આડી પડેલી હતી. પાસે જ ૧૭મા સૈકાના બે ત્રણ પાળીઆ હતા. શંખેશ્વર ગુજરાતનું એક મોટું જૈન તીર્થ છે. તેનું જૈન નામ શંખનપુર છે અને ત્યાં શિવનું એક ઘણું પ્રાચીન દહેરૂં હોવાથી એ મહાદેવ શંખેશ્વર કહેવાતા હોઇ આ શંખનપુર શંખેશ્વર તરીકે જ પ્રસિદ્ધ છે. અહીં પાર્શ્વનાથનું મંદિર છે. કયારનું હશે એ તો કહી શકાય નહિ, કારણકે પચાસ પોણોસો વર્ષ ઉપર એ પ્રાચીન મંદિર પર લાખ્ખોને ખરચે આરસનું નવું વિશાળ મંદિર ચણાઈ ગયું છે. આ સ્થળને લગતી જૂનામાં જૂની નોંધ દસમા સૈકા જેટલી પ્રાચીન મળે છે. આ સ્થળ વિષે 'કુમાર'ના ૧૪૬મા અંકમાં શ્રી હરિનારાયણ આચાર્યે લખેલા લેખમાં એની ઉત્પત્તિ સંબંધેની જૈન કથા તથા અહીંના શંખેશ્વર મહાદેવના પ્રાચીન મંદિરની હકીકત આવી ગઈ છે. પંચાસર જઈ પહોંચવાની ઉતાવળને લઈ મેં આ સ્થળે સંશોધન કરેલું ન હોવાથી અહીં એ વિષે કાંઈ વિશેષ કહેવા ઇચ્છતો નથી.

સૌ પહેલાં હું પાર્શ્વનાથના મંદિરમાં ગયો. તેના કારભારી તરફથી મને બરોબર જવાબ ન મળ્યો. પુરાતત્ત્વની દૃષ્ટિએ તો મંદિરમાં કશું જોવા જેવું હતું જ નહિ, એટલે ત્યાંથી નીકળી હું સીધો બજારમાં આવ્યો ને પુરાતત્ત્વસંશોધન છોડી જમવાની વીશીનું સંશોધન કરતો આખા ગામમાં ફર્યો. મંદિરમાં મોટાં રસોડાં ચાલતાં હતાં, પણ તે જૈનોને માટે જ હતાં. સદ્‌ભાગ્યે એક ચાની હોટલની શોધખોળ કરવા હું શક્તિમાન થયો. આ ઉપરાંત ત્યાં બીજું જેવુંતેવું જે કંઈ મળ્યું તે આરોગી તાબડતોબ હું પંચાસરને રસ્તે પડ્યો. ગામ બહાર નીકળતાં ડાબે હાથે શંખેશ્વર મહાદેવનું ઈંટોનું પ્રાચીન મંદિર આવ્યું. સોલંકીઓએ પત્થરનાં મંદિરો બાંધવાં શરૂ કર્યાં તે પૂર્વે ઉત્તર ગુજરાતમાં આવાં ઈંટોનાં મંદિરો બંધાતાં. તે ને તે દિવસે પંચાસર પહોંચી જવાની તાલાવેલીને લઈ એ મંદિર જોવામાં મને બહુ રસ ન પડ્યો. કારણકે એનું સંશોધન કઝેન્સના હાથે થઈ ચૂક્યું છે.

રૂપેણનો પ્રવાહ

ત્રણ વાગ્યા સુધી સતત ચાલ્યા કર્યા પછી અચાનક એક વોંકળાએ અમારા કેડીમાર્ગને આગળ જતો થંભાવી દીધો. નથી નદીઓના અસ્તિત્વની આગાહી આપતો ભૂમિનો ઢોળાવ કે નથી કાંઠાની વૃક્ષઘટાનું દૃશ્ય; ને કોઈપણ પ્રકારની આગાહી વગર મારગ આડે આવનાર આ સરિતા તે કઈ? મજૂરને પૂછતાં તેણે ઉત્તર આપ્યો કે 'આ તો રૂપેણ.' રૂપેણ? બસ આ જ રૂપેણ? ઘડીભર તો મને વિશ્વાસ ન બેઠો. સિદ્ધરાજના પિતા કર્ણદેવે જેમાંથી એક નાની શી નહેર કાઢી તે દ્વારા અનેક સહસ્રલિંગો સમાઇ રહે એવું કર્ણ સાગર સરોવર જેના જળ વડે છલોછલ ભરી દીધેલું તે રૂપેણ શું આ જ? મોઢેરાની પુણ્યપ્રવાહિની પુષ્પાવતી હર્ષભેર જેના ખોળામાં ઢળી જાય છે એ રૂપેણ તે બસ આવડી જ?

ગમે તેવી પણ આજે રૂપેણ જીવતી બેઠી છે ખરી. એની સંગાથિની અનેક સરિતાઓ સુકાઈ ગઈ, કેટલીએ પટ ફેરવી કયાંકની કયાંક જઈ પહોંચી, પરંતુ ઇતિહાસની અનેક કડવી મીઠી અનુભવતી રૂપેણ-અણહિલવાડ પત્તનને આંગણે જે ગુર્જર સંસ્કૃતિ પાંગરેલી અને પ્રકાશવંતી બનેલી તેની એ આદિ જનેતા—આજે ગમે તેવી પણ જીવતી બેઠી છે; હતી ત્યાં ને ત્યાં છે. સરસ્વતીએ અનેકવાર મર્યાદા મૂકી છે, પણ રૂપેણે તેમ કર્યું નથી. અને એ રૂપેણનું પાણી, દ્વારકાની ગોમતીના જેવું ખારૂં! આ શું એ જ અમૃત સરીખડાં નીર છે કે જેનું પાન કરી ગુર્જર દેશ (પંચાસરપુરીના રાજકવિ શંકરના શબ્દોમાં) કલ્યાણકટકના નૃપતિ ભૂવડની રાજસભામાં

> દ્રવ્યસાર, પારસમણિ, બપુમેં વદન કહાત;
> સારનરન કો ફલ જહીં, ઉર્વિસાર ગુજરાત.

કહેવાવાને યોગ્ય લેખાયો હતો. ચાપોત્કટ જયશેખર, તેના દસ હજાર સૈનિકો, તેની રાણી રૂપસુંદરી, સૂરપાળ વનરાજ તથા મહાન સાધુ શીલગુણસૂરિએ શું એ જ

ખારાં પાણી પીધાં હશે? ના, ના; એમ ન હોય.

ઈ. સ. ૧૯૬માં પંચાસરપુરીનું પતન થયું, ત્યાર પછી ૧૨૪૫ દીવાળીઓ પસાર થઇ ગઇ. એ ગાળામાં કોણે આ રૂપેણને સંભારી છે? પ્રાચી સરસ્વતીને જેણે પોતાનું ગૌરવ અર્પી જગતમાં યશસ્વી બનાવી, અણહિલ્લવાડ પત્તનનો ઇતિહાસ જ્યારે ભાવીના ગર્ભમાં હતો અને સરસ્વતીની આસપાસ જ્યારે પુરાણકથાઓ વીંટળાઇ નહોતી તે વેળાની ગુર્જર ભૂમિની સમૃદ્ધિ (કે જેની યશકથા સાંભળી ભુવડ ચઢી આવ્યો હતો તે)ને જેણે પાળીપોષી તે આ રૂપેણ જ હતી. પણ વનરાજે જે ઘડીએ સરસ્વતીતટનો આશ્રય શોધ્યો અને પંચાસરમાં બિરાજતા પાર્શ્વનાથ એ પુણ્ય નગરીને ત્યજી અણહિલ્લવાડ પત્તનમાં પ્રતિષ્ઠિત થયા ત્યારપછી ૧૧૯૫ દીવાળીઓ પસાર થઈ ગઈ, પણ રૂપેણને કોઇએ સંભારી નથી. પ્રબંધકારોએ તેને અવગણી છે. સરસ્વતી અને પુષ્પાવતીનાં પુરાણો રચાયાં, પણ રૂપેણની નોંધ સરખી યે કોઇએ નથી લીધી. કોઇ મહાદેવ એને કાંઠે પ્રતિષ્ઠિત થયા નથી કે કોઇ દેવી એને તીરે આવીને બિરાજી નથી. એવો તે શો અપરાધ રૂપેણે કર્યો છે? આ બધા સંતાપથી રૂપેણનાં રૂપ કરમાઇ જાય, તેની કાયા કૃશ બની જાય અને તેના પટમાં પાણીને બદલે ખારાં અશ્રુઓનો પ્રવાહ વહેવા લાગે તેમાં નવાઇ શી?

રૂપેણને હૃદયાંજલિ અર્પી હું આગળ વધ્યો કે તરત જ પંચાસરપુરી, હજી પણ ઉન્નત મસ્તકે તેના પુરાતનકાલના પડોના ઊંચા આસન ઉપર બેઠેલી, દૂરથી દેખાવા લાગી. દીર્ઘકાળની ઝંખના પછી આજે મને પંચાસરપુરીનાં દર્શન થયાં.

(ચાલુ) **અમૃતલાલ વ. પંડ્યા**

Our Friends Abroad

પરદેશી મિત્રોના પત્રો

—આ પત્ર મેળવનાર : વિનોદચંદ્ર દેસાઇ • અંકલેશ્વર—

૮૨ પીટર રોડ, વૉલ્ટન લીવરપૂલ–૪

તા. ૨૫-૯-૩૯

પ્રિય વિનોદચંદ્ર,

ગયા ઑગસ્ટમાં તમારો પત્ર મળ્યો હતો તે માટે આભાર. હું અત્યાર સુધી તેનો જવાબ નહોતી લખી શકી તે માટે દિલગીર છું, કારણકે યુદ્ધ ફાટી નીકળતાં અહીં બધું જ બદલાઇ ગયું છે. અરે, પત્ર લખવાની તક પણ મારે માટે લગભગ મુશ્કેલ બની છે. મારા પિતાને લશ્કર ભરતીમાં જોડાઇ જવું પડયું છે. જોકે હાલ તેમને બહુ દૂર રાખવામાં નથી આવ્યા. અમે વખતોવખત તેમને મળી શકીએ છીએ.

આ વરસનાં અભિનંદનો મોડાં મોડાં પણ હું તમને મોકલું છું. હું અને મારાં બા છેલ્લાં ત્રણ અઠવાડિયાંથી બધી બારીઓને અંધારી કરવા મંડયાં છીએ, જેથી જરા યે પ્રકાશ બહાર ન દેખાય અને ઉપરથી નજર ન પડે.

તમને મારે જરા નિરાશ કરવા પડશે. તમે જે સંબોધન મને કર્યું તે પરથી હું છોકરો છું એમ તમે ધારતા લાગો છો. મારૂં નામ જીન, ફ્રેન્ચ ભાષામાં નર જાતિ માટે જે રીતે લખાય છે તે જ છે; પણ અહીં ઘણી વાર છોકરીઓનું નામ પણ એમ જ લખાય છે.

Coco Cubs News (કોકો કબ્ઝ ન્યુસ)ના તંત્રી મિ. જૉનાથન પાસેથી મને તમારૂં સરનામું મળ્યું હતું. તમારો ફોટોગ્રાફ તો મને નથી પહોંચ્યો. પોસ્ટમાં કયાંક ગેરવલ્લે પડયો લાગે છે. તમારા ભાઇ અને બંને બેનોને મારાં પ્રેમપૂર્વક નમન કહેશો. તમારી બધાંની તબિયત સરસ હશે.

યુદ્ધને લઇને શાળામાંથી મને લાંબી રજા મળી છે. ગયા સપ્ટેમ્બરની ૧૯મીએ અમે નિશાળમાં ગયાં હતાં. પણ તેનું કંઈ નહિ. આજે કંઇક ફરજ બજાવવાની મળી છે.

તમારા પત્રમાં મને બહુ જ રસ પડયો છે. હું તમને બે છાપાં મોકલું છું: 'ચિલ્ડ્રન્સ ન્યુસ પેપર' ને 'કોકો કબ્ઝ ન્યુસ.' આજે તો દેશમાં દરેક જણ દેશ પ્રતિ ફાળો આપવામાં પોતા તરફથી કંઇ ને કંઇ કરી રહ્યાં છે. આ કસોટીના સમયે હિંદના રાજવીઓ ને સંસ્થાનો મૂળ ભૂમિને કેવી મદદ કરી રહ્યા છે તે જોઈ અમે ઇંગ્લંડમાં બધાં આશ્ચર્યમુગ્ધ બની ગયાં છીએ. અમારી સૌની ખાત્રી છે કે છેવટે 'સત્યનો જય' છે.

આકાશી હુમલો થાય તો બચાવ માટે સરકાર તરફથી મોંના બુરખા અમને બધાને મળેલા છે. એ સાથે રાખીને જ અમે બહાર આવજા કરીએ છીએ. પણ એ કદી વાપરવા ન પડે એવી હું આશા રાખું છું.

તમારી તરફથી સત્વર ખબરો મળવાની આશા રાખું છું. મેં જલદી પત્ર ન લખ્યો તે માટે ક્ષમા કરજો. મને ખાત્રી છે કે તમે મારી મુશ્કેલી સમજ્યા હશો.

લાગણીપૂર્વક તમારી મિત્ર

જીન પૅટ્રિશિયા હેઇઝ

જીવનનું પરોઢ

ભાગ ત્રીજો

પ્રકરણ ૧૯મું

ગાંડી મહારાજ કે યહાં

એક પરોઢે ઓચિંતો એક વિચિત્ર અવાજ સાંભળી હું સફાળો પથારીમાં બેઠો થઇ ગયો. આંખ મસળતાં મેં જોયું કે મગનકાકા ઓશીકે ઊભા રહી અમ બાળકોને જગાડી રહ્યા હતા અને બહારથી સમુદ્રના ઘુઘવાટ સમો કોઇ અવાજ આવતો હતો. જાગૃત થઇ મેં પૂછ્યું, 'આ ઘુઘવાટ શેનો સંભળાય છે? અવોકાનો દરિયો કંઈ આટલે દૂર સુધી સંભળાઇ શકે ખરો?' અમારા ફીનિક્સ આશ્રમથી છએક માઈલ છેટે હિંદી મહાસાગરનો કિનારો હતો. અમે ત્યાં કદી કદી ઉજાણીએ જતા ત્યારે દરિયો દેખાયા પહેલાં ઘણે દૂરથી તેનો ઘુઘવાટ અમે સાંભળી શકતા. મગનકાકાએ મારો ભ્રમ ભાંગતાં કહ્યું, 'આ દરિયાનો અવાજ નથી. આપણા બગીચાઓમાં બધે માણસો ઉભરાઈ આવ્યાં છે તેનો આ અવાજ છે. તમે તો બધા ઘસઘસાટ ઊંઘમાં પડયા હતા; પણ મને પા-અર્ધા કલાકની યે એકધારી ઊંઘ મળી નથી. આજ આખી રાત હડતાલિયાઓનો બસ પ્રવાહ જ ચાલ્યો છે. જરા ઝોલું આવે ને નવા આવનારા જગાડે અને સૂવાની જગ્યા માગે. એક ટોળીને પડાવ નંખાવી પાછો આવું ને હજી આંખ મળી ન હોય ત્યાં બીજી આવી પહોંચે. હવે જુઓ, આજે આપણું કામ ઘણું વધી ગયું છે. તમે જલદી હાથમોં ધોઈ કામે ચડી જાઓ. આ લોકો જ્યાંત્યાં ગંદકી ન કરે એ ખાસ જોવાનું છે. રાત્રે આટલા જણ આવ્યા તો દિવસ આખો તો આથી બમણા કે તેથી યે વધુ આવશે.

પથારી વાળી હું તો વહેલોવહેલો ઘરની બહાર હડતાલિયાઓનાં દર્શને ઊપડી ગયો. જ્યાં નજર નાખું ત્યાં માણસ જ માણસ જોઇ હું ચકિત થઇ ગયો. એ બધાં પોતપોતામાં ઘુસપુસ વાતો કર્યે જતાં ને આઘાં-પાછાં થતાં હતાં. ફીનિક્સના એ એકાંત બીડમાં એક-સામટાં સો માણસથી વધુ કદી યે મેં એકઠાં ભાળેલાં નહિ. સો જણ પણ ત્યારે જ જોવા મળે, જ્યારે બાપુજી પોતે ફીનિક્સમાં હોય અને કોઇ મોટો ઉત્સવ હોય. બાકી તો સેંકડો પગલાં ચાલીએ ત્યારે કોઇક ખૂણે એકબે જણ કામ કરતા નજરે ચડે. આમ, જ્યાં ફળઝાડ ફૂલછોડ અને ઊંચાનીચા ટેકરા સિવાય બીજું જોવાનું કે પંખીગીત વિના બીજું સાંભળવાનું ન મળતું ત્યાં એક રાતમાં કોઇ જાદુ થયો હોય એમ માણસોએ અમારાં ઘર પાસેના બધા બગીચા ને રસ્તા ઘેરી લીધા હતા, અને હજી તો આવ્યે જ જતાં હતાં. કોઈ પૂર્વ બાજુની સડકે સડકે આવતાં હતાં, તો કોઇ સામેની પશ્ચિમની ટેકરીઓ પરથી કીડીની હારની પેઠે ચાલ્યાં આવતાં હતાં. કોઇ ટોળી આ ખૂણેથી તો કોઇ ટોળી પેલે ખૂણેથી. પાંચપાંચ સાતસાત કરીને ચાળીસ ચાળીસ જેટલા એકેકી ટોળીમાં આવી પહોંચતા.

થોડો વખત તો અમે આ તમાશો જોયા કર્યો. એક વાર આસપાસ પ્રદક્ષિણા કરી આવી જોયું તે મગનકાકાને જણાવ્યું. જરા દિવસ ચડયો ને મગનકાકાને છાપખાનામાં જવાનો સમય થયો ત્યારે એમણે દેવદાસ-કાકાને પોતાની સાથે લીધા ને મને કહ્યું, 'હવે જે નવા લોકો આવે તેમને પડાવની જગ્યા બતાવવાનું કામ તારૂં છે. આપણાં ફળઝાડને આંચ ન પહોંચે તેની ખાસ સંભાળ રાખજે. કોઈ ફળ કે બાળવા માટે ઝાડની ડાળીઓ ન તોડે. વચ્ચેવચ્ચે કલાક સવા કલાકે મારી પાસે છાપખાનામાં ખબર કહી જજે. જે ખાવાનું 'રેશન' માગે તેને ચિઠ્ઠી કરાવવા મારી પાસે લાવજે.

અર્ધોએક માઈલ લાંબી ને પાએક માઈલની પહોળી ફીનિક્સની અમારી એ ભૂમિમાં છુટ્ટા મૂકેલા ઘોડાની પેઠે મેં આ ખૂણેથી પેલે ખૂણે હડિયાપટ્ટી આરંભી દીધી. નવાનવા હડતાલિયાઓને જોવાનો મને ઉમંગ હતો જ. સાથેસાથે રોજની રસોડાના કામની પાળીમાંથી છૂટો થયો તેની પણ ખુશી ઓછી ન હતી. નાસ્તો પીરસવાનું ને શાકસુધાર એ મારા ભાગનું કામ ને ઉપરાંત બીજું કામ પણ નવી આવેલી બેન ફાતમાએ ઉપાડી લીધું હતું. આવા ઘરખૂણાના કામને બદલે દોડાદોડીનું કામ મળે તો કયો છોકરો રાજી ન થઇ જાય?

અગિયાર વાર જેલ જઇને પંકાઇ ગએલા ફકીરા-

ભાઇને કોઠારનું કામ સોંપાયું. મગનકાકાએ દરેક હડતાલિયા દીઠ કાચું સીધું ઠરાવી દીધું હતું. દાળ, ચોખા અને મીઠુંમરચું, અથવા લોટ અને ખાંડ, એ જાતના સીધામાંથી જેને જે પસંદ પડે તેની ચિઠ્ઠી કરાવે. છાપખાનામાં ચિઠ્ઠી કરાવી અપાવીને એ ટોળીને હું કોઠાર પર પહોંચાડું અને કોઠારમાં ભીડ કરી લોકો ફકીરાભાઇને અકળાવે નહિ તે માટે દ્વારપાલનું કામ કરૂં. હડતાલિયાઓના અતિથિસત્કારની જવાબદારી સમજવા જેટલી મારી ઉમર ન હતી. મને એકાએક મોટાઇ મળી ગઈ એટલે અક્કડ સિપાઈની પેઠે 'તુમ હટો,' 'તુમ ઇધર ખડે રહો' 'તુમ ફિર કયોં આયા?' એમ જે આવે તેને સંભળાવ્યે જતો હતો. એમાંનાં કેટલાં યે એવાં હતાં જેમને બબ્બે દિવસ સુધી કશું ખાવાનું મળ્યું ન હતું અને ભૂખ્યે પેટે રાત ને દિવસ ચાલ્યા કરવું પડયું હતું. એવા લોકો ચિઠ્ઠી મુજબનું તોળાએલું સીધું હાથમાં આવી પડતાં પ્રસન્ન થવાને બદલે હતાશ થઇ જતા. 'આમાં અમારી શી ભૂખ ભાંગશે? અમુક ચીજ વધુ આપો' એમ કહી વધુ લેવાને હઠ કરતા ને ખસતા નહિ. ફકીરાભાઇ એમને દલીલોથી, સમભાવથી સમજાવવાનો પ્રયાસ કરતા, પણ હું મારી નાદાનીને લીધે એમને સંભળાવી દેતો, 'ચલો ચલો, દૂસરે કો લેને દોગે કિ નહિ? ચિઠ્ઠીકા માલ મિલ ગયા; અબ હટો, ચલો.' પુરુષો તો જલદી સમજી જતા, પણ સ્ત્રીઓનું કરગરવું ચાલ્યા જ કરતું.

જે ટોળીને કોઠારમાંથી સીધું મળે તેને રાંધવાની જગ્યા બતાવવામાં પણ મારો ઠીકઠીક વખત જતો. ફળઝાડને આંચ ન લાગે એમ દરાવીકરાવીને મારે એમને સમજાવવું પડે; કેમકે માંડમાંડ થાક્યાપાક્યા આવી સીધું લઇ તેઓ તડકાને બદલે ઝાડને છાંયે ચૂલો માંડવાને લલચાય. પણ નાને પંડે હું એમને કેટલુંક કહી શકું? કોઠારને દરવાજે મારૂં જેટલું રાજ ચાલતું એટલું આ અફાટ મેદનીમાં ચલાવવાની મારી હિંમત ન ચાલતી. મને ડર લાગતો કે હું કંઇક કહીશ ને આ લોકો ખિજાશે તો? એટલે જ્યાં સુધી કાંઈ ભારે નુકસાન નજરે ન પડતું ત્યાં સુધી હું વગર બોલ્યે જોયા કરતો.

તેઓની રહેણીકરણી જોવામાં મને ખૂબ રસ પડતો. એમણે કેવાં કપડાં પહેર્યાં છે, એમનાં નાનકડાં પોટકાંમાં શું છે વગેરે હું જોતો. એક જ કપડાના કટકાના અનેક ઉપયોગ થતા જોઇ મને નવાઇ લાગતી. અમે તો હતા કોટ-પાટલૂન-શર્ટ પહેરનારા, અને આ લોકો પાસે બેચાર સાદાં કપડાં ઉપરાંત કશું હતું નહિ. એ સાદા કટકામાંથી એક કટકાનો ફેંટો કરે ને બીજો કટકો સાડી તરીકે વાપરે અને ત્રીજો ઘોડિયાની ઝોળી તરીકે વપરાય ને વળી ફેંટાનો જ કટકો લઇ ચૂલાની આસપાસ પવન, કચરો વગેરે રોકવાની આડચ કરે. જેનું ખાવાનું પતી જાય એ વળી એ જ કપડા વડે માથે છાંયડો કરે. આ ગરીબ લોકોની આટલીઆટલી કરામત જોઈ મને એમનેવિષે આદર સાથે કુતૂહલ ઊપજતું.

એ લોકો રાંધવાખાવાનું જુદુંજુદું કરતા, છતાં એમનું એકાકી કુટુંબ કયાં યે ન દેખાતું. જ્યાં જોઇએ ત્યાં બે, પાંચ, સાત એમ ભેળું કુટુંબ પડયું હોય. કોઇ રાંધીખાઇ વાતોના તડાકા મારતું હોય તો કોઈ નાનાં બાળકોને રમાડતું હોય. કોઈ ચૂલો માંડવાની ગડમથલમાં હોય તો કોઇ સાવ તાજું જ આવ્યું હોય ને બીજાઓ પાસેથી ખાત્રી મેળવતું હોય કે અહીંથી કોઈ ધકકેલશે તો નહિ ને? કોઇ ડોશીમા વળી આવી ભીડના સમયમાં યે દાળભાત ચૂલે ચડાવી ચટણી વાટવામાં મશગૂલ હોય.

મને આમ પોતાની વચ્ચે ટહેલતો જોઇને એ લોકો પણ મારી સાથે વાતે વળગતા. 'એઈ છોટા બાબા! જરા ઇધર તો આઓ. દેખો ભૈયા, યહ સેર ભર ચાવલ પકાને કે લિયે બરતન તો જરા મિલા દિઓ.' હું જવાબ આપું : 'માઈ, યહાંસે તો દાલચાવલ મિલતે હૈં. બરતન તો કોઠારમેં હૈ હી નહિ તો દેવે કહાંસે?' વળી બીજું કોઇ પૂછે : 'ઓ ભૈયા, યહાં બાગમેં કહીં મિરચ નહિ હૈ?' કોઈ આગંતુક વળી શાતા મેળવવા પૂછે: 'યહાં સે તો વો સોલ્જર લોગ હમકો ઉઠા કર નહિ લે જાયેંગે ન? કોઈ પૂછતા : 'ગાંડી મહારાજકા ઘર કૌનસા હૈ? વે કહાં રહેતે થે? ઉનકું કહાંસે પકડ કર લે ગયે? તુમકું ગાંડી મહારાજ કયા લગતા હૈ? તુમ્હારે માઇબાપ કૌન હૈ? યે બગીચા કિસકા હૈ?' આમ પરંપરા જ ચાલે. મને ઝાઝું બોલવું ફાવે નહિ, એટલે કેવળ હા, ના કે માથું ધુણાવીને હું જવાબ પતાવતો જાઉં.

ઠીકઠીક વાતો પતે એટલે પછી મારો વારો આવે. પહેલાં જે કહેતાં મને સંકોચ લાગ્યો હોય એ વાત

ઉંપાડું અને કહ્યું, 'જુઓ આ બગીચાને તમે નુકસાન પહોંચાડો એ જોવા મારે આંટા મારવા પડે છે. કોઈ પણ ફળને ન તોડતા હો!' એટલે તેઓ તરત કહે, 'ના, ના, ના, શું અમે એટલું યે ન સમજીએ? જો આ નાનાં બચ્ચાંઓની ઉપર અમે ખાસ ચોકી રાખીએ છીએ કે તેઓ ખાવાને લોભે એકે ય ફળ ન તોડે. તારે ગભરાવું નહિ. અમે અહીં જ છીએ. કોઇ નવું આવશે તો તેને પણ અમે ચેતવીશું.' હું જતાંજતાં કહી દઉં, 'તમારી મહેરબાની. હવે એ પણ જોજો કે કોઇ પાસે જ દિશાજંગલ જઈ આવી બગાડે નહિ.' જવાબ મળતો : 'એવો મૂરખનો સરદાર તે કોણ હશે કે આટલાં બધાં માણસ રહોં છે ત્યાં દિશાજંગલ જાય? એવો હોય તો તો એને પીટીએ.' આમ તેઓ જ મને ખાત્રી કરી આપતા એટલે પૂરેપૂરો ડર છતાં ન કોઇ મારા પર ખિજાયું, ન કોઇએ મને ધમકાવ્યો. મગનકાકાએ મને કહી રાખ્યું હતું કે જો કોઇ ન માને તો મને બોલાવજે હું આવીને એમને સમજાવીશ. પણ મારે એમને બોલાવવાનો વારો જ ન આવ્યો.

એકવાર જરા તુમાખી મિજાજના બે પીઢ જુવાનો જમરૂખીમાંથી કંઇક તોડતા હતા ત્યાં હું જઈ ચડયો. મેં એમને તરત જ બૂમ પાડીને કહ્યું, 'યે ક્યા તોડતે હો!' તેઓ મારા પર ધસી આવ્યા અને મને કહે 'તુમને દેખા? હમને કહાં ફૂલ તોડે હૈ? બચ્ચા હો કર જૂઠ કયું બોલતે હો?' પણ હું કંઇ બોલું એ પહેલાં તો મારો એક દોસ્ત થઇ ગએલો હડતાલિયો મારી મદદે આવી પહોંચ્યો અને એણે પેલાને ધમકાવી જ કાઢ્યો કે 'તું ત્યાં ગયો જ શા માટે? તારે અમારી બધાની લાજ આબરૂ ગુમાવવી છે? ગાંધી રાજાના બગીચામાં ચોરી કરતાં શરમાતો નથી?' દરમિયાન બીજા પણ આવી પહોંચ્યા અને પેલા કઠોર ચહેરાના તુમાખીઓને ઘેરી લીધા. એ નરમ તો પડ્યા જ નહિ, પણ મારે પછી કંઇ કરવાપણું રહ્યું ન હતું.

દિવસો વીતતા ગયા તેમતેમ હવે હડતાલિયાઓનું આગમન અમને હેરત પમાડનારૂં ન રહ્યું. બલ્કે જો કોઈ દિવસ સેંકડો માણસો નવાં ન આવે તો એ અમને નવાઇનો દિવસ થઈ પડતો. સીધાંની ચિઠ્ઠી પરથી મગનકાકા રોજ અટકળ બાંધતા અને કહેતા કે આજે 'સાતસો માણસો વધ્યા . . . .' 'આજે હજાર આવ્યાં . . . . આજે (નવા આવનારનો) આંકડો દોઢ હજારથી ઓછો નહિ હોય.' ફકીરાભાઇનો અને મારો કાર્યક્રમ પણ એવો ગોઠવાઇ ગયો હતો કે માણસો રાતે બમણા ને દીએ ચોગણા થતા ગયા તોપણ ધાંધલ વધી નહિ. અંધારાં ઊડતાંની સાથે રોજ પંખીની પેઠે સવારે મારૂં ફરવાનું શરૂ થતું અને અંધારાં ઊતરી આવતાં સુધીમાં આ મહેમાનોની અનેક પ્રદક્ષિણા કરી આવતો. એ ઉપરાંત બપોરના બે અઢી કલાક છાપખાનામાં પહોંચી ટપાલને ટિકીટો ચોડવાનું ને પાર્સલો બાંધવાનું મારૂં નિત્યનું કામ પણ કરી આવતો. સાંજ પડયે અમે વાતો કરતા કે બહુ સારૂં થાય છે. આ ગોરા પ્લૅન્ટરોના (જમીનદારોના) બધા 'ધમોલા' બંધ થઈ જાય તો લ્હેર પડે. એમના જેવા પાપીઓને ત્યાં શા સારૂ એક પણ હિંદી કામ કરતો હશે? એકેએક ગિરમિટિયાએ નીકળી આવવું જોઇએ.' પાંચ કે ઓછાં વરસનો પટ્ટો લખી આપનાર મજૂરને 'ગિરમિટિયા' કહેતા એ આ પહેલાંના પ્રકરણમાં આવી ગયું છે. 'ધમોલા' ત્યાંની શેરડીના કારખાનાને કહેતા. માઉંટેજકંબનો ધમોલો, વેરૂલમનો ધમોલો, ટોંગાટનો ધમોલો, સ્ટૅંગરનો ધમોલો એમ ફીનિક્સથી ત્રીસ-ચાળીસ માઇલ જેટલે દૂર સુધી એક પછી એક ધમોલાની હાર લાગી હતી. એકએક ધમોલો પાંચસાત માઇલ લાંબો પહોળો. શેરડીના વાવેતરથી માંડી ખાંડ તૈયાર કરવા સુધીનું બધું કામ એમાં થાય. એ દરેકનાં ગોરા માલિકની ધાક એવી કે દૂરદૂરથી એનું નામ સાંભળીને બિચારાં ગિરમિટિયાં સ્ત્રીપુરુષો કબૂતરની પેઠે ફફડી ઊઠે. એવા જુલમગારોને સીધા કરી દેવાનો આ જે ખેત રચાયો હતો તે અધૂરો ન રહે, આપણા લોકો પૂરેપૂરા મક્કમ રહે એની અમને ટીનકાઓને પણ ઘણી હોંશ હતી. એટલે માણસોનો જુવાળ હજુ બમણો વધે એવી ઉત્કંઠામાં અમે ઊછળ્યા કરતા.

પણ એટલાં બધાં માણસોના ખોરાકનું શું? બેઉ-બેઉ ખવડાવવું કેવી રીતે? આ ચિંતા અમને બાળકોને તો શાની હોય? અમને તો તમાશાનો આનંદ હતો. પણ મગનકાકાને માથે અપાર ચિંતા વધતી જતી હતી. સ્ટેશનેથી ઉપરાઉપર દાળ, ચોખા, લોટ ને ખાંડની ગુણો આવી તો પહોંચતી, પણ થોડા કલાક થાય ત્યાં ફકીરાભાઇની ફરિયાદ ઊભી જ હોય કે સીધું ખૂટયું છે,

હવે ચિઠ્ઠીઓ ન કાઢશો. આખો મામલો વસમો હતો.

એવામાં એક વાત આવી પહોંચી કે ડરબનમાં હિંદીઓની એક ગંજાવર સભા મળી છે અને મૅરિત્સબર્ગ તથા ડરબનના હિંદુમુસલમાન વેપારીઓએ ઢગલાના ઢગલા ગુણો અનાજ કાઢી આપ્યું છે. સાથે સાથે એમ પણ સાંભળ્યું કે આ બધી વાતની ખબર હિંદુસ્તાન પહોંચી છે એટલે ગોખલેજીના લાંબાલાંબા તારો આવે છે ને તેઓ પણ ખોરાકી મોકલશે.

છાપખાનાના મંડળમાં ઉપર પ્રમાણેની ચર્ચા સાંભળ્યે ચાર પાંચ ટંક વીત્યા હશે ત્યાં એક સાંજે છ ખચ્ચર જોડેલું નાતાલની ઢબનું એક વિશાળ ગાડું દાણાની ગુણોનું ભરેલું ડરબનથી આવ્યું. એ ગાડા સાથે બેચાર જણ હતા. તેમાં સૌથી મોખરે હતા રૂસ્તમજીકાકાના નાના દીકરા સોરાબજી. ગાડું આવી પહોંચતાંમાં તો હડતાલિયાનાં ટોળેટોળાં તેને ઘેરી વળ્યાં. ગુણો ખોલીને માપ ભરીભરી સોરાબજીએ લોકોને સીધું આપવા માંડયું. કલાકેક આપ્યા પછી તેઓ થાક્યા અને હજુ એમને માઉંટેજકંબના ધમેલા પર તેને તે દિવસે પહોંચવું હતું, એટલે કોઠાર માટે થોડી ગુણો ઉતારી તેમણે ખચ્ચર-ગાડું હાંકી મૂક્યું. કકીરાભાઇએ એમને થોડી વધુ ગુણો મૂકતા જવાનું કહ્યું તો સોરાબજી ગરજી ઊઠ્યાઃ 'તમને ખબર છે હજુ આગળ કેટકેટલા લોકો ભૂખ્યા પડ્યા છે તે? અહીં તો તમે બે છો; પણ ત્યાં એમનો ભાવ પૂછનારે ય કોઈ નથી. અત્યારે તો જેમતેમ નભાવો. અમે ત્રણચાર દિવસમાં ફરી પાછા આ ગાડું ભરીને ફેરો કરી જઈશું. હાલ તુરત તો પૈસાની બારે મારામારી છે. દેશથી આવશે ત્યારે થશે.' હાંફતા સોરાબજીનાં જુસ્સાભર્યાં વચનો આગળ કકીરાભાઈ ચૂપ થઇને બેસી ગયા.

સોરાબજીના હાવભાવ જોઇ મને કલ્પના આવી કે ફીનિક્સની બહાર બહુ ભારે ધાંધલ ચાલતી હોવી જોઇએ. અહીં તો શાંતિ છે, પણ બહાર આ ડરબનવાળાઓને કેટલું બધું કામ કરવું પડતું હશે? અહીંના કરતાં કેટલા બધા વધુ હડતાલિયા ભૂખે પીડાતા હશે!

સાધારણરીતે સોરાબજી એમના પિતા રુસ્તમજી કાકા જેવા ધમપછાડિયા ન હતા. મેં એમને ડરબનમાં હમેશાં શાંત અને વિનોદી જોએલા. ફીનિક્સ પણ જ્યારેજ્યારે તેઓ આવતા ત્યારેત્યારે પોતે લહેર કરતા ને અમને કરાવતા. અમારા બગીચાનાં સારામાં સારાં ફળો ચાખ્યા વિના પગ વાળીને ન બેસતા અને મગનકાકાના રંગબેરંગી ગુલાબના છોડોમાંથી ઉત્તમ ગુલાબ લેવા મને દોડાવતા. પણ આ વેળા તો હું એમની સાથે થોડું બોલવા ગયો તો મને દાદ જ ન દીધી. જાણે રૂસ્તમજીકાકા પોતે જ પગ પછાડતા આવ્યા હોય અને જે હડફેટે આવે તેને ધમકાવતા પાછા ફર્યા હોય! શાંત સોરાબજી તે દિવસે વાવાઝોડાની પેઠે ફીનિક્સ આવ્યા ને પોતાનું ખચ્ચરગાડું ધણધણાવતા વાવાઝોડા વેગે પાછા ચાલ્યા ગયા!

એ સમયે તો મને ખબર ન હતી, પણ જ્યારે પૂજ્ય બાપુજીએ દક્ષિણ આફ્રિકાના ઇતિહાસમાં સોરાબજીની બહાદુરીનો પ્રસંગ લખ્યો ત્યારે મારા બાળ ચિત્ત પર પડેલી તે દિવસના એમના પ્રતાપી ચહેરાની છાપનું સ્મરણ મને વધુ પ્રિય બન્યું. એ પ્રસંગ તે એ કે વેરૂલમ તરફના એક ધમેલા પર હડતાલિયાઓને પાછા વાળવા ગોરી પલટન ગોળી ચલાવવાની હતી ત્યારે છાતીધડા સોરાબજી વચ્ચે કૂદી પડ્યા ને કપ્તાનના ઘોડાની લગામ ઝાલી લઈ સેંકડો હિંદી ભાઇઓનો એમણે જીવ બચાવ્યો. એ કાળે સોરાબજીની ઉમર ૧૮ જેટલી બાપુજીએ વર્ણવી છે. જોકે મને તેઓ એથી વધુ મોટા યાદ રહ્યા છે. કદાચ એમના ભરાવદાર શરીરને લીધે તેઓ મને મોટા લાગ્યા હશે.

(ચાલુ) **પ્રભુદાસ છગનલાલ ગાંધી**

'ગોરધન મારી પાસે થોડા રૂપિયા ઉછીના માગે છે. તમને એની ખાતરી છે ખરી?'

'હોવે; જેટલી તમારી એટલી જ એની ખાતરી છે. જોજો, પૈ યે આપતા!'

'બા, બા, જો આ વાંદરો; દાદા જેવો લાગે છે, ખરૂં?'

'મેર મુઆ! એવું બોલાય?'

'કેમ? વાંદરો કાંઇ સમજવાનો છે?'

'બા. પેલું જામફળ દે.'

'લે, હવે બીજું નહિ માગવાનું હો'.

'થોડીવારે બીજું જામફળ બાબુએ ઉપાડી ખાવા માંડયું.

'કેમ બાબુ, ના પાડી હતી ને બીજું લીધું?'

'બા, તેં 'માગવાની' ના પાડી હતી ને!'

'હું મારા નાના ભાઇના કામમાં કદી વચ્ચે આવતો નથી.'

'તમારા નાના ભાઇ કયો ધંધો કરે છે?'

'એન્જીન ડ્રાઇવરનો.'

પંચતંત્રની વાર્તાઓ


આ આખ્યાન સાંભળીને મેઘવર્ણ કહે, 'ઘૂડ સાથે આપણું વેર વચનદોષથી કેમ ઉપજ્યું?' તે બોલ્યો :

કથા ૨

પહેલાં પક્ષીઓમાં અરાજક હતું, એટલે તેતર, ભાસ, ભારદ્વાજ, હંસ, શુક, બક, કોકિલ, ચાતક, ઘૂડ, મોર, પારેવાં પ્રભૃતિ પક્ષીઓ મળીને વિચારવા લાગ્યાં કે પક્ષિરાજપદે કોનો અભિષેક કરવો. વિચાર કરતાં કરતાં એમ ઠર્યું કે ઘૂડનો અભિષેક કરવો, અને અભિષેકની તૈયારી થવા મંડી. વિવિધ તીર્થનાં પાણી આણ્યાં, એકસો આઠ મૂળિયાં, છત્રચામર, વીજણો, ભદ્રપીઠ આદિ સમસ્ત વસ્તુ મેળવી, સિંહાસન માંડયું, વ્યાઘ્રચર્મ પસાર્યું, કાંચનકુંભ ભર્યા, દીવા પ્રકટાવ્યા, વાજાં વાગ્યાં, દર્પણ તથા એવી બીજી મંગલ વસ્તુ સજ્જ કરી, બન્દિજન પાઠ કરવા મંડ્યા, બ્રાહ્મણે વેદોચ્ચાર કર્યો, યુવતીઓ મંગળગીત ગાવા મંડી, ને ઘૂડ સિંહાસને બેસવા મંડ્યો, ત્યાં ક્યાંકથી કાગડો આવ્યો, એણે વિચાર્યું, કે 'અહો, આ મહાજનનો મેળો થયો છે ને મહોત્સવ વર્તે છે તે છે શું?' એને જોઈને પક્ષીઓએ કહ્યું, 'પશુમાં જેમ શિયાળ તેમ પક્ષીમાં કાગડો ચતુર ગણાય છે, એટલે એનું પણ મત લેવું.' કાગડે મહોત્સવનું કારણ પૂછ્યું, એટલે પક્ષીઓએ વાત કહી ને એને મત આપવા કહ્યું. કાગડો હસીને બોલ્યો, 'અહો. આ તો કાંઇ ઠીક નહિ કે મયૂર, ચકોર, હંસ, કોકિલ, ચક્રવાક, ક્રૌંચ, સૂડો, હારીત, સારસ વગેરે પક્ષિપ્રધાન વિદ્યમાન છતાં આ વિકરાલ-વદન વરવા દિવાન્ધનો અભિષેક થાય. મારું મત તો એવું નથી. વળી વૈનતેય આપણો સ્વામી છે જ, પછી કૌશિકને રાજા શું કામ કરવો ? એ કદાચ ગુણવાન્ હોય તોય એક સ્વામી બેઠાં બીજો સ્વામી ન થાય. પણ આનું નામ લેવાથી કાંઈ અર્થ સરે એવું નથી. કહ્યું છે, કે

કરો પ્રભાવવાન્ રાજા જેનું નામ જ સિદ્ધિકૃત્।
શશિનામ વટાવીને વસે છે સસલા સુખે ॥

પક્ષીઓ કહે, 'એ કેમ?' કાગડો કહે:



કથા ૩

એકવાર બાર વર્ષનો દુકાળ પડ્યો. એટલે ખાબોચિયાં, ધરા, તળાવ, સરોવર શોષાઈ ગયાં, જીવમાત્ર મોટી આપદામાં આવી પડ્યા, અને વિશેષ કરીને હાથી. ચતુર્દન્ત નામે નાગરાજ હતો એને બીજા હાથીઓએ વીનવ્યો, કે 'ગજરાજ, તરસથી કેટલાંય બચ્ચાં મરી ગયાં, અને કેટલાંય મરવાની અણી ઉપર છે. એટલે તરસ છિપાવવાનો કોઇ ઉપાય વિચારો.' એટલે હસ્તિપતિએ વેગવંત હાથીને આઠે દિશાએ પાણી ગોતવા મોકલ્યા, તેમાંથી પૂર્વ દિશાએ ગયેલા હાથીઓએ પાતાળગંગાજળથી ભરેલું કમલસુશોભિત ચંદ્રસર નામે સરોવર જોયું, અને હસ્તિરાજ આગળ નિવેદન કર્યું. એટલે ગજરાજ ને બીજા હાથી સરોવરકાંઠે આવ્યા, ત્યાં પ્રથમથી ઘર કરીને રહેલા સસલા એના પગ નીચે કચરાઇ ગયા. હાથી જલપાન કરીને ગયા પછી શશકરાજ શિલીમુખે મન્ત્રીઓને પૂછ્યું, કે 'હવે આપણે કરવું શું? આ હાથી મારગ દેખી ગયા છે, એટલે નિત્ય ઊઠીને આવશે. એને રોકવા કઈ યુક્તિથી?' બહુવૃત્તાન્તદર્શી વિજય નામે વૃદ્ધ સસલો કહે, 'આપ નિશ્ચિંત રહો. એ ફરીને અહિં ન આવે એવું કરવાની મારી પ્રતિજ્ઞા છે.' શિલીમુખ કહે, 'તારા જેવા વચનચતુર નીતિશાસ્ત્રીએ કામ ઉપાડ્યું એટલે સિદ્ધ જ થાય.'

શશરાજની શીખ લઇને વિજય સસલો હસ્તિરાજ આગળ આવ્યો. પોતા જેવા અલ્પકાયનો બીજી રીતે હાથી સાથે સમાગમ જ અશક્ય, એટલે એણે ગિરિશિખરે ચડીને યૂથનાથને પ્રણામ કર્યા. હાથીએ પૂછ્યું, 'તું કોણ છે?' સસલો કહે, 'ગજપતિ, હું ચંદ્રદેવનો દૂત છું. એણે સંદેશ કહેવરાવ્યો છે કે ચન્દ્રસરમાં મારો નિવાસ છે, ત્યાં સસલા છે તે મને પ્રિય છે, એટલે તો શશી એવી મારી પ્રથા પડી છે. એ સરોવર તેં બગાડ્યું ને સસલાને માર્યા તે ઠીક, પણ ફરી એવું કર્યું તો સારું ફળ નહિ આવે.' ગજેન્દ્રે કહ્યું, 'ભદ્ર, સાચું. ભગવાન્ ચન્દ્રમાનો અપરાધ મારાથી અજાણતાં થઈ ગયો. પણ હવે હું એનો વિરોધ નહિ કરું.' સસલો કહે, 'વારણેન્દ્ર, તો એની આગળ આવો ને એને ખમાવો.' એટલે સસલો ગજપતિને તળાવે લઈ ગયો, ને રાતે પાણીમાં પડતું ચન્દ્રનું પ્રતિબિંબ એને દેખાડ્યું. એ જોઇને નાગેન્દ્ર વનમાં ગયો ને ફરી પાછો ન આવ્યો.

એટલે હું કહું છું: 'કરો પ્રભાવવાન રાજા' ઇત્યાદિ.

(ચાલુ) દેસાઈ વાલજી ગોવિન્દજી

ફોટોગ્રાફી

હરીફાઇનું પરિણામ

પહેલું ઈનામ: 'સરાણીઓ'-બાબુ ભણસાલી (મહુધા); બીજું ઇનામ: 'ખેતરેથી'-નવનીત શાહ (અમદાવાદ); ત્રીજું ઈનામ: 'નિદ્રાને ખોળે'-હાસમ સુતાર (નડિયાદ.) નોંધપાત્ર: (૧) 'જલતરંગ': મદનમોહન આર. શાહ—અમદાવાદ; (૨) ગામ બહાર: કૃષ્ણ પરીખ-મુંબાઈ; (૩) સૂર્યમંદિર: આર. એમ. મિસ્ત્રી-નડિયાદ; (૪) કીર્તિ અને દોલતનો સુમેળ: રણજીત ધોળકિયા-રાજકોટ.

આ વખતની હરીફાઈમાં મોટી સંખ્યામાં આવેલાં ચિત્રો વિષયની વિશિષ્ટતાવાળાં તેમજ ગુણયુક્ત હતાં.

ખુલ્લા આકાશની પશ્ચાદ્ભૂમિમાં સરાણીઆનું પાત્ર આબાદ ઝડપાયું છે. શક્ય તેટલા નીચા દષ્ટિકોણથી લીધેલા આ ચિત્રમાં પાત્રની ભવ્યતા (Grandeur) ચિત્તાકર્ષક બને છે. હાથઉદ્યોગના આ વિનાશકાળમાં આવો ચિત્રસંગ્રહ આવશ્યક છે.

જુદાંજુદાં અંતરે રહેલા વિષયની વિગતો (ડીટેઈલ) સ્પષ્ટ ઉતારવા માટે લેન્સને આઘોપાછો કરવાની કૅમેરામાં યોજના હોય છે. ચોક્કસ અંતરના વિષયનું ફોકસ દર્શાવતી માપની આ તકતીને ફોકસિંગ સ્કેઇલ કહે છે. તેમાં ૬,૮,૧૦, ૧૫,૨૫ અને ૧૦૦ ફૂટનાં માપ હોય છે. સસ્તા કૅમેરામાં માત્ર ૬,૧૫ ને ૫૦ ફુટની જ ગોઠવણ હોય છે.

સામાન્યરીતે કૅમેરાથી સો ફૂટ કે તેથી વધુ દૂરના પાત્રનું 'શાર્પ ફોકસ' મેળવવા માટે ફિલ્મ અગર પ્લેટથી લેન્સને અમુક નિર્ણીત અંતરે જ રાખવો જોઇએ. તે ચોક્કસ અંતરને લેન્સની ફોકલ લૅંગ્થ કહે છે. પાત્ર જેમ કૅમેરાની નજીક તેમ લેન્સ અને ફિલ્મ વચ્ચેનું અંતર વધવાથી ફોકસિંગ બરાબર થાય છે.

'સરાણીઓ' કૅમેરાથી શુમારે ૧૦થી૧૨ ફૂટ હોવો જોઇએ. પાછળનો બંગલો ૨૫થી ૫૦ ફૂટના અંતરે હશે. મુખ્ય પાત્રના અંગે અંગની વિગત બહુ જ ચોખ્ખી આવેલી છે. એથી ઊલટું, બંગલાનો ફક્ત જથ્થો—Mass અને બહિરાકૃતિ જ જણાય છે. ફોકસિંગની આ ખૂબી 'ડિફરેન્શિયલ ફોકસિંગ'ના નામથી ઓળખાય છે. ચિત્રના પ્રધાન પાત્રનું ઝીણવટથી ફોકસિંગ કરીને આજુબાજુનાં પાત્રોને આઉટ ઑફ ફોકસ રાખવાથી ચિત્ર-લક્ષ્યનું ગાઢત્વ વધવા સાથે વાતાવરણની જમાવટ થાય છે. આ કારણથી ભાઇ નવનીત શાહનું ચિત્ર આકર્ષક બન્યું છે. ડાબીતરફનો ખેડૂત તથા મોખરાની ભેંસ સિવાયનાં ચિત્રના બીજાં પાત્રો અંતર વધતાં અસ્પષ્ટ થતાં ગયાં છે.

'ખેતરેથી' ચિત્રનું સંયોજન ભલભરેલું છે. એક સ્નૅપમાં બે ચિત્રોનો સમાવેશ થયો છે. ચિત્રને ડાબી બાજુના છેડાથી લગભગ બે ઇચ ટ્રિમ કરવાની જરૂર છે. ગોરજ સમયનું વાતાવરણ ચિત્રમાં હૂબહૂ ઉતારવા માટે ભાઇ શાહને ધન્યવાદ. નેગેટિવ અને પ્રિન્ટનો ક્રિયાભાગ સારો છે.

'નિદ્રાધીન' બાળકનું ભાઈ હાસમ સુતારનું ચિત્ર સૌને ગમે તેવું છે. ચિત્રવિસ્તારમાં રમકડાનું સ્થાન અને પ્રમાણ અનુગતાં હોઇ તે આંખને ખૂંચે છે. ભાઈ હાસમે છબી પાડતી વખતે તેને લઇ લેવાની જરૂર હતી.

નોંધપાત્ર ઠરેલાં ચિત્રોના વિષય સારા છે, પણ બધાંમાં ફોટોગ્રાફીનો ક્રિયાભાગ—ટૅકનીક નબળી છે. 'જલતરંગ'માં ફોકસિંગની ખામી હોવાથી પાણી અને કિનારામાં તીવ્રતા Sharpnessનો અભાવ છે, ભાઇ પરીખના વિષયની પસંદગી સારી થઈ છે, દૃષ્ટિકોણ દૃશ્યને અનુકૂળ છે, પણ ચિત્રમાં 'કૅમેરા-શેઇક' ન આવ્યો હોત તો આકર્ષક ચિત્ર સર્જાયું હોત. આકાશને એન્લાર્જિંગમાં વધારે ઘેરૂં બનાવવાથી અકુદરતી વાતાવરણ રજૂ થયું છે. ભાઇ મિસ્ત્રીના 'સૂર્યમંદિર'માં પણ 'કૅમેરા-શેઇક' સ્પષ્ટ જણાય છે. ભાઇ ધોળકિયાના ચિત્રમાં ક્રિયાભાગ ઠીક હોવા છતાં તે રસમય લાગતું નથી.

બલવન્ત ભટ્ટ

જીવી જાણનારા] ૧૫ [જે માનવજીવનનું સાચું મૂલ્ય શીખવી ગયા

ટ્રાનો જિજાનો

સપ્ટેમ્બર માસની પંદરમી તારીખની રાત પડી છે. સ્પેઇનની દક્ષિણે આવેલા આલિકાન્તે નગરની ઘડિયાળોમાં આ ઘડીએ આઠ વાગ્યા છે. શહેરના મધ્યમાં મોટા ચોકમાં બૅંડ સાંભળવા તથા રોશની જોવા લોકો ટોળે મળ્યા છે. ચોકને ફરતી રાતા, લીલા, વાદળી તથા નારંગિયા રંગના દીવાની પંક્તિઓ ગોઠવેલી છે.

ચોકની વચ્ચે ઊંચો અણિયાળો કીર્તિસ્તંભ ઊભો છે. એના પાયા આગળ ફૂલનો ઢગલો થયો છે અને સ્તંભને ફરતા પણ દીવા બળે છે. જેના પુણ્યસ્મરણાર્થે સ્તંભ ઊભો છે તે મહાત્માનું નામ 'ટ્રાનો જિજાનો' સ્તંભ ઉપર લખ્યું છે અને તેનું શુભ કામ પણ આમ કોતરેલું છેઃ 'જનતાને અર્થે એણે પોતાનો જીવ આપ્યો.'

અગિયાર વાગ્યે દીવા ઝંખવાઈ ગયા છે. વાજિંત્ર વાગતાં બંધ પડે છે; દીવા એક પછી એક ઠરી જાય છે અને લોકો ઘેર જઈને સૂઈ જાય છે. આ ઉત્સવ વર્ષે વર્ષે સપ્ટેમ્બરની પંદરમી તારીખે ઉજવાય છે.

ટ્રાનોનું સ્મરણ આ લોકો શું કામ કરે છે?

વાત એમ છે, કે સં. ૧૯૧૬(સને ૧૮૬૦)માં આ ગામમાં ભયંકર મરકી ફાટી નિકળી. સેંકડો માણસો વિષમજ્વરથી માંદા પડ્યા. સાહુકાર બીજે સુરક્ષિત ઠેકાણે ભાગી ગયા; પણ નિર્ધનને ત્યાં જ રહેવું પડ્યું. ટ્રાનો ધનાઢ્ય હતો પણ એણે ગામ ન તજ્યું. તે પરાર્થે જીવતો હતો અને પરાર્થે મરવા પણ તત્પર હતો. ગરીબ માંદા માણસો સારુ અન્નવસ્ત્ર તથા ઓસડ લેવામાં એણે પોતાનું સર્વસ્વ વાપરી નાખ્યું, એટલું જ નહિ પણ એ પોતે માંદાની ભાળ કાઢવા ઘેરઘેર ફર્યો. આમ કરતાં એને પણ વિષમજ્વર આવ્યો અને એ મરી ગયો. ટ્રાનો પ્રેમપંથનો પથિક હતો, અને પોતાને પંથે વિચરતાં પાવકની જ્વાળા આવી એમાં એણે આનન્દપૂર્વક પોતાની કાયાને હોમી દીધી.

(ફ્રેડરિક જે. ગોલ્ડના અંગ્રેજી ઉપરથી) હે. વા.

ગુજરાતી સાહિત્ય પરિષદના ૧૪મા સંમેલનના બદલાએલા વિભાગી પ્રમુખો

મુંબઈ–અંધેરી–માં ભરાનારા સાહિત્ય પરિષદના ચૌદમા અધિવેશનના આઠ વિભાગોમાંથી ઇતિહાસ-પુરાતત્ત્વ, સમાજશાસ્ત્ર–અર્થશાસ્ત્ર, કલા, તથા વિજ્ઞાન એ ચાર વિભાગો માટે ચૂંટાએલા પ્રમુખો અધિવેશનના દિવસો દરમ્યાન હાજર નહિ રહી શકે તેમ હોઈ તેઓને બદલે નીચે પ્રમાણે ચૂંટણી કરવામાં આવી છે: (૧) ઇતિહાસ-પુરાતત્ત્વ: પ્રો. કેશવલાલ કામદાર, એમ. એ., (૨) સમાજશાસ્ત્ર-અર્થશાસ્ત્ર: પ્રો. સી. એન. વકીલ, એમ. એ., (૩) કલા: ડૉ. ડી. જી. વ્યાસ, ડી.ઓ.એમ.એસ. (લંડન), (૪) વિજ્ઞાન: શ્રી ભાઇલાલ એસ. પટેલ, બી.એજી., બી.એસ.સી.

શ્રી શારદા મંદિર–કરાચીનું જ્ઞાનસત્ર

કરાચીના રાષ્ટ્રીય વિદ્યાલય શ્રી શારદા મંદિરે આવતા ડીસેમ્બરમાં એક જ્ઞાનસત્ર ઊજવવાનું નક્કી કર્યું છે. તેમાં ભરાવાના કેળવણી-પ્રદર્શનના સાહિત્ય-વિભાગમાં છાપેલાં અને હસ્તલિખિત સામયિક પત્રોને પોતાના પત્રના છેલ્લા અંકની એક એક પ્રત મોકલવા તેઓ વિનતિ કરે છે. હસ્તલિખિત સામયિક પત્રો કામ પત્યે પોતાના ખર્ચે તેઓ પાછાં મોકલશે.

સંસારનાં શહેરો

૨૫-લેનીનગ્રાડ

૧૭૦૩માં થએલી પોતાની સ્થાપનાથી આજદિન સુધીમાં ત્રણ નામ પામેલું, રશિયાની એક વખતની રાજધાનીનું આ શહેર આજે લાંબા વખતથી જર્મન હલ્લા સામે જે કારમી ટક્કર ઝીલી રહ્યું છે તેને લીધે જગત આખાની આંખ તે પર મંડાઈ છે. રશિયાના રાજકીય ઘડતરના પિતા સમાન ગણાતા મહાન પીટરે ૧૭૦૩માં એની સ્થાપના કરી ત્યારથી ૧૯૧૪ સુધી તે સેન્ટ પીટર્સબર્ગના નામે રશિયાની રાજધાનીનું ગૌરવ ધારણ કરી રહ્યું હતું. ૧૯૧૪માં તેનું નામ પેટ્રોગ્રાડ (રશિયન શબ્દ ગોરોડ=શહેર ઉપરથી) પાડવામાં આવ્યું. અને ૧૯૨૪માં લેનીનના અવસાન બાદ ફરી તે બદલીને લેનીનગ્રાડ રાખવામાં આવ્યું.

નીવા નદીના મુખ આગળ આવેલો આ આખો પ્રદેશ અત્યંત નીચાણનો, ભેજવાળાં ખાબોચિયાંથી ભરચક અને પશ્ચિમના ભૂખર વાયુના ક્રૂર ઝપાટાનો કોળિયો બનીને પડેલો છે. પીટરે આ સ્થળ બાલ્ટિક સમુદ્રમાં પ્રવેશ આપતા પશ્ચિમ યુરોપના તદ્દન નજીકના મોરચા તરીકે જ પસંદ કરેલું; બીજી કોઈ વસાહતી સગવડો ધ્યાનમાં લીધેલી નહિ. આથી ખાબોચિયાંથી ભરેલી એની જમીનમાં પૂરણી કરીકરીને તે પર શહેર બાંધતાં એટલા અસંખ્યાત માણસોના જાન ગયેલા કે એ શહેર માનવીનાં હાડકાં પર ચણાયું હોવાની કાળી ટીલી પામ્યું છે. ઉત્તર ધ્રુવપ્રદેશ નજીક આવેલું હોવાથી નવેમ્બરથી એપ્રિલ સુધી તો નીવાનું પાણી જામીને બરફ થઈ જાય છે અને જૂન જુલાઈના ઉનાળાની રાતો માત્ર થોડા કલાકની સંખ્યા રૂપ જ હોય છે.

આજે મૉસ્કો પાટનગર બનવાને લીધે, માત્ર લેનીનગ્રાડ પ્રાંતનું મુખ્ય શહેર બની રહેલું એ સોહામણું નગર નીવા નદીના મુખ પર આવેલું છે; અને એ નદીની સાથોસાથ ત્રણ મહાન નહેરોનાં મુખ પણ એ જ સ્થળે ફિનલૅન્ડના અખાતમાં પડતાં હોવાથી એ શહેર દુનિયાનું એક મહાન બંદર હોવા ઉપરાંત નદીઓ-નહેરોના વ્યાપારી જલમાર્ગો તથા રેલવે-માર્ગોનું એક અગત્યનું કેન્દ્ર છે. શુમારે ૧૭ લાખની વસ્તી ધરાવતું લેનિનગ્રાડ આખું ભવ્ય મકાનોથી ભરેલું છે, જેમાંનાં ઘણાં તો નીવાના જલભર તટ પર સોહે છે. એના વિશાળ અને રળિયામણા રાજમાર્ગોમાં નેવ્સ્કી પ્રૉસ્પેક્ટ (આજે 'રપમા ઑક્ટોબર શેરી'ના નામથી ઓળખાતો) સર્વથી સુંદર છે. રશિયાના ઝારનો નામચીન આલીશાન રાજમહેલ 'વિન્ટર પૅલેસ' પણ અહીં જ છે, જે આજે તો લોકોના ઉપયોગ માટે આપી દેવાયો છે. યુરોપના સર્વોત્કૃષ્ટ કલાસંગ્રહોમાંનો એક અહીં 'ધ હર્મિટેઈજ'માં છે, અને એક કાળે પાટનગર હોવાને લીધે નીવાને જમણે કિનારે પીટર અને પૉલનો કિલ્લો, ભવ્ય દેવળો, મહામૂલાં સંગ્રહસ્થાનો, યુનિવર્સિટીનાં વિવિધ વિશાળ મકાનો, વેધશાળાઓ અને ૩૦ લાખ પુસ્તકો ધરાવતું એક મોટું પુસ્તકાલય વગેરે સાંસ્કારિક સંપત્તિ એ ધરાવે છે.



નવાં પુસ્તકો

કવીશ્વર દલપતરામ (ભાગ ૩જો-સંખ્યાની મધુરૂપ ઈ. ૧૮૮૦થી ઈ. ૧૮૯૮) કર્તા અને પ્રકાશક: નાનાલાલ દલપતરામ કવિ, અમદાવાદ ૪-૦-૦; **ગામગોષ્ઠી** લેખક: વિઠ્ઠલદાસ મગનલાલ કોઠારી અને રાવજીભાઈ નાથાભાઈ પટેલ, પ્રકાશક: મગનભાઇ પ્રભુદાસ દેસાઈ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૦-૬-૦; **વિદ્યાપીઠવાચનમાળા: પહેલી, બીજી, છઠ્ઠી** તથા **સાતમી ચોપડી** અનુક્રમે ૦-૨-૦, ૦-૨-૬, ૦-૬-૦ તથા ૦-૭-૦; **ઈશુખ્રિસ્ત** (સુધારેલી નવી આવૃત્તિ) લેખક: કિશોરલાલ ઘ. મશરૂવાળા, ૦-૬-૦; **જીવનશોધન**-કર્તા: કિશોરલાલ ઘનશ્યામલાલ મશરૂવાળા, ૧-૪-૦; **હિંદ સ્વરાજ**-કર્તા: મોહનદાસ કરમચંદ ગાંધી, ૦-૪-૦, બધાના પ્રકાશક નવજીવન કાર્યાલય, અમદાવાદ અને મુંબાઇ ૨; **મળેલા જીવ** ('ફુલછાબ'નું ભેટ પુસ્તક) લેખક: પન્નાલાલ પટેલ, પ્રકાશક:

નાથાલાલ મ. શાહ, સ્વાધીન મુદ્રણાલય, રાણપુર, ૧-૧૨-૦; **રૂપમતી** ('પ્રજાબંધુ'ની સને ૧૯૪૧ની ભેટ)-લેખક: ચુનીલાલ વર્ધમાન શાહ, પ્રકાશક: પ્રજાબંધુ પ્રેસ, રેવડી બજાર, અમદાવાદ, ૨-૦-૦; **પ્રભાતનર્મદા**-લેખકપ્રકાશક: મગનલાલ ભૂધરભાઇ પટેલ (પતીલ) સુભાનવાડ, અંકલેશ્વર, ૨-૦-૦ (સાદી); **રાગમંજૂષા**-આલેખક: કુમારશ્રી મંગળસિંહજી, લાઠી, પ્રકાશક: ચિત્રાલય, કલાપીનગર, લાઠી (કાઠિયાવાડ) ૫-૦-૦; **સ્વ. શ્રી ગિજુભાઇને સ્મરણાંજલિ**-સંપાદકો: શ્રી નાનાભાઈ ભટ્ટ અને શ્રી તારાબેન મોડક, પ્રકાશક: વસંત બાલશિક્ષણ પ્રચારમાલા, શિક્ષણપત્રિકા કાર્યાલય, હિન્દુ કોલોની દાદર, મુંબઇ-૧૪, રૂા. ૨-૦-૦; **સો ટકા સ્વદેશી**-પ્રકાશક: જીવણજી ડાહ્યાભાઇ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, કાળુપુર, અમદાવાદ, ૧-૪-૦; **એને ચરણે**-લેખક પ્રકાશક: કપિલા ઠાકોર, સોલ એજન્ટ આર. આર. શેઠની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨, ૦-૧૦-૦; **કાગળ**-લેખક-પ્રકાશક: જયંતકુમાર યાજ્ઞિક, શેઠશેરી, બાજવાડા, વડોદરા, ૧-૦-૦; **હિન્દુસ્તાની-આન્દોલનકી સમીક્ષા**-સંપાદક અને પ્રકાશક: શ્રી કમલનારાયણ ઝા 'કમલેશ', પ્રાપ્તિસ્થાન: દરભંગા જિલા-સાહિત્ય-સંમેલન કાર્યાલય, લહેરિયાસરાય, ૦-૮-૦; **શ્રી મયુરપુરી સૌંદર્યકાવ્ય**-રચનાર: ભાઈશંકર કુબેરજી શુક્લ, મોરબી; **જિંદગીનો આનંદ**-લેખક: ડૉ. કેખશરૂ દોરાબજી જીલા, ડેન્ટલ સ્પેશિયાલિસ્ટ, વાડીસ્ટ્રીટ, નવસારી; **'ગાંધીગ્રામ'** (અંગ્રેજીમાં)-વિઝાગાપટ્ટમમાંની સિંધિયા સ્ટીમ નૅવિગેશન કંપનીની પહેલી હિંદી વહાણગાહના ખાતમુહૂર્ત સમયનો સચિત્ર અને મુખ્તેસર અહેવાલ. **ચાંદમુખ** (શ્રી શરચ્ચંદ્ર ચટ્ટોપાધ્યાય પ્રણીત)-અનુવાદક: રમણલાલ સોની, પ્રકાશક: એન. એમ. ઠક્કરની કંપની વતી નંદલાલ મોહનલાલ ઠક્કર, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨ ૨-૮-૦; **પ્રકંપ** (સબરસ સાહિત્ય શ્રેણીનું પહેલું પુસ્તક-નવલિકા-સંગ્રહ)-લેખક: હરિકૃષ્ણ વ્યાસ, પ્રકાશક: સબરસ કાર્યાલય, લાઠી, ૦-૧૨-૦; **લોકનાયકો** (બાલશક્તિ ગ્રંથાવલિનું પુસ્તક બીજું)-લેખક: કસનજી મણિભાઇ દેસાઇ, સંપાદકો: ઇન્દુલાલ હ. કોઠારી, શ્રીરતન લટકારી, બાલશક્તિ કાર્યાલય, મોડાસા (એ.પી. રેલ્વે) ૦-૫-૦; **કથામંગલ**-લેખક અને પ્રકાશક: મોડાસા હાઇસ્કૂલ વતી રમણલાલ સોની, મોડાસા, જિ. અમદાવાદ, ૧-૪-૦; **ભવાની કાવ્ય સમુચ્ચય**-કર્તા: કવિ ભવાનીશંકર નરોત્તમ દ્વિવેદી, ભાવનગર; પ્રકાશક: જયકૃષ્ણ ભવાનીશંકર દવે, બી. એ. માજી હેડમાસ્તર, ધી બાઈ સાહેબબા મિડલ સ્કૂલ, હળવદ, હાલ ફર્સ્ટ આસિ. સર અજીતસિંહજી હાઇસ્કૂલ, ધ્રાંગધ્રા, ૨-૦-૦. **છેતરાતી નજર** (ખંડ રજો)-સંપાદકો: નાગરદાસ ઇ. પટેલ (લેખક) અને રમણલાલ નાનાલાલ શાહ; પ્ર. બાલવિનોદ કાર્યાલય, મલાડ (મુંબઇ), ૦-૩-૦. **યૌગિક જીવન**-લેખક: હરિભાઈ નારાયણભાઇ પટેલ, પ્રકાશક: પ્રાણજીવન કરસનજી દેસાઇ, અમરેલી, ૦-૬-૦; **કાવ્યમણિમાળા ભાગ ૧** (છંદ-સંગ્રહ)-કર્તા: શ્રી વૈષ્ણવ મણિરામ મહાશંકર વ્યાસ, પ્રકાશક: ભગવત્પ્રસાદ મણિરામ વ્યાસ, લાલપુર (સિદ્ધપુર) ૦-૩-૬. **સાગરની રાણી**-લેખક: સોમભાઇ પટેલ, સંપાદકો: નાગરદાસ ઇ. પટેલ (પ્રકાશક) અને રમણલાલ નાનાલાલ શાહ, બાલવિનોદ કાર્યાલય, મલાડ (મુંબઇ), ૦-૬-૦; **જીવનપ્રવાહ**-લેખક: ઈશ્વરભાઈ દેસાઈભાઇ પટેલ પ્રકાશક: જીવાભાઈ દેસાઇભાઇ પટેલ, નાવલી (વાયા આણંદ), ૧-૦-૦.

ગણિતગમ્મત

$\frac{૧}{૭}$ને દશાંશનું રૂપ આપો એટલે પુનરાવર્તન થતાં પહેલાંનાં ૬ સ્થળ આગ આવશે, .૧૪૨૮૫૭: હવે આ આંકડાની ખૂબીઓ જુઓ:

```
      ૧૪૨૮૫૭ × ૨ =૨૮૫૭૧૪
          ,,  × ૩ =૪૨૮૫૭૧
પણ        ,,  × ૭ =૯૯૯૯૯૯
વળી       ,,  ×૩૭૯૯૭=૫૪૨૪૨૮૦૨૯
              અને  ૪૨૮૦૨૯
                     +૫૪૨
                   -------
                   ૪૨૮૫૭૧
```

આમાં જોઈ શકાશે કે આ રકમને ૭ના ભાજ્ય સિવાય કોઈપણ આંકડા વડે ગુણતાં, અને ગુણાકારમાં ૬ કરતાં વધારે આંકડા હોય તો એ વધારાના આંકડાને પાછળના ૭માં ઉમેરી દેતાં ૧૪૨૮૫૭ એ ૭ આંકડા પોતાના ચોક્કસ ક્રમમાં દેખા દે છે.

૧ના છેદમાં 'કોઈ અવિભાજ્ય સંખ્યા હોય અને તેના પુનરાવર્તન દશાંશ વખતે તે તે સંખ્યા કરતાં એક સ્થળ, ઓછું (અહીં ૭-૧=૬) એમ આવતાં હોય એવી બધી સંખ્યાઓમાં આ જ ચમત્કાર જોવામાં આવે છે.

આવા બીજા આંકડા $\frac{૧}{૧૭}$ અને $\frac{૧}{૧૯}$નાં દશાંશ રૂપમાંથી આપણને અનુક્રમે નીચે મુજબ મળે છે:

$\frac{૧}{૧૭}$=.૦૫૮૮૨૩૫૨૯૪૧૧૭૬૪૭૦૫.

$\frac{૧}{૧૯}$=.૦૫૨૬૩૧૫૭૮૯૪૭૩૬૮૪૨૧

ઉપરની બંને રકમોને કોઈ પણ આંકડે ગુણી જુઓ એટલે ગુણાકારના આંકડા મૂળ રકમના જ ક્રમમાં આવશે. જેમકે પાછલી રકમને ૨ વડે ગુણતાં પાંચમા આંકડા ૩ પાસેથી રકમના બે ભાગ પડી ડાબી તરફનો ભાગ જમણી તરફ ચાલ્યો જાય છે. આ પ્રમાણે

૧૫૭૮૯૪૭૩૬૮૪૨૧ ૦૫૨૬૩

આવા ચમત્કારિક અંકો બીજા કેટલાક હશે? —હ. વ્યા.

હડકવા . . . . . . (અનુ૦ પાછળ પાન ૩૧ પરથી) રીતે રડવા માંડયું. મેં વિચાર્યું તે તેના માલિકનો પ્રેમ ચાહે છે તેથી મેં કહ્યું: 'જૉલી બેટા જૉલી, શું થાય છે?' એમ કહી એનું દયામણું મોં પંપાળ્યું. જવાબમાં તેણે પોતાની નિસ્તેજ થતી કરુણ આંખો હળવેકથી મીંચકારી. મેં તેની પીઠ પર હાથ ફેરવ્યો ને તેથી કંઇક શાતા પામતો તે પડયો રહ્યો.

પણ સહસા તે કાંપી ઊઠયો. વેદનાથી એની આંખો બળી ઊઠી. એની નસેનસ ખેંચાવા લાગી. એનો શ્વાસ જલદી ચાલવા લાગ્યો અને બળતાં નસ્કોરાંને ટાઢક આપવા તે જમીન પર ઘસવા લાગ્યો. વારેવારે મોંમાં ફીણના ફીસોટા ઊડવા શરૂ થયા. મને હવે પક્કી ખાતરી થઈ કે જૉલીને ઝેર વ્યાપ્યું છે. મેં તેની આશા છોડી ત્યારે તે તણાતો હતો, —જાણે કે સમસ્ત પૃથ્વી અત્યંત પ્રેમથી પોતાના તરફ ખેંચી રહી ન હોય ! તે સાથે બિચારાનો મૂંગો આત્મા મૃત્યુના અંધકારમાં અંદર ને અંદર શમતો ગયો. હવે તે મારી પિછાન ભૂલી ગયો હોય એમ મને લાગવા માંડયું. તેણે પગ ફેલાવી આકાશ ભણી મોં ફેરવી મારે ઘેર ફરી જન્મ લેવા અરજ કરતો હોય તેમ ચીસ નાખી. છાપરાની પડાળે બેઠેલા અને ઝાડ પરના કાગડાઓ ઊતરી આવ્યા અને કેટલાક તો તેની પાસે, થોડે દૂર પૃથ્વી પર કૂદવા લાગ્યા તથા ઘરના ચોકના પથ્થર પર ચાંચને ઘસી તેજ બનાવતા કેકા ભરતા પાસે આવવા લાગ્યા. જૉલીની આંખ અધખૂલી બની ગઇ, એનું મોં ફાટી ગયું, એનું મુખ ચીતરી ચઢે એવું ફેરવાઇ ગયું. બહાર શેરીના કોઇ કૂતરાએ રુદન આરંભ્યા જાણે લાંબી કરુણ પોક મૂકી ને મારી આંખો ભીંજાઇ.

જૉલીનું મૃત્યુ છાનું ન રહ્યું. એથી મને આશ્વાસન આપવા શેરીના શંકર બારોટ આવ્યા: 'ભયા, શું થીઉં જે આટલીં ડૂહકો ભરો સો? શાંત થાવ ભાયલા!' પેલી દૂધ વેચનારી રાંડેલી રેવા આવીને આશ્વાસન દેવા લાગી: 'બાઇ કૂતરો તે એવું નામ! મેલાંગેલાંને અડે નહિ. અગિયારસે નકોરડો અપવાસ ને કો'દી એકટાણું કરે. ને પાછો શું નમકહલાલ હૂતો?' પડોશીના ગરબડે આની ટહુકો કર્યો: 'શેરીમાં મનિખ સરખું યે આવે તો તુરત ભોંકે; એની વહસ્તી તો ના નો પડાય.'

પણ પાછળથી મને માલૂમ પડયું કે મને આશ્વાસન આપવા આવેલા ને મારા જૉલીનાં વખાણ કરવાને ભેગાં થએલાં એ સૌએ મળીને જ મળસ્કે તેને ઝેર મૂકયું હતું! કેટલાક ધર્મઘેલાઓને કૂતરો ખૂંચતો હતો, તેઓ આ લાગ જોઈ તેમાં સામેલ થયા હતા. ધર્મની આંખમાં પડેલા મોતિયાનુ ઑપરેશન શી રીતે થાય? વળી કેટલાક પોતાનાં છયાંછોકરાંને હડકાયા કૂતરાની દહેશતથી બચાવવા ચોરીયુક્તિથી એમાં ભળેલા. આ કૃત્યમાં સૌનો હાથ હતો. બધા કાગડાઓ ભેગા મળી કૉવલને પીંખી નાંખે તેમ એ બધા દુષ્ટોએ જાલીનો ઘાત કર્યો હતો, અને પાછા મારી આગળ 'સતા' થઇ જાણે કંઇ જ બનવા ન પામ્યું હોય એમ નિર્દોષતાની જાળ પાથરી વાત કરી ગયા. પણ પાછળથી તેમને પણ માલૂમ પડયું કે જૉલીને ફક્ત હડકવા લાગ્યો જ ન હતો.

મનુષ્યની પામરતા ને અવિચારીપણા પર નિશ્વાસ નાખતો હું સમસમી રહ્યો. **ભગવત રામચંદ્ર ભટ્ટ**

પંથ બાકી હજો!

ભાતું ખૂટી જજો, ને પાણી ખૂટી જજો,
પંથીનો સાથ યે વછૂટી જજો;
સૂરજ ને વાયરાના મોંઘા સહકાર એ ય
મારગના મધ્યમાં તૂટી જજો,
તો ય મારો પંથ હજી બાકી હજો!

ઝંખી છે નિત્ય મેં તો કંટકની કેડીઓ,
પુષ્પ તણી સેજ મારે સોણે ન'જો;
વરસે જલધાર જેમ આકાશી વાદળી,
વિપતની એમ હું યે વર્ષા હજો,
તો ય મારો પંથ હજી બાકી હજો!

ડગુકે મારગમાં છો ડુંગરિયા દૈત શા,
નાગણ શી નદીઓ ય આડી હજો;
ડુંગર ચઢવા મહીં, નદીઓ તરવા મહીં,
કાયાની આકરી કસોટી થજો,
તો ય મારો પંથ હજી બાકી હજો!

વિપતના ગંજ વચ્ચે પૌરુષ ખીલે છ મારું,
એને વિહરવાના મારગ હજો;
સઘળું છો ખૂટતું, ખૂટે ન પંથ એક:
એટલી જ તાત, તવ કરુણા હજો!
એક મારો પંથ હજી બાકી હજો!

દેવજી ર. મોઢા



માધુકરી

કોટિ યુગોનો અવિશ્રાંત આત્મા
ભૂમિ તણો ભાર સ્વયં વહંતાં,
નમીનમી નીર નવાણમાં ભરે,
સૂકી ધરામાં રસ મિષ્ટ પાંગરે.

પૌરુષની પ્રાણપરાગ પાવડી
ફ્હેરી ઊડયો તું નભને હિમાચલ.
અમે બધી વામનટોળી કેવડી !
ગંગા ઉતારી
ભીંજી રહ્યો તું અમને સુમંગલ !

મૂગી અમારી ઉરની વીણાઓ
વાજી રહે અસ્થૂલ સ્પર્શે તારે,
શુચિત્વ સૌન્દર્ય તણી ઋચાઓ
રેલી રહે સૌમ્ય સહસ્ર ધારે.

વિનમ્ર તારી તપની રસશ્રી
ત્રિકાળ વીત્યે તદપિ ન ખૂટશે;
અનન્યસેવા અણુલોપ તારી
તમિસ્રમાં પાવક દીપ પેટશે.

સમસ્ત દેશે
ઠરી ગયા દીપક સર્વ જ્યારે,
તારો જલે પ્રોજ્જ્વલ દીપ ત્યારે;
ભાંગી ગયાં સર્વ જહાજ જ્યારે,
મારી હલેસાં તું ધપે કિનારે.

જ્યારેબધા મ્લાનમુખે ઢળીપડ્યા,
તું એકલો ચેતનનો પ્રવાસી;
દિગંતરોના મધુ મર્મ ગુંજતાં
ઉડાડી મૂકે સહુની ઉદાસી.

ફરી ફરી એ જ પ્રસુપ્ત શાંતિમાં
મૂર્છા ખાઈ પડી ગયું બધું સૃષ્ટિનું લોક જ્યારે,
તારો તો ચાલતો શો અવિરત ગતિથી રેંટિયો રોજ ત્યારે.

મોહિનીચન્દ્ર



૨૧. બરજોરજી પાદશાહ

અપ્રતિમ પ્રતિભા અને ઉન્નત ચારિત્ર્યવાળા એ માનવ-રત્નના અવસાનની નોંધ આપણા પ્રાન્તનાં છાપાંમાં બહુ ઉપલકરીતે લેવામાં આવી છે એ આશ્ચર્ય અને ખેદ થાય એવું છે. 'ટાઇમ્સ' જેવા પત્રમાં પણ એમના જીવનની હકીકત જણાવતાં તે મોટા ઉદ્યોગોની યોજનાઓના એક વિધાયક હતા એ રીતે તેમની કારકીર્દિ વર્ણવવામાં આવી છે. પરંતુ એ સદ્‌ગત પુરુષની અસાધારણ બુદ્ધિ, તેમની સાધુ જેવી સાદાઇ, ઉન્નત સિદ્ધાન્તો પ્રમાણે રચાએલું સ્વચ્છ પવિત્ર જીવન વગેરેનો ઉલ્લેખ કોઇ પણ વર્તમાન-પત્રમાં કરેલો જોવામાં આવ્યો નથી.

આપણી યુનિવર્સિટીમાંથી જે બુદ્ધિમાન અને અભ્યાસી વિદ્યાર્થીઓ નીકળ્યા છે તેમાં બરજોરજી પાદશાહનું સ્થાન લગભગ સૌથી પ્રથમ ગણાય એવું હતું. અસાધારણ સર્વ-ગ્રાહી બુદ્ધિ, વિશાળ અને સર્વદેશીય વાચન, ઊંડો તલસ્પર્શી અભ્યાસ, વિશદ વિચારશક્તિ, શાન્ત સમતોલ નિર્ણય-શક્તિ, દીર્ઘદૃષ્ટિ અને સ્વદેશપ્રીતિ જેવા ગુણોમાં બરજોરજી પાદશાહથી આપણા પ્રાન્તમાં ચઢિયાતા માત્ર ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિન્દ રાનડે જ હતા, એવો 'ઇન્ડિયન સોશ્યલ રીફોર્મર'નો અભિપ્રાય તદ્દન વાજબી છે. બરજોરજી પાદશાહ પ્રત્યેક પરીક્ષામાં પ્રથમ સ્થાને આવતા એટલું જ નહિ પરન્તુ એમના ઉત્તરપત્રો તથા મૌખિક પરીક્ષામાંના એમના ઉત્તરોથી એમના વિદ્વાન પરીક્ષકો વિસ્મય પામતા અને એક વિદ્યાર્થીના એટલા બધા જ્ઞાનવિસ્તારથી તેઓ આશ્ચર્ય-મુગ્ધ થતા. એમની મૌખિક પરીક્ષા લેનાર પરીક્ષકો એમને પ્રશ્નો પૂછીપૂછીને થાકી જતા અને છેવટે એ અસાધારણ બુદ્ધિશક્તિવાળા વિદ્યાર્થીને 'You are a giant of genius' એવા ઉદ્‌ગાર સાથે વિદાય આપતા. આવી ઊંચી બુદ્ધિશક્તિ છતાં અને પરીક્ષામાં હમેશાં પ્રથમ વર્ગમાં પહેલે નંબરે આવવા છતાં પદવીનો એમને મોહ ન હોવાથી એમણે યુનિવર્સિટીની પદવી સ્વીકારી ન હતી !

એમણે પોતાનું સમસ્ત જીવન અભ્યાસમાં જ વિતાવ્યું હતું. અંગ્રેજ કવિઓનો એમનો અભ્યાસ અસાધારણ હતો. એમણે યોજેલા 'રટડી સર્કલ'માં મ્રાર્નિંગ ક્લાસમાં ત્રણ-

ચાર વખત જવાનો આ લેખકને સુયોગ પ્રાપ્ત થયો હતો, તે વખતે એમના ઊંડા અભ્યાસ અને ચિંતનશીલ બુદ્ધિનો કાંઈક પરિચય થયો હતો. એ અત્યંત શાન્ત અને સાદું જીવન ગાળતા હતા. અહિંસાના તે એટલી હદ સુધી ઉપાસક હતા કે ચામડાના જોડા પહેરતા નહિ અને પશુ જોડેલા કોઇ વાહનનો ઉપયોગ કરતા નહિ.

હિન્દના ઉદ્યોગોનો, હિન્દના ઉદ્યોગીકરણનો અને આ દેશને મોટા ઉદ્યોગો દ્વારા સમૃદ્ધ કરવાના વિષયોનો એમણે ઊંડો અભ્યાસ કર્યો હતો. સુભાગ્યે એમને સ્વ. જમશેદજી ટાટાનો સહવાસ થયો. બૅંગલોર સાયન્સ રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટની આખી યોજના એ ઉદ્યોગપતિને માટે સદ્‌ગત બરજોરજી પાદશાહે જ ઘડી રજૂ કરી હતી. ત્યાર પછીના એમના જીવનનો મોટો ભાગ જમશેદજી ટાટાનાં ઉદ્યોગસાહસોની યોજનાઓ ઘડવામાં અને તેને સફળ કરવાના કાર્યમાં વીત્યો હતો. છેલ્લાં વીસપચીસ વર્ષના એમના એ કાર્યને લીધે જાહેર પ્રજા એમને ઉદ્યોગની યોજનાઓના વિધાયક તરીકે વધારે ઓળખે છે, અને આ કારણને લીધે એમના પૂર્વજીવનનો ઇતિહાસ એમના અવસાનની નોંધોમાં જોવામાં આવ્યો નથી એમ લાગે છે. વાસ્તવિકરીતે, ઉદ્યોગ, ઉદ્યોગનાં મોટાં સાહસો, દેશને સમૃદ્ધ કરવાની યોજનાઓ, એ સર્વ એમના જીવનનો ગૌણ વ્યવસાય હતો. સમસ્ત જગતના માનવીની ઉન્નતિ અને ઉદ્ધારનાં સ્વપ્નાં એ જીવનભર સેવી રહ્યા હતા. એમના વિચારપ્રદેશમાં અને ભાવનાસૃષ્ટિમાં દેશ, પ્રજા, કોમ, ધર્મ વગેરેની સીમાનાં બન્ધન ન હતાં.

એવા એક અસાધારણ બુદ્ધિશક્તિવાળા અને પ્રતિભાશીલ, ઉચ્ચ ચારિત્ર્ય અને શુદ્ધ જીવનવાળા દેશરત્નને આપણે બરજોરજી પાદશાહના અવસાનથી ગુમાવ્યું છે.

('જ્યોતિર્ધર') —ગ૦

ઈસ્ટ ઇંડીઝ ટાપુઓ

હોલૅન્ડે જર્મનીને નમતું આપ્યા પછી પૂર્વમાંના તેના સામ્રાજ્યનો અથવા 'નેધરલૅન્ડ્‌સ ઇન્ડીઝ'નો જબરો કોયડો ઊભો થયો છે. જાપાન એના પર ટાંપી બેઠું છે એ વાત જગજાહેર છે અને એટલો જ જગજાહેર અમેરિકાનો વિરોધ છે, કારણકે એ ટાપુઓ જાપાનના હાથમાં જતાં ફિલિપ્પાઇન્સ ટાપુઓ અમેરિકાને સાચવી રાખવા ભારે પડે એમ છે.

વીસ હજાર જેટલા ટાપુઓનો આ સમૂહ પહેલાં ડચ ઈસ્ટ ઈંડીઝ તરીકે ઓળખાતો હતો, પણ ૧૯૩૪થી નેધરલૅન્ડ્‌સ ઈન્ડીઝ તરીકે ઓળખાય છે. અમેરિકાના સંયુક્ત સંસ્થાનો કરતાં પણ હોલૅન્ડનું એ સામ્રાજ્ય, સાગરનું વધુ ક્ષેત્રફળ રોકે છે. જુદીજુદી ૧૩૭ સંસ્કૃતિઓમાં જીવતા બબરા વર્ણના સાડા છ કરોડ દેશી લોકો, ૪૫ લાખ બળદો, ૬ લાખ ઘોડા, થોડાક ગેંડા, હાથી, કુરાંગકુટાંગ, વાઘ અને જ્વાળામુખીઓ એ સામ્રાજ્ય ધરાવે છે.

ડચ લોકો એ ટાપુઓ પર પહોંચી તો હેઠ ઈ. ૧૫૯૬ માં ગએલા, પણ તે ઉપર વિશેષ ધ્યાન એમણે હજી ગઈ સદીથી જ આપવા માંડયું. અને એમણે કેન્દ્રિત કરેલા એ ધ્યાને જે ફળ આપ્યું એથી તો આખી દુનિયાને સંસ્થાનોમાંથી કેટલો લાભ મેળવી શકાય છે એનો નવો પદાર્થપાઠ આપ્યો. જબરા જળનિરોધો બાંધી જવાની ફળદ્રુપતા એમણે એટલી વધારી દીધી કે એની વસતિ ૯૦ લાખમાંથી સાડા ચાર કરોડ થઈ ગઈ. ત્યાંના લોકોને એમની જમીનની માલિકી રાખવા દઇ, કડક નિગરાની નીચે વિદેશી મૂડીનું રોકાણ ડચ લોકોએ ત્યાં થવા દીધું અને તેલ, રબર, ચા, કિવનાઈન, કલઈ, તમાકુ, ખાંડ, કોપરૂં, સાગ, ગંધક, ટૅપીઓકા વગેરેની ઊપજ ખૂબ વધારી દીધી. નવા નવા રેલરસ્તા બાંધી રોગચાળાના પ્રતિકારના ઉપાયો એમણે યોજ્યા, એટલું જ નહિ પણ અર્ધદેશી પાર્લામેન્ટ (Volksraad) પણ ઊભી કરી.

અને આ બધા પરિશ્રમનો સુંદર બદલો નેધરલૅન્ડ્‌ઝને મળ્યો જ. એ સમૃદ્ધ થઇ ગયું, અને હવે તો જાવાના વતનીઓને બીજા ટાપુઓમાં લઈ જઈ વસાવવામાં આવે છે ને એ જ ધોરણે એ મુલકોનો પણ વિકાસ સાધવામાં આવે છે.

લસણ

આરોગ્યની દૃષ્ટિએ લસણ બહુ ઉપયોગી વસ્તુ છે. દમ, ઉધરસ, ફેફસાંનાં દરદો, લોહીના દબાણનો વધારો વગેરે વિકારોમાં લસણ લેવાથી ફાયદો થાય છે. લસણની વાસ ઘણા લોકોને ગમતી નથી, પણ એમાં જ એનો જંતુનાશક ગુણ રહેલો છે. લસણમાં એ. બી. ને સી. વિટામીનો છે. થાઈરૉઇડ નામની આંતરસ્રાવક ગ્રંથિને પોષણ આપનારૂં આયોડીન પણ લસણમાં હોય છે. આપણા શરીરમાં થાઇરૉઇડ ગ્લૅન્ડ બહુ જ મહત્ત્વની ગણાય છે. લસણમાં કૅલ્શિયમ, પોટૅશિયમ ને ફૉસ્ફરસ પણ છે. લસણનો મુખ્ય ગુણ ઉત્સાહપૂરક, ક્ષુધાપ્રદીપક ને કૃમિનાશક હોવાનો છે. વૈજ્ઞાનિકોનો મત છે કે ક્ષય જેવા દુઃસાધ્ય રોગમાં લસણ બહુ ઉપયોગી થઈ પડે છે. આયુર્વેદમાં પણ લસણનાં ઘણાં વખાણ કરવામાં આવ્યાં છે. લસણ ખાવાથી શરીરમાં સલફ્યુરિક ઍસિડ ઉત્પન્ન થાય છે ને એનાથી ક્ષયરોગનાં જંતુઓ નાશ પામે છે. (ચિત્રમય જગત)

ઘઉંના પાકમાં ગેરૂ

ઘઉંની ખેતીમાં ગેરૂનો ઉપદ્રવ જ્યારે મોટા પ્રમાણમાં આવે છે ત્યારે હજારો રૂપિયાની નુકસાની થાય છે. આ રોગને અટકાવવા અથવા નાબૂદ કરવા ઘણાઘણા અખતરા થયાનું જાણમાં છે; પરંતુ ગેરૂ ન લાગે તેવી જાતનું બિયારણ શોધ્યા સિવાય તેનો ખાસ ઇલાજ હાથ આવ્યો નથી.

ગેરૂ એ ફૂગના વર્ગનો રોગ છે. એક વખત લાગુ પડ્યો એટલે તે ઘઉંને નુકસાન જ કરે છે. વાદળ આવવા ઝાકળ-

વાળા દિવસો ગેરૂની આગાહી રૂપ છે. પવન સારો હોય અને ઝાકળ ન બેસે તો ગેરૂ આવી શકતો નથી. ગેરૂની રજ એ તેનાં બી છે. જમીન, પાણી અને હવામાં તે હમેશ હોય જ છે. અનુકૂળ સંજોગો મળતાં તે એકાએક રોગ રૂપે ઘઉંની ઘણીએક જાતોમાં દેખાય છે. ઘઉંની કોઈ-પણ સ્થિતિમાં તે લાગુ પડે છે. ગેરૂનો ઉપદ્રવ ભયંકર હોય તો ઘઉંના પાકની વાઢણી કરવાપણું જ રહેતું નથી. થોડા પ્રમાણમાં લાગ્યો હોય તો ઘઉં ચિમળાઈ ગએલા ઝીણા પાકે છે અને બજારમાં તેનો સારો ભાવ આવતો નથી.

ધોળા કાઠા, રાતા દાઠા અને વાજિયા ઘઉંમાં ગેરૂ તુરત આવે છે. ઘઉંની તે જાતોમાં ગેરૂ સામે ટક્કર ઝીલ-વાની શક્તિ ઓછી છે. બંસી ઘઉં કંઈક અંશે ગેરૂથી મુક્ત છે; પણ હુમલો વધારે પ્રમાણમાં હોય તો તેમાં પણ ગેરૂ આવે છે. પોપટિયામાં ગેરૂ આવતો નથી, કારણકે તેના ઉપર મજબૂત પૂતળીઓ થાય છે અને ગેરૂના ઉપદ્રવ સામે ટક્કર ઝીલવાની તેમાં શક્તિ છે.

ગેરૂ ન લાગે તેવી ઘઉંની જાતોના વાવેતર માટે પ્રચાર કરવા સિવાય, હાલની સ્થિતિએ ગેરૂના રોગનો ઉપાય હસ્તગત નથી. (ભાવનગર સમાચાર)

આગબોટોનું 'ટનેજ' એટલે શું?

'આપણે શત્રુઓની અમુક ટનની આગબોટો ડુબાવી' એવું આજકાલ વર્તમાનપત્રોમાં વાંચીએ છીએ. તેનો ખરો અર્થ શો છે? આ ટનેજ ગણવાની જુદીજુદી રીતો છે.

આગબોટ જે વેળા કોઇ બંદરમાં આવે છે તે વખતે તેની પાસેથી ત્યાંના રોકાણ બદલ બંદરના અધિકારીઓ કંઇક વિશિષ્ટ ફી લે છે. આ ફી ઘણે ભાગે તેના ગ્રૉસ ટનેજ ઉપર ઠરાવવામાં આવે છે. આ ગ્રૉસ ટનેજને બોટના વજન સાથે કશો સંબંધ હોતો નથી. પણ બોટની એકંદર જગ્યાનું જે આકારમાન (ઘન માપ) હોય તેના દરેક ૧૦૦ ઘન ફૂટે એક ટન લેખે ગ્રૉસ ટન ગણવા એવો ઇંગ્લંડનો કાયદો છે અને બીજા દેશોમાં પણ તે જ પદ્ધતિ ચાલે છે. આ ગણિતમાં કોઇ જગ્યા હિસાબમાં ન લેવાય તો ચાલે છે.

એથી ઊલટું, બોટનો 'નેટ ટનેજ' કહો એટલે તેનો અર્થ તેમાં માલ ભરવાની જગ્યા કેટલી છે તે થાય છે. બોટનું એકંદર ઘનમાપ લઇને તેમાંથી ખલાસીને રહેવાની જગ્યા, યંત્રો વગેરે ફાલતુ જગ્યાઓનું ઘનમાપ બાદ કરીને તેનું 'નેટ ટનેજ' કાઢવામાં આવે છે. આથી જુદી જુદી બોટનું ટનેજ વધુઓછું થાય છે. પણ સરાસરીમાં તે ગ્રૉસ ટનેજનું ⅔ જેટલું થાય છે.

લડાયક જહાજોની બાબતમાં બહુધા ગ્રૉસ અથવા નેટ ટનેજ ન વાપરતાં તેની બાજુઓને અડતી સમુદ્રની સપાટી પરથી 'ડિસ્પ્લેઇસમેન્ટ ટનેજ' એવું એક નવું ટનેજ ઠરાવવામાં આવે છે. પૂર્ણ સાધનસામગ્રીથી ભરેલા એવા લડાયક જહાજની બાજુમાં પાણી જેટલે ચડે (એટલે કે બોટનું જેટલું આકારમાન પાણીમાં ડૂબે તે આકારમાનના પાણીના) વજનના ટન ગણવામાં આવે છે અને તે ટન ૨૨૪૦ રતલનો ગણાય છે. પણ જહાજમાંના ઉતારૂ, માલ જલણ વગેરેનું જે વજન તેને 'ડેડ વેઇટ ટનેજ' કહે છે અને તેમાં ૨૯૦૦ પૌંડ=૧ ટન ગણવામાં આવે છે. વર્તમાન-પત્રોમાં આવતા સમાચારનું ટનેજ ઘણે ભાગે 'ગ્રૉસ ટન' વાળું હોય છે. (મરાઠી 'સૃષ્ટિજ્ઞાન')

ધરતીકંપો

આપણી પૃથ્વી શેષનાગને માથે રહેલી છે અને એ જ્યારે માથું હલાવે છે ત્યારે ધરતીકંપ થાય છે એ આપણી હિંદુઓની પુરાણી માન્યતા છે. હીરૉડોટસ અને પ્લીનીનાં જૂનાં લખાણોમાં પણ ધરતીકંપોનો ઉલ્લેખ મળી આવે છે. બાઇબલમાં જે જૂનામાં જૂનો ધરતીકંપ નોંધાયો છે તે ઇ. ૯૧૮માં આહાબના શાસનકાળમાં પાલેસ્ટાઈનમાં થએલો.

એવો અંદાજ કાઢવામાં આવ્યો છે કે આપણી પૃથ્વી દર વર્ષે ૬૦,૦૦૦થી વધુ ધરતીકંપો એટલે કે ૧૦ મિનીટે એક આંચકો અનુભવે છે. એમાંના કેટલાક તો એવા નજીવા હોય છે કે તેની ખબર પણ નથી પડતી ને માત્ર એની નોંધણી માટે બનાવાએલા નાજુક યંત્ર સીસ્મોગ્રાફ પર જ તે નોંધાય છે. ટોકિયોની સેન્ટ્રલ ઑબ્ઝર્વેટરીના આંકડા મુજબ એકલા જાપાનમાં જ વર્ષે ૨૨૦૦ આંચકા લાગે છે.

આ ધરતીકંપોનું કારણ જાણવા માટે સૌ પહેલાં તો પૃથ્વીનો આકાર સમજવાની જરૂર છે. ઘણા એને બિલ-કુલ ગોળ દડા જેવી માને છે, પણ સાચું જોતાં તેની બંને ધ્રુવો વચ્ચેની ઉદરરેખા, વિષુવવૃત્તની ઉદરરેખા કરતાં ૨૭ માઇલ ટૂંકી છે. આનું કારણ પૃથ્વીની પોતાની ધરી પરની દૈનિક ગતિ છે. આ ગતિ પૃથ્વીના સ્તરબંધારણ પર અસર કરે છે. એ સાથે દરિયો પણ અસર કરે છે. એને લીધે જ્યારે કોઈ જબરો ખડક ખસવા પામે છે ત્યારે અસંખ્ય ટનનું તેના પરનું દબાણ ઓછું થતાં એ મૂળ સ્થાનેથી આંચકા શરૂ થઈ જાય છે અને આખી સપાટી પર ફરી વળે છે. આ અને એવાં મહત્ત્વનાં બીજાં અનેક કારણો માટે 'કુમાર'ના અંક ૯૬ તથા ૧૨૩માં આવી ગએલા એ વિષયક બે લેખો જોઇ જવા.

આ આંચકા થોડો વખત નમ્ર રહી પછી ઉગ્રતાને પહોંચે છે ને એના અંત્ય બિંદુએ પહોંચી પાછા નરમ પડી છેવટે શાંત થઈ જાય છે. જાપાનના પ્રાચીન ગ્રંથોમાં એક ધરતી-કંપ ૬૦ કલાક ચાલ્યો હોવાનો ઉલ્લેખ મળી આવે છે. ઇ. ૯૭૭માં બીજો એક ધરતીકંપ ૩૦૦ દિવસ સુધી આંચકા મારતો રહેવાનો નોંધાયો છે. ઇ. ૧૯૭૯ના સાન સાલ્વા-ડોરના ધરતીકંપમાં ૧૦ દિવસમાં ૬૦૦ આંચકા લાગ્યા હતા. ૧૮૪૮ના ન્યૂઝીલૅન્ડના ધરતીકંપમાં ૫ દિવસ સુધી આંચકા

ચાલુ રહ્યા હતા ને તેમાં કયારેક તો રોજના ૧૦૦૦ આંચકા પર પ્રમાણ પહોંચતું હતું. આજે જેમ એ આંચકા નોંધવા સીસ્મોગ્રાફ શોધાયું છે એવું જ એક યંત્ર ઇ. સ. ૧૩૬માં ચોકા નામના એક ચીના વિજ્ઞાનીએ શોધી કાઢવાનો ઉલ્લેખ મળે છે, જે વિગતોમાં આજના સીસ્મોગ્રાફને જ મળતું હતું.

ધરતીકંપ થવા પામે છે ત્યારે ધરતીમાં નાનીમોટી ચિરાડો પડી જાય છે. નાના આંચકામાં એ અમુક વાર જ પહોળાઇની હોય છે, પણ મોટામાં એથી જબરી. કૅલૅફિોર્નિયન ધરતીકંપ વખતે જે ચિરાડ પડેલી તેની પહોળાઈ ૧૦૦ ફૂટ, ઊંડાઈ ૨૦૦ ફૂટ અને લંબાઇ દોઢ માઇલની હતી! એ ચિરાડો ઘણી વખત પાછી તરત સંધાઇ જાય છે ને એ રીતે એમાં ગરી પડેલાની કબર બની જાય છે. ઈ. ૧૬૯૨માં પૉર્ટ રૉયલ મુકામેની આમ સંધાઇ ગએલી ચિરાડે એમાં અનેક જિંદગીઓનો ભોગ લીધેલો.

કેટલેક ઠેકાણે આવી ચિરાડોમાંથી વાયુ કે વરાળો અથવા રાખ, પાણી કે કાદવ પણ ઊછળી પડે છે.

નવી કેડીઓ

છાપાનિયાંનો સદુપયોગ

• • •(સામાન્ય દૃષ્ટિએ નિરૂપયોગી કે નકામી ગણાએલી વસ્તુઓનો યોગ્ય ઉપયોગ કે તેમાં કરકસરની યોજના સૂચવવાનું ૨૦૮મા અંકના 'મારી નજરે'ના લેખમાં વાંચી લેખકે પોતે કરેલો એક પ્રયોગ અહીં જાહેર કર્યો છે.)

'ન્યુસપેપર્સ' વાંચ્યા પછી તેનો પસ્તી કરતાં વધારે સારો ઉપયોગ કરવા મેં અને મારા એક મિત્રે એક માસ સુધી ચર્ચા કર્યાં પછી અમે નક્કી કર્યું કે દૈનિક પત્રોમાં આવતા જુદાજુદા વિષયને લગતા સમાચાર અને લખાણ જુદાં તારવીને દરેક વિષયની જુદી ફાઇલ બાંધી તેમાં તે સંઘરવાં. એ માટે શરૂઆતમાં દસ ફાઇલો તૈયાર કરી. પાછળથી નવા વિષયો યાદ આવ્યા તેમ ફાઇલો વધારતા ગયા. તેના વિભાગો નીચે મુજબ છે: (૧) યુદ્ધના તથા આંતરરાષ્ટ્રીય સમાચારો, (૨) સ્વદેશના–હિંદના–આંતર રાષ્ટ્રીય સમાચારો, (૩) વેપારી ભાવોના સમાચાર, (૪) હપ્તે આવતી સળંગ નવલકથા, (૫) ટૂંકી નવલિકાઓ, (૬) ચિત્રો, કાર્ટૂનો અને ફોટોગ્રાફીઓ, (૭) આંકડાશાસ્ત્રને લગતા સમાચાર, (૮) જીવનચરિત્રો, (૯) બાળશિક્ષણ પરનું સાહિત્ય, (૧૦) વ્યાયામ તથા સ્વાસ્થ્યને લગતા લેખો, (૧૧) જાતીય વિજ્ઞાન, (૧૨) પુસ્તકોનાં અવલોકનો.

યુદ્ધને અંગેનું ઉત્તરોત્તરનું સાહિત્ય યુદ્ધરચના સમજવામાં બહુ ઉપયોગી થઈ પડે છે. દેશનું રાજકારણ અને તેના સમાચારો આજના પ્રગતિમાન હિંદીજને જરૂર જાણવા જોઇએ. વેપારને લગતા સમાચારોમાં કંઈ રસ કે ગમ ન પડે છતાં ક્યારેક તેનો ખપ પડે છે. ઘણી વાર એક જ વિભાગની કાપલી પાછળ બીજા વિભાગની અગત્યની બાબતો હોય તો તેનો નંબર લખી યોગ્ય જગ્યાએ નોંધ મૂકવાથી સુગમતા થાય છે.

ચિત્રો અને કાર્ટૂનનાં પાનાં ફુરસદે ઉથલાવવાની મજા ઓર છે. કાર્ટૂનો જોતાંવેંત તે અમુક પ્રસંગ બનાવ, કે મહત્ત્વના પ્રશ્નનો ઇતિહાસ તાજો કરે છે ને સ્થિતિ સ્પષ્ટ કરી બતાવે છે. બાળશિક્ષણ અને બાળસાહિત્યની ફાઈલમાં ઘણાં ગીતો, વાર્તાઓ ને શિક્ષણના મુદ્દાઓની નોંધ રહે છે.

જાતીય વિજ્ઞાન ઘણીવાર વાંચવાનું ફાવતું નથી, પણ કોઈ વાર ભવિષ્યમાં ઉપયોગી થશે એવી માન્યતાથી સંઘરીએ છીએ. અમારી આવકમાં પોસાતાં માત્ર બે દૈનિકપત્રો અને બે અઠવાડિકોમાંથી આ ફાઇલો તૈયાર કરીએ છીએ. અમારો પ્રયત્ન જોઇ હમણાં એક ભાઇએ એક અઠવાડિક અને એક દૈનિક પત્ર આપવાની ઉદારતા કરી છે. ફાઇલોનું કામકાજ બપોરે જમ્યા પછી, જ્યારે ઊંઘ લેવા સિવાય બીજું સૂઝે નહિ ત્યારે, કરીએ છીએ અને તે વેળા આ કાર્ય ભારે રસપ્રદ બને છે. પહેલાં તો આ મહેનત શુષ્ક લાગે છે; પણ શરૂ કર્યાં પછી જ રસ પડવા માંડે છે. આ પ્રવૃત્તિથી વાચન કાળજીવાળું બને છે, આપણામાં એક પ્રકારની ચુસ્ત નિયમિતતા, ખંતીલી વ્યવસ્થાશક્તિ અને અભ્યાસવૃત્તિ ખીલે છે, ફુરસદનો વખત પ્રગતિ આપનારો બને છે, મહત્ત્વની વસ્તુ વેડફાઈ જતી બચી સંગ્રહ અને ઉપયોગ લાયક બને છે, ભવિષ્યમાં આપણને પોતાને કે બીજાને બહુ મુશ્કેલીએ મળે એવું સાહિત્ય આપણી સમૃદ્ધિ બને છે;—અને આ બધું પસ્તીના ભાવે!

મિત્રોના હાથમાં આ ફાઇલો મૂકીએ છીએ ત્યારે તેમને એની અગત્ય સમજાય છે અને નવી સૂચના અને સુધારા મળે છે. હવામાનના વર્તારા, પ્રાચીન સંશોધનો, શિલ્પ-પરિચય, લોકસાહિત્ય, દંતકથાઓ, ફિલ્મોનાં અવલોકનો વગેરે સાહિત્ય ભેગું કરવાની સૂચના મળી છે.

લાયબ્રરીઓ જો આવી ફાઇલો કરવાની યોજના હાથ ધરે તો અમૂલ્ય ખજાના જેવું સાહિત્ય સંઘરાય અને કેટલા યે અભ્યાસીઓની મહેનત બચે અને તેનો લાભ પામે.

થોડી ખંત, થોડી મહેનત અને થોડો સમય વાપરી દરેક જણે આ પ્રયોગ કરી જોવો જોઈએ.—શંકરલાલ જોષી(સિહોર)

ભારતીય સંવતો

૨૨–શાહૂર સન

શાહૂર સનને 'સૂર સન' કે 'અરબી સન' પણ કહે છે. એ હિજરી સનનો પ્રકારાંતર માત્ર છે. અરબી ભાષામાં મહિનાને 'શહર્' કહે છે તે પરથી આ નામ આવ્યું હશે એમ મનાય છે. મુહંમદ તુઘલકે (ઈ. ૧૩૨૫–૧૩૫૧) પોતાની રાજધાની દેવગિરિ (દોલતાબાદ) ખસેડતાં દક્ષિણમાં એ ચલાવ્યો હોવાનો સંભવ છે. આ સનનાં વર્ષ આંકડામાં નહિ પણ અંકસૂચક અરબી શબ્દોમાં લખાય છે.

આ મહિનો (સપ્ટેમ્બર) ઇતિહાસમાં

તા. ૧ જર્મનીએ પોલાંડ પર હલ્લો શરૂ કરીને બીજા મહાયુદ્ધની શરૂઆત કરી ઈ. ૧૯૩૯.

તા. ૨ લંડનની મહાન આગમાં ઇસ્ટ ઇંડિયા કંપનીનાં મરી તથા સુરોખારનાં ભરચક ગોદામોનો નાશ થયો –ઈ. ૧૬૬૬.

તા. ૩ ઇંગ્લંડમાં લોકશાહીના પ્રબળ પુરસ્કર્તા ઑલિવર ક્રૅામવેલ અવસાન પામ્યો–ઈ. ૧૬૫૮.

તા. ૧૧ મુંબાઈમાં પહેલવહેલું હિંદુ-મુસ્લિમ હુલ્લડ થયું, જેમાં બસોએક માર્યા ગયા અને હજારેક જખમી થયા -ઈ. ૧૮૯૩.

તા. ૧૪ ચેકોસ્લોવાકિયાના તારણહાર અને જગતમાં શ્રેષ્ઠ એવું ત્યાંનું પ્રજાસત્તાક સ્થાપનાર તેના પહેલા પ્રમુખ મસારિકનું અવસાન-ઇ.૧૯૩૭.

તા. ૧૮ વિખ્યાત અંગ્રેજ નિબંધકાર હૅઝલિટનું અવસાન -ઇ. ૧૮૩૦.

તા. ૨૦ જલદ શૈલીની વાર્તાઓ અને લેખોદ્વારા લોકસ્થિતિ અને લોકમાનસનો ચિતાર આપનાર અમેરિકન લેખક અપ્ટન સિંકલેરનો જન્મ–૧૮૭૮.

તા. ૨૫ અકબરે કંદહાર જીતી ત્યાં મુઘલ સત્તા કાયમ કરી–ઇ. ૧૫૯૪.

તા. ૨૭ ગયા મહાયુદ્ધમાં જર્મનોએ ઍન્ટવર્પ પર હલ્લો કર્યો–ઈ. ૧૯૧૪

આ માસની સાહિત્યવિભૂતિ
નરસિંહરાવ ભોળાનાથ દીવેટિયા



આ યુગના એ પીઢ સાક્ષરનો જન્મ અમદાવાદમાં, ગુજરાતના આગેવાન સમાજસુધારક અને પ્રાર્થનાસમાજના આદ્ય સ્થાપક, વડનગરા નાગર ગૃહસ્થ સરદાર ભોળાનાથ સારાભાઇને ત્યાં ૧૮૫૯ના સપ્ટેમ્બરની ૩જી તારીખે થયો હતો. એમનાં માતાનું નામ શિવકાશી. અભ્યાસકાળ દરમ્યાન કવિ દલપતરામના હાથ નીચે એમને કવિતાશિક્ષણ મળેલું. પ્રાર્થનાસમાજનાં સુંદર ભક્તિકાવ્યોના રચનાર સંસ્કારી પિતાના ઘરના વાતાવરણની અસરે અને અંગ્રેજી અભ્યાસથી ખૂલેલી નવી દૃષ્ટિએ તેને પોષણ આપ્યું. ૧૮૮૦માં બીજા વર્ગમાં બી. એ. થયા ત્યારે સંસ્કૃતમાં આખા ઇલાકામાં પ્રથમ આવી તેમણે ગુજરાતીઓને દુર્લભ એવું ભાઉ દાજી ઇનામ મેળવેલું. એ જ વર્ષમાં શ્રી સુશીલાબહેન સાથે એમનું બીજું લગ્ન થયું (પહેલું ૧૮૭૨માં થઈ ગએલું.) ૧૮૮૪માં સ્ટૅચ્યુઅરી સિવિલ સર્વિસમાં જગ્યા મળી જવાથી ખેડાના આસિ. કલેક્ટર નિમાયા, એટલે આગળ અભ્યાસ પડતો મુકાયો. ત્યાંથી દક્ષિણમાં તેમની બદલી થઇ, ને છેક ૧૯૧૨માં નિવૃત્ત થયા ત્યાં સુધી એ બાજુ જ મોટે ભાગે રત્નાગિરિમાં જ –રહ્યા. અને ૧૯૧૨થી અંતકાળ પર્યંત મુંબાઇ એલ્ફિન્સ્ટન કૉલેજમાં ગુજરાતીના અધ્યાપકપદે રહ્યા.

૧૮૮૭માં 'કુસુમમાળા,' ૧૮૯૬માં 'હૃદયવીણા' અને ૧૯૧૪માં 'નૂપુરઝંકાર' એમ ત્રણ કાવ્યસંગ્રહો અને ૧૯૧૫માં 'સ્મરણસંહિતા' નામની પ્રશસ્તિ, એ ગુજરાતી કવિતાસાહિત્યમાં એમનો ફાળો તો જાણીતો છે. પણ એથી યે વધુ યશોજ્જ્વલ એમનું કાર્ય તો ગુજરાતી ભાષા ને જોડણી વિષયક એમનાં વિદ્વત્તાભર્યાં લખાણો છે, જેની શરૂઆત ૧૮૮૮માં 'બુદ્ધિપ્રકાશ'માં જોડણી વિષે વિસ્તૃત ચર્ચાથી એમણે કરેલી. હિંદની પ્રાંતીય ભાષાઓનો પરિચય, સંસ્કૃત અને પ્રાકૃત ભાષાઓનો ઊંડો અભ્યાસ ને પોતાની નિખાલસ સ્વભાવગત ચોકસાઈ,–આ ત્રણના પીઠબળ સાથે ગુજરાતી ભાષાશાસ્ત્રના સંશોધનના ક્ષેત્રમાં એમણે કરેલું કાર્ય એટલું તો યુગવર્તી છે કે કદાચ સાક્ષર, કવિ, સમાજસુધારક અને વિવેચક નરસિંહરાવને પડછે ભાષાશાસ્ત્રી નરસિંહરાવ તરીકે એમનું નામ ચિરંજીવ બની જાય. ગુજરાતી ભાષામાં 'હ'કારનો એમનો આગ્રહ. અને 'પ્રેમાનંદનાં નાટકો'ની એમની ચર્ચાએ તો ગુજરાતી સાહિત્યના અદનામાં અદના પરિચિતને મોઢે એમનું નામ રમતું કરી દીધું છે. 'મનોમુકુર'ના ચાર ભાગ, 'સ્મરણમુકુર' અને 'વિવર્તલીલા'માં એમનાં ગદ્ય લખાણો સંગ્રહાયાં છે. એ ઉપરાંત પણ એમના સંખ્યાબંધ લેખો અને વિવેચનો સામયિકોમાં દટાએલા પડ્યા છે. પરંતુ એ સર્વ કરતાં યે આગળ તરી આવતું એમનું કાર્ય તો, ઉપર કહ્યું તેમ, ભાષાશાસ્ત્રના ક્ષેત્રમાં એમણે મુંબાઇ યુનિવર્સિટી તરફથી આપેલાં 'વિલ્સન ફાઇલૉલૉજિકલ લેકચર્સ' તથા 'વસનજીમાધવજીવ્યાખ્યાનમાળા'નાં વ્યાખ્યાનો. ૧૯૧૩માં ગુજરાત પ્રાંતીય સંસારસુધારા પરિષદનું અને ૧૯૧૫માં ગુજરાતી સાહિત્ય પરિષદનું પ્રમુખસ્થાન એમને અપાએલું.

કડવું સત્ય પણ ઉગ્રપણે કહેવાની નિખાલસતા, એ જ ગુણમાંથી જન્મતી સરલતા અને એકેશ્વરવાદી નિશ્ચલ ભક્તિ એ એમના મુખ્ય ગુણ હતા. અને એ નિખાલસ, પ્રેમલ, ભક્ત હૃદય પર કુદરતના આઘાત પણ ઓછા નહોતા થયા, પુત્ર, પુત્રીઓ, દૌહિત્ર અને છેવટે પત્ની એ બધાં એમની હયાતીમાં વિદાય થયાં. એ સૌ ઘા એમણે વીરતાથી ઝીલ્યા હતા.

પશ્ચિમની ઢબની કવિતાને ગુજરાતી સાહિત્યમાં અવતારનાર નવયુગના અગ્રણી અને ઊર્મિશીલ કવિ, વિદ્વાન વિવેચક અને અપ્રતિમ ભાષાશાસ્ત્રી એ વૃદ્ધ સાક્ષરની ૭૫મી જન્મજયંતી ગુજરાતી સાહિત્ય જનતાએ ઊજવીએને ત્રીજે જ વર્ષે, ૧૯૩૭ના જાન્યુઆરીની ૧૪મી તારીખે એમનો દેહવિલય થયો.


આપણી પૃથ્વી કરતાં સૂર્યનો સમૂહ ૩,૩૨૦૦૦ ગણો છે; પણ તેનું ઘટત્વ તો પૃથ્વીના ચોથા ભાગનું જ છે.

સિકંદરના બાપ ફિલિપને એક વખત એક સૈનિક પરના આરોપની તપાસ વેળા કેસ સાંભળતાં ઝોકું આવી ગયું અને તે જાગ્યો ત્યારે સાંભળેલા મુદ્દા ભૂલી જઈ તેણે સજા ફટકારી દીધી. તે સામે પેલા સૈનિકે અપીલ માટે મંજૂરી માગતાં ફિલિપ બોલી ઊઠયો: 'મારા ચુકાદા પર અપીલ? તે તું કોની પાસે કરવાનો?' સિપાઇએ જવાબ આપ્યો: 'મહારાજ, ઊંઘતા ફિલિપ રાજાના ચુકાદા સામે જાગતા ફિલિપ રાજા પાસે હું અપીલ કરીશ; ને મને ખાત્રી છે કે તે મને ન્યાય આપશે.' શરમિંદા બની ફિલિપે ફરી તપાસ શરૂ કરી અને પુરાવા જોઇ તેને નિર્દોષ ઠરાવ્યો.

અનેકાર્થી શબ્દ : **માન**=આબરૂ; સદ્ભાવ કે આદર; અભિમાન; તોલ કે માપ; લૉગૅરીથમ માટેનો ગણિતી અર્થ.

કહેવતોના અર્થ: 'મહાજન તો માબાપ છે, પણ મારી ખીલી નહિ ખસે.' ગમે તેવી સમજાવટ છતાં પણ પોતાની જિદ્દ ન છોડનાર (અને ઘણીવાર તે માટે નુકસાન વેઠનાર) માણસોના વર્તન માટેની આ કહેવત વિષે વાત છે કે એક ગામમાં કોઇ વાણિયાએ પડોશીની જમીનમાં થોડુંક દબાણ કરી લઇ પોતાની ખીલી મારી; અને પોળવાળાઓએ, પંચે તેમજ ખુદ ગામના મહાજને પણ સમજાવતાં છતાં પોતાની જિદ્દ ન છોડતાં કહ્યે રાખ્યું કે 'આપ મહાજન મારે મન માબાપ જેવા છો, આપની આજ્ઞા મારે માનવી જોઇએ, પણ આ ખીલી બાબતમાં તો મને માફ કરો.' અંતે કોર્ટે મામલો જતાં તે હાર્યો અને નુકસાન વેઠયું. આને જ મળતી બીજી કહેવતો: 'સો તારી સમજૂતાઈ ને એક મારૂં ઊંડું;' 'તારી આવશે હદ, મારી હદ ન હઠે.'

ગણિતનાં નિશાનોનો ઉપયોગ કરીને ચાર સાતડા એવી રીતે લખો કે જેનો જવાબ ૧૦૦ થાય (જવાબ-પૃ. ૬)



એક હૉર્સપાવર એટલે?

છેલ્લા દાયકામાં હિંદુઓમાં ૧૦ ટકા, મુસલમાનોમાં ૧૩, ખ્રિસ્તીઓમાં ૩૩ અને શીખોમાં ૩૪ ટકાનો વસતિવધારો થયો છે.


OFFICIAL FIRST DAY COVER
MEN
MUNIT...
AUSTRALIA'S
WAR EFFORT
15TH JULY, 1940

યુદ્ધ માટેના પોતાના પ્રયત્નોને સ્મરણાંકિત કરતું ઑસ્ટ્રેલિયાએ ૧૯૪૦માં કાઢેલું ટપાલનું 'ઑફિશિયલ વૉર એફર્ટ કવર' (શ્રી હરિલાલ બૅંકરના સંગ્રહમાંથી)

સાપ વિષેની ખોટી વાતો

કેટલાક સાપ એટલા ઝેરીલા હોય છે કે તેમની છાયા પડવાથી અથવા તો તેઓ ફૂંક મારતાં જ માણસ મરણને શરણ થઈ જાય છે!


હરણટાળી જાતિનો સાપ ઝડપથી ઊડીને ડોક પર દંશ દે છે!

કાંડાર જાતિનો સાપ ઝેરીલો હોય છે. પાણીમાં રહેતા સાપ સાથે ભેંસની નજરોનજર મળતાં ભેંસ મરી જાય છે.

સર્પવિષધ્વંસક વનસ્પતિની નોળિયાને ખબર હોય છે!

કાળા અથવા લીલા રંગનો જબરદસ્ત કદનો સાપ ઘણો ઝેરીલો હોય છે!

(વસ્તુસ્થિતિ એમ છે કે રંગને અને ઝેર હોવાને મૂળમાં કંઇ જ સંબંધ નથી. પાણીમાં રહેતો સાપ જબરદસ્ત તથા પીળા વર્ણનો હોય છે પરંતુ તેનામાં લેશપણ વિષ હોતું નથી.)




વાઘ, સાબર, હાથી વગેરેનો અઠંગ શિકારી પોતાના શિકારનાં સ્મરણતરીકે સાચવી રાખેલાં માથાં મહેમાનને બતાવતો બતાવતો એક ઉંદરનું માથું બતાવી: 'આ છેલ્લો શિકાર મને રસોડાના કબાટમાંથી મળ્યો હતો.'


જર્મનસિલ્વર નામે ઓળખાતી ધાતુ ગ્રિટનર નામના જર્મને બનાવી છે, પણ તેમાં રૂપાનું નામનિશાન નથી.

નીકોબાર ટાપુઓની વતની સ્ત્રીઓ પોતાનાં માથાં બોડાવી નાખે છે.

૧૪થી ૧૯ની વય સુધીના તરુણોને પ્રૌઢો કરતાં વધુ ખોરાકની જરૂર પડે છે.



પ્રાચીન-પૂજા
કલાકાર : શ્રી પી. આર. રૉય



દિવંગત ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુર

એમની હમેશની લખવાવાંચવાની ઢબમાં એમના અવસાન પૂર્વે થોડા જ દિવસે લેવાએલી તસ્વીર

ફોટો · નવીન ગાંધી